जन्म समवाप्य कुलबन्धुविभवरूपबलबुद्धिसंपन्नः ।
श्रद्धासम्यक्त्वज्ञानसंवरतपोबलसमग्रः ॥ ३०० ॥

पुर्वोक्तभावनाभावितान्तरात्मा विधूतसंसारः ।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

सेत्स्यति ततः परं वा स्वर्गान्तरितस्त्रिभवभावात्॥३०१॥
यश्चेह जिनवरमते गृहाश्रमी निश्चितः सुविदितार्थः।
दर्शनशीलव्रतभावनाभिरभिरञ्जितमनस्कः ॥ ३०२ ॥
स्थूलवधानृतचौर्यपरस्त्रीरत्यरतिवर्जितः सततम्।
दिग्व्रतमूर्ध्वं देशावकाशिकमनर्थविरतिं च ॥ ३०३ ॥
सामायिकं च कृत्वा पौषधमुपभोगपारिमाण्यं च।
न्यायागतं च कल्प्य विधिवत्पात्रेषु विनियोज्यम्॥३०४॥
चैत्यायतनप्रस्थापनानि च कृत्वा शक्तितः प्रयतः।
पूजाश्च गन्धमाल्याधिवासधूपप्रदीपाद्याः ॥ ३०५ ॥
प्रशमरतिनित्यतृषितो जिनगुरुसाधुजनवन्दनाभिरतः।
संलेखनां च काले योगेनाराध्य सुविशुद्धाम्॥३०६॥
प्राप्तःकल्पेष्विन्द्रत्वं वा सामानिकत्वमन्यद्वा।
स्थानमुदारं तत्रानुभूय च सुखं तदनुरूपम् ॥ ३०७॥
नरलोकमेत्य सर्वगुणसंपदं दुर्लभां पुनर्लब्ध्वा ॥
शुद्धः स सिद्धिमेष्यति भवाष्टकाभ्यन्तरे नियमात्३०८
इत्येवं प्रशमरतेः फलमिह स्वर्गापवर्गयोश्च शुभम्।
संप्राप्यतेऽनगारैरगारिभिश्चोत्तरगुणाढ्यैः ॥ ३०९ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जिनशासनार्णवादाकृष्टां धर्मकथिकामिमां श्रुत्वा ।
रत्नाकरादिव जरत्कपर्दिकामुद्धृतां भक्त्या ॥३१०॥
सद्भिर्गुणदोषज्ञैर्दोषानुत्सृज्य गुणलवा ग्राह्याः ।
सर्वात्मना च सततं प्रशमसुखायैव यतितव्यम्॥३११॥
यच्चासमंजसमिह छन्दःशब्दसमयार्थतो ऽभिहितम् ।
पुत्रापराधवन्मम मर्षयितव्यं बुद्धैः सर्वम् ॥३१२॥
सर्वसुखमूलबीजं सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।
सर्वगुणसिद्धिसाधनधनमर्हच्छासनं जयति ॥३१३॥

॥ प्रशमरति प्रकरणं समाप्तमिति ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ॐ नमः सिद्धं.

अथ श्री प्रशमरति प्रकरणानुवादः

प्रशमस्थेनयेनेयं । कृता वैराग्य पद्धतिः ।
तस्मै वाचकमुख्याय । नमो भूतार्थभाषिणे १

જેની આદિમાં નાભી રાજાના પુત્ર રૂષભ દેવ છે અને અંતમાં સિદ્ધાર્થ રાજાના પુત્ર વર્દ્ધમાન જિન છે એવા ચરમ શરીરી પાંચ, નવ, અને દશ એટલે ચોવીશ જિનો ક્ષમાદિક દશવિધ ધર્મવિધિને જાણનારા જયવંતા વર્તે છે. ૧

અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સર્વ મુનિજનોને પ્રણામ કરીને વૈરાગ્ય રસની દૃઢતાને માટે શ્રી જિનશાસનના આધારે કંઇક કહીશ. ૨

યદ્યપિ અનંત ગમ, પર્યય, અર્થ, હેતુ, નય અને શબ્દરૂપ રત્નોથી ભરપૂર એવા સર્વજ્ઞ શાસન નગરમાં અબહુશ્રુતવડે પ્રવેશ પામવો દુષ્કર છે, તોપણ શ્રુતજ્ઞાનના અભ્યાસ થકી ઉત્પન્ન થએલી બુદ્ધિની સંપદાથી હીન છતાં મારી અલ્પ શક્તિનો વિચાર કર્યા વિના ભીખારી જેમ ધાન્યના કણિયા શોધવાને માટે નગરમાં પ્રવેશ કરવાને ઇચ્છે તેમ હું પણ સર્વજ્ઞ શાસન પુરમાં પ્રવચન અવયવોને એકઠા કરી લેવા માટે પ્રવેશ કરવા ઇચ્છું છું. ૩-૪

જિનવચન મહોદધિને પાર પામેલા એવા મહામતિવંત અનેક કવિવરોએ પૂર્વે વૈરાગ્ય રસ ઉત્પાદક અનેક શાસ્ત્ર રચનાઓ કરેલી છે. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તેઓમાંથી નિકળેલી, શ્રુત ગ્રંથોને અનુસરનારી અને પ્રવચન સિદ્ધાન્તનો આશ્રય કરનારી તથા પરંપરાગત એવી કેટલીએક જિનવાણી ને રંકની જેમ યથામતિ એકઠી કરીને તેની અંદર ભકિતના બલથી અર્પણ કરેલી અનિર્મળ અને અલ્પ એવી સ્વમતિ શક્તિવડે શાન્ત વૈરાગ્ય રસની ઇચ્છાથી આ એક વૈરાગ્ય માર્ગની પગદંડીરૂપ પ્રસ્તુત ગ્રંથરચનાને મેં અનુસરી છે. ૬–૭

જો કે આમાં પ્રબલ યુક્તિઓ અને અતિ ગંભીર ભાવાર્થ નથી તોપણ અનુકંપાશીલ સજ્જન પુરૂષોએ મારા ઉપર અનુગ્રહ કરવો. ૮

દોષ–મલીનમાંથી પણ સજ્જન પુરૂષો ગુણ માત્ર ગ્રહણ કરવામાં દક્ષ હોય છે, તેનું સહજ સુબુદ્ધિ પુરૂષ પણ બીજું શું કારણ બતાવી શકશે? ૯

સજ્જન પુરૂષોએ સ્વીકાર કરેલ કંઇ પણ પ્રસિદ્ધિને પામે છે, જુઓ પૂર્ણચંદ્રને વિષે રહેલો મલીન એવો પણ હરણીઓ પ્રસિદ્ધિને પામતો નથી? ૧૦

જેમ બાળકના કાલા કાલા બોલ માતાપિતાની પાસે શોભે છે તેમ સજ્જન સમીપે કહેલું ગાંડું ઘેલું પણ વચન લેખે લાગે છે. ૧૧

તીર્થંકર મહારાજાએ પ્રરૂપેલા અને તેમના ગણધરાદિકે વિશેષે વિવેચેલા જે ભાવો છે તેમનું વારંવાર અનુકીર્તન કરવું તે તેની પુષ્ટિને અર્થેજ છે. ૧૨

જેમ વિષ ઉતારવાને મંત્રપદો વારંવાર ઉચ્ચારતાં દોષ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નથી તેમ રાગવિષ ઉતારનાર અર્થપદને વારંવાર કહેતાં પુનરૂકત દોષ નથી. ૧૩

જેમ વ્યાધીના નાશના માટે પ્રથમ વાપરેલું ઔષધ બીજી વાર પણ વપરાય છે તેમ રાગ રોગને હરનાર અર્થ પદ પણ વારંવાર ઉપયોગમાં લઇ શકાય. ૧૪

જેમ લોકો આજીવિકાને માટે તેને તે ધંધો (રોજગાર) વારંવાર કરે છે તેમ વૈરાગ્યનાં કારણ પણ પુનઃ પુનઃ સેવવાં જરૂરનાં છે. ૧૫

જે જે ભાવવડે કરીને વૈરાગ્યવાસના દૃઢ થાય તે તે ભાવમાં તન મન વચનથી અભ્યાસ કરવો યોગ્ય છે. ૧૬

" वैराग्यनां बीजां नामो. "

મધ્યસ્થતા, વૈરાગ્ય, વિરાગતા, શાન્તિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય, કષાયવિજય, એ સર્વે વૈરાગ્યના પર્યાય છે. ૧૭

" रागनां बीजां नामो. "

ઈચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગૃદ્ધતા, મમત્વ, અભિનંદ અને અભિલાષ એવા અનેક રાગના પર્યાય વચનો છે. ૧૮

" द्वेषनां बीजां नामो. "

ઈર્ષ્યા, રોષ, દોષ, દ્વેષ, પરિવાદ, મત્સર, અસૂયા, વૈર, પ્રચંડન એ આદિ અનેક દ્વેષનાં પર્યાય વચનો છે. ૧૯

" कषाय वक्तव्यता, "

રાગદ્વેષથી વ્યાપ્ત, મિથ્યાત્વથી મલીન થયેલી કલુષિત બુદ્ધિ-દૃષ્ટિવડે પંચાશ્રવરૂપ અતિશય મળને લીધે આર્ત્ત રૌદ્ર-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ધ્યાનના તીવ્ર પરીણામ વાળો, કાર્યાકાર્ય વિનિશ્ચય અને સંધ્યા ક્લેશ વિશુદ્ધિ લક્ષણોથી મૂઢ, આહાર, ભય, મૈથુન અને પરીગ્રહ સંજ્ઞા રૂપ ક્લેશ ગ્રસ્ત, આઠ પ્રકારના ક્લિષ્ટ કર્મના નિકાચિત બંધનથી ભારે થયેલો, સેંકડો ગતિને વિષે જન્મ મરણવડે નિરંતર બહુ પ્રકારના પરિભ્રમણવડે ભમેલો, હજારો ગમે અવિચ્છિન્ન દુઃખવડે અત્યંત ભારાક્રાંત થવાથી દુર્બળ, કરૂણાજનક સ્થિતિવાળો, અને વિષયસુખની તૃષાવાળો એવો (દીન દુઃખી) કષાયી કહેવાય છે. ૨૦–૨૩

"कषाय चतुष्क."

અતિ દુર્જય એવા ક્રોધ, માન, માયા અને લોભવડે કરીને વીંટાયેલો પ્રાણી જે જે અનર્થને પામે છે તેને કથન કરવાને પણ કોણ સમર્થ છે? ૨૪

ક્રોધ વડે કરીને પ્રીતીનો વિનાશ થાય છે, માનથી વિનયનો ઉપઘાત થાય છે, માયાથી વિશ્વાસનો લોપ થાય છે અને લોભથી સર્વ ગુણનો વિનાશ થાય છે. ૨૫.

ક્રોધ સર્વને પરિતાપ કરનાર, ઉદ્વેગ કરનાર, વૈર ભાવને ઉત્પન્ન કરનાર અને સદ્દગતિનો નાશ કરનાર છે. ૨૬

શાસ્ત્ર, શીલ અને વિનયને દુષણરૂપ, ધર્મ, અર્થ, અને કામને વિઘ્નરૂપ એવાં માનને 'કોણ પંડિત પુરૂષ એક મુહૂર્ત્ત માત્ર પણ અવકાશ આપે? ૨૭

જો કે માયાવિ પુરૂષ કાંઇ પણ અપરાધ ન કરે તો પણ સ્વાભાવિક દોષથી હણાયેલા સર્પની જેમ તે વિશ્વાસપાત્ર થતો નથી. ૨૮

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સર્વ વિનાશના આશ્રય સ્થાનરૂપ અને સર્વ દુઃખના મુખ્ય માર્ગરૂપ લોભને વશ થયેલો કયો માણસ એક ક્ષણ પણ સુખને પામી શકે ? ૨૯

એવી રીતે ક્રોધ, માન, માયા અને લોભ દુઃખદાઇ હોવાથી જીવોને ચાર ગતિરૂપ સંસારના વિષમ માર્ગે દોરનાર છે. ૩૦

આ કષાયોનું મૂળ કારણ અહંકાર અને મમકારરૂપ પદંનું જોડલું છે, રાગ અને દ્વેષ પણ તેનાંજ બીજાં નામ છે. ૩૧

માયા અને લોભરૂપ કષાય એ રાગની સંજ્ઞા છે, તથા ક્રોધ અને માન એ દ્વેષની સંજ્ઞા સંક્ષેપમાં કહેલ છે. ૩૨

મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ–યોગ એ રાગદ્વેષનું બલ છે, તેની સ્હાયથી તે રાગદ્વેષ આઠ પ્રકારના કર્મબંધનાં હેતુ થાય છે. ૩૩

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય; એવી રીતે તે મૂળ કર્મબંધ અષ્ટ વિધ છે. ૩૪

પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાળીશ, બે, અને પાંચ ભેદ અનુક્રમે મેળવતાં તેના ઉત્તર ભેદ સત્તાણું થાય છે. ૩૫

આ પ્રકૃતિ સ્થિતિ, અનુભાવ અને પ્રદેશ વડે કરીને અનેક પ્રકારે છે, તથા તીવ્ર મંદ અને મધ્યમ એવી રીતે તેનો બંધ અને ઉદય વિશેષ હોય છે. ૩૬

તેમાં પ્રદેશબંધ મન, વચન અને કાયના યોગે કરીને થાય છે, કષાયના વશથી તેનો અનુભાગ (રસ) બંધ પડે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

છે, અને લેશ્યાના તારતમ્ય વડે કરીને સ્થિતિબંધનું નિર્માણ થાય છે. ૩૭

તે (લેશ્યાઓ) કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ અને શુકલ નામે છે, અને તે ચિત્રકામમાં સરેસ (શ્લેષ)ની પેઠે કર્મબંધની સ્થિતિને કરનારી છે. ૩૮

કર્મોદયથી ભવભ્રમણ, અને ભવભ્રમણથી શરીરનુ નિર્માણ, શરીર થકી ઇંદ્રિયજન્ય વિષયો, અને વિષય નિમિત્તથી સુખ દુઃખ પ્રવર્તે છે. ૩૯

દુઃખનો દ્વેષી અને સુખનો અભિલાષી, મોહાન્ધપણાથી ગુણ દોષને નહીં દેખતો જે જે ચેષ્ટા કરે છે તે તે વડે દુઃખ પામે છે. ૪૦

મનોહર અને મધુર એવી ગાંધર્વની વીણા અને સ્ત્રીઓના આભૂષણના અવાજ વિગેરેથી શ્રોત્રઇંદ્રિયમાં લીન હૃદયવાળો જીવ હરિણની પેરે વિનાશને પામે છે. ૪૧

ગતિ, વિલાસ, ઇંગિતાકાર, હાસ્ય, લીલા અને કટાક્ષથી વિહ્વળ થએલો અને વિચિત્ર રૂપમાં લીન ચક્ષુવાળો જીવ પતંગની જેમ પરવશ થઈ પ્રાણ તજે છે. ૪૨

સ્નાન, વિલેપન, ગંધવર્તિ, વર્ણક, (રંગ) ધૂપ, ખુશબો તથા પટવાસ વડે કરીને ગંધભ્રમિત મનવાળો પ્રાણી મધુકરની પેરે વિનાશ પામે છે. ૪૩

મિષ્ટાન્ન, પાન, માંસ, ઓદન આદિ મધુર રસના વિષયમાં ગૃદ્ધ થયેલો આત્મા ગલયંત્રમાં ફાંસાથી વિંધાયેલા માછલાની પેઠે વિનાશને પામે છે. ૪૪

શયન, આસન, અંગમર્દન, રતિક્રીડા, સ્નાન અને અનુ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

લેપનમાં આસક્ત થયેલો મૂઢાત્મા સ્પર્શ ઇંદ્રિયના વિષયમાં મુંઝાઇને ગજેન્દ્રની પેરે બંધનને પામે છે. ૪૫

એવી રીતે જેમની શીષ્ટ જનોને ઇષ્ટ એવી દૃષ્ઠિ અને ચેષ્ટા પ્રણુષ્ટ થઈ છે એવા ઇંદ્રિયોને પરવશ પડેલા પ્રાણીઓના અનેક દોષો બહુ રીતે બાધાકારી થાય છે. ૪૬

એકેક ઇંદ્રિયની વિષયાસક્તિથી રાગ દ્વેષાતુર થયેલા તે પ્રાણીઓ વિનાશને પામ્યા છે તો પાંચે ઇંદ્રિયોના વિષયોને પરવશ પડેલા મોકળા માનવીનું તો કહેવુંજ શું ? ૪૭

એવો કોઇ ઇંદ્રિયનો વિષય નથી કે જેના ચિર પરિચયથી નિત્ય તરશી અને અનેક માર્ગે ધાવતી ઇંદ્રિયો તૃપ્તિને પામી શકે. ૪૮

કોઈ શુભ વિષય પણ પરિણામ વશાત્ પાછો અશુભ થાય છે, અને કોઈ એક વિષય અશુભ છતાં પણ કાલાંતરે પાછો શુભ થાય છે. ૪૯

કારણ વશે જેમ અને જ્યાં જે જે પ્રયોજન ઉત્પન્ન થાય છે તેવી રીતે ત્યાં તે વિષય શુભ અથવા અશુભ કહેવાય છે. ૫૦

અનેરાઓને જે વિષય પોતાના અભિપ્રાયથી તુષ્ટીકારી હોય છે તે વિષયનેજ સ્વમતિ તરંગમાં ઝીલતા બીજા બહુ ધિક્કારે છે. ૫૧

તેજ વિષયોને ધિક્કારનાર અને તેજ વિષયોને અત્યંત આદર આપનારને નિશ્ચયથી કંઇ પણ ઇષ્ટ કે અનિષ્ટ (સંભવતું) નથી. ૫૨

રાગદ્વેષથી પરાભવ પામેલા જીવને કેવળ કર્મબંધજ થા-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ય છે પણ આ લોક કે પરલોકમાં કલ્યાણકારી થાય એવો અ-લ્પ પણ ગુણ થતો નથી. ૫૩

જે ઇંદ્રિયના વિષયમાં શુભ કે અશુભ ભાવ સ્થાપન કરે છે તે રાગયુક્ત અથવા દ્વેષયુક્ત હોવાથી તેને બંધનકારી થાય છે. ૫૪

તેલ ખરડ્યા શરીરવાળાનું ગાત્ર જેમ ધૂળથી ખરડાય છે તેમ રાગદ્વેષથી અત્યંત ખરડાયેલાને કર્મબંધ થાય છે. ૫૫

પ્રમાદના સહચારી એવા રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ અને અવિરતિથીજ એવી રીતે કર્મ ગ્રહણ થાય છે. ૫૬

સંસાર કર્મમય છે, અને દુઃખનું કારણ સંસાર છે માટે રાગ દ્વેષાદિક સંસારસંતતિનાં મૂળ છે. ૫૭

અપ્રમત્ત અને શાન્ત–વૈરાગ્યયુક્ત (મહાપુરૂષ) આ દોષના મ્હોટા સંચયની જાળ ગમે એવી નિવીડ હોય તોપણ તેને સમસ્ત રીતે ઉખેડી નાખવાને સમર્થ થાય છે. ૫૮

આનું મૂળ કારણ જાણીને તેનો ઉચ્છેદ કરવાને ઉદ્યમવંત, દર્શન, ચારિત્ર, તપ, સ્વાધ્યાય અને ધ્યાનયુકત, હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને મમત્વ રહિત, નવ કોટી શુદ્ધ નિર્દોષ આ-હાર માત્રથી સંયમ પાળનાર, જિન સર્વજ્ઞ ભાષિત સિદ્ધાન્તને ભાવનાર, લોક તત્ત્વના જાણ, અઢારહજાર શીલાંગનાધોરી, અ-પૂર્વ પરીણામને પ્રાપ્ત થયેલ, શુભભાવના અધ્યવસાય યુકત, આ ગમમાં અન્યોન્ય એક બીજાથી અધીક રહસ્યને જોનાર, વૈરા-ગ્ય માર્ગમાં લીન, સંસારવાસથી ઉભગેલ અને આત્મહિતને સાટે ઉજમાળ થયેલ (ભાગ્યવંત) ને આવી શુભ ચિન્તા ઉ-ત્પન્ન થાય છે. ૫૯–૬૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કોટી ભવે પણ પામવો દુર્લભ એવો મનુષ્યભવ પામીને આ શો પ્રમાદ !! ગયેલી તક ઇંદ્રને પણ પાછી મળતી નથી. ૬૪

આરોગ્ય, આયુષ્ય, બલ અને લક્ષ્મી આદિ ચપળ છે, ધર્મને વિષે વિર્ય ઉત્સાહ અસ્થાયી છે (નિયત નથી). માટે તે પામીને હિતકાર્યમાં મ્હારે સર્વથા ઉદ્યમ કરવો જોઈએ. ૬૫

શાસ્ત્રના જાણપણા વિના હિત થતું નથી અને વિનય વિના શાસ્ત્રજ્ઞાન થતું નથી. માટે શાસ્ત્રજ્ઞાનના અભિલાષીએ વિનીત થવું જોઇએ. ૬૬

કૂળ, રૂપ, વચન, યૌવન, ધન, મિત્ર અને ઐશ્વર્ય સંપત્તિ પુરૂષોને વિદ્યમાન છતાં વિનય, વૈરાગ્ય વિરહિત તે (સંપત્તિ) નિર્જળ નદીની પેરે શોભતી નથી. ૬૭

શ્રુત શીળની મૂળ કસોટીરૂપ અત્યંત વિનયવંત જેવો શોભે છે તેવો મહા મૂલ્યવાળા વસ્ત્ર, આભરણથી અલંકૃત થએલો શોભતો નથી. ૬૮

જે કારણ માટે સર્વ શાસ્ત્રારંભ ગુર્વાધીન છે તે કારણ માટે આત્માર્થી જીવે ગુરૂમહારાજનું આરાધન કરવા તત્પર થવું. ૬૯

અહિત તાપને શમાવનાર ગુરૂમુખ મલયથી નીકળેલા વચનરૂપ સરસ ચંદનનો સ્પર્શ કોઈ ધન્ય કૃતપુણ્યને થાય છે. ૭૦

આ લોકને વિષે માતા, પિતા, સ્વામી અને ગુરૂનો બદલો વાળવો બહુ મુશ્કેલ છે તેમાં પણ ગુરૂમહારાજના ઉપકારનો બદલો તો આ લોકને પરલોકમાં અત્યંત મુશ્કેલીથી વળી શકે છે. ૭૧

વિનયનું ફળ શુશ્રૂષા (સાંભળવાની ઇચ્છા) રૂપ છે. ગુરૂની શુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન છે, જ્ઞાનનું ફળ વિરતિ (સંયમ)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રૂપ છે અને સંયમનું ફળ આશ્રવ નિરોધ (સંવર) રૂપ છે. ૭૨

સંવરનું ફળ તપોબળ છે અને તપનું ફળ નિર્જરા (દેશથી કર્મક્ષય) જણાવેલું છે, તેથી ક્રિયાની નિવૃત્તિ અને ક્રિયાનિવૃત્તિથી અયોગિપણુ (યોગ નિરોધ) થાય છે. ૭૩

યોગ નિરોધથી ભવની પરંપરાનો ક્ષય અને ભવ પરંપરાના ક્ષયથી મોક્ષ થાય છે, તે માટે સર્વ કલ્યાણનું સ્થાન વિનય છે. ૭૪

વિનય શૂન્ય મનવાળા અને ગુરૂ, વિદ્વાન તથા સાધુઓનો પરાભવ કરનારા, રંચમાત્ર વિષયની પ્રાપ્તિથી અજરામરવત્ નિર્ભય બનેલા, રસગારવ, રિદ્ધિગારવ, અને શાતાગારવથી આગળ પાછળનો વિચાર નહીં કરનારા અને વર્તમાન સુખનેજ જોનારા કેટલાએક પુરૂષો મોહથી માંસલોલુપી સમુદ્રવાયસની પેરે વિનાશને પામે છે. ૭૫–૭૬

તેઓ ખરા હેતુ અને દૃષ્ટાન્તથી સિદ્ધ, અવિરૂદ્ધ, અજર અને અભયકારી એવું સર્વજ્ઞ પ્રભુની વાણીરૂપ રસાયન સમીપ છતાં આદરતા નથી. ૭૭

'मदाष्टक'

જેમ કોઇ પિત્ત પ્રકોપથી વિપરીત મતિવાળો મધ અને સાકરથી સારી રીતે સંસ્કારેલ મનોહર ક્ષીરભોજનને કડવું લેખે છે, તેમ રાગદ્વેષના ઉદયથી ઉદ્ધત–ઉન્મત્ત બનેલા જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વલ્લભતા અને શ્રુતમદથી અંધ થયેલા નામર્દો નિશ્ચયે કરીને મધુર તથા અનુકંપાએ કરીને ઉત્તમ પુરૂષોએ ઉપદેશેલાં હિતકારી સત્ય વચનોને અણઆ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

દરતા આલોક તથા પરલોકમાં હિતકારી માર્ગને પણ જોઇ શકતા નથી. ૭૮-૭૯-૮૦

સંસાર પરિભ્રમણ કરતાં લાખો, કરોડો જાતિમાં હીન, ઉત્તમ અને મધ્યમપણું પ્રાપ્ત થતું જાણીને કોણ ડાહ્યો માણસ જાતિમદ કરે ? ૮૧

કર્મના વશથી પ્રાણીઓ જુદી જુદી ઈંદ્રિયોની રચનાપૂર્વક જુદી જુદી જાતિમાં ઉત્પન્ન થાય છે તો કોની કઇં ગતિ શાશ્વતી જાણવી ? ૮૨

વિશાળ કુળમાં ઉત્પન્ન થયા છતાં રૂપ, બળ, શ્રુત, મતિ, શીલ અને લક્ષ્મી રહિત દેખીને નિશ્ચે કુળમદ પરિહરવા યોગ્ય છે. ૮૩

જેનું શીલ (ચરિત્ર) અશુદ્ધ છે તેને કુળમદ કરવાનું શું પ્રયોજન છે ? તેમજ આત્મગુણથી વિભૂષિત શીલવંતને પણ કુળમદનું શું પ્રયોજન છે ? ૮૪

શુક્ર (વીર્ય) અને શોણિત (રૂધિર) થી ઉત્પન્ન થયેલા નિરંતર વૃદ્ધિ અને હાનીને પામતા અને રોગ તથા જરાથી ક્ષીણ થતા રૂપને મદનો અવકાશ કયો છે ? ૮૫

નિત્ય સંસ્કાર કરવા યોગ્ય, ત્વચા અને માંસથી આચ્છાદિત, મળથી પૂર્ણ તથા નિશ્ચે કરી વિનાશશીલ એવા રૂપને વિષે મદ શામાટે કરવો ? ૮૬

જે કારણ માટે બળવાન્ માણસ પણ ક્ષણમાત્રમાં નિર્બળતાને પામે છે અને બળહીન પણ સંસ્કારયોગે ફરી બળવાન્ થાય છે તેથી બુદ્ધિના બળે શરીરનું અનિયત બળ સમ્યગ્

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વિચારી અને મૃત્યુના બળ પાસે પોતાની નિર્બળતા જાણી બળનો પણ મદ કરવો નહીં. ૮૭-૮૮

ક્ષયોપશમાનુસારે અનિત્ય એવા લાભાલાભને જાણીને અલાભમાં ઉદ્વેગ અને લાભમાં વિસ્મય ન કરવો. ૮૯

પારકી શકિત અને મહેરબાની યોગે કંઇ પણ ઉપભોગ યોગ્ય મ્હોટા લાભવડે કરીને પણ મુનિવરો મદ કરતા નથી. ૯૦

ગ્રહણ કરવું, બોધ આપવો, નવી રચના કરવી, વિચારણા અને અર્થ ધારણાદિ અનંતગુણ વૃદ્ધિવાળા બુદ્ધિના ભેદો વિદ્યમાન છતે પૂર્વ મહાપુરૂષોના સમુદ્ર સમાન વિજ્ઞાનાતિશયને સાંભળીને આધુનિક પુરૂષો પોતાની બુદ્ધિથી કેમ મદ કરી શકે ? ૯૧-૯૨

ભીખારીની જેમ અન્ય જનોની ઉપકાર નિમિત્તે ખુશામત કરીને જે પ્રીતી મેળવાય તે વડે મદ શો કરવો ? ૯૩

પરની કૃપારૂપ વલ્લભતાવડે કરીને જે ગર્વ કરે તે વલ્લભતા નાશ પામે છતે અત્યંત શોકને પ્રાપ્ત થાય છે. ૯૪.

માષતુષ મુનિનું આખ્યાન અને શ્રુતજ્ઞાનના ભેદની પ્રરૂપણા તેમ જ શ્રી સ્થુલિભદ્ર મુનિની અતિ વિસ્મયકારી વિક્રિયા સાંભળીને સત્સંગ અને અભ્યાસવડે સુલભ, ચરણકરણનું સાધક એવું સર્વ મદને હરનારૂં શ્રુતજ્ઞાન મેળવીને તે જ શ્રુતજ્ઞાનથી મદ કેમ કરવો ? ૯૫ ૯૬

આ મદ સ્થાનકોમાં નિશ્ચે કરીને જોતાં કોઇ પણ ગુણ જણાતો નથી કિંતુ કેવળ સ્વહૃદયનો ઉન્માદ અને સંસારવૃદ્ધિ એજ ફળ માલૂમ પડે છે. ૯૭.

જાતિ આદિથી મદોન્મત્ત થયેલો આ ભવને વિષે પિશા-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચની પેરે દુઃખી થાય છે અને પરભવને વિષે જરૂર જાત્યાદિકની ન્યૂનતા પામે છે. ૯૮.

સર્વ મદસ્થાનકોને મૂળથી ઉખેડી નાખવાના કામી મુનિઓએ આત્મઉત્કર્ષ અને પરાપકર્ષ સદા સર્વથા ત્યજવો જોઇયે. ૯૯.

પરનો પરાભવ, પરની નિંદા, તેમજ આત્મોત્કર્ષ કરવાથી અનેક કોટી ભવે છૂટી ન શકે એવું નીચગોત્રકર્મ ભવે ભવે બંધાય છે. ૧૦૦.

કર્મોદયથી નિર્માણ થયેલું મનુષ્યોનું હીન ઉત્તમ અને મધ્યમપણું તેમજ યોનિવિશેષના ભેદથી વ્હેંચાએલું તીર્યંચોનું તેવુંજ હીનોત્તમ મધ્યમપણું સંભવે છે. ૧૦૧.

દેશ, કુળ, દેહ, વિજ્ઞાન, આયુષ્ય, બળ, ભોગ અને લક્ષ્મીનું વિષમપણું જોઇને વિદ્વાન પુરૂષોને આ ભવસંસારને વિષે કેમ રતિ થઇ શકે? ૧૦૨.

જે કારણ માટે પાંચે ઇંદ્રિયોના બળ આગળ નિર્બળ થએલો અને રાગદ્વેષના ઉદયથી નિયંત્રિત થયેલો, ગુણ દોષને નહી સમજી શકેલો જીવ સ્વપર ઉભયને બાધકભૂત થાય છે. ૧૦૩.

તે કારણમાટે રાગદ્વેષનો ત્યાગ કરવાને અને પાંચે ઇંદ્રિઓના બળને નિર્બળ કરવાને તેમ જ શુભ પરીણામને ટકાવી રાખવાને યત્ન કરવો જોઇએ. ૧૦૪.

અનિષ્ટ વિષયને અભિલષતા ભોગીને તેવા વિષય થકી વિયોગ થાય માટે અતિ વ્યાકુળ હૃદયવાળાએ પણ નિશ્ચે કરી આગમનો અભ્યાસ–પરિચય કરવો જોઇયે. ૧૦૫.

પ્રારંભમાં અતિ અભ્યુદયવાળા, મધ્યમાં શૃંગાર, હાસ્ય

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અને દીપ્ત રસવાળા અને અંતમાં બિભત્સ, કરૂણા, લજ્જા અને ભયવાળા વિષયો છે. ૧૦૬.

યદ્યપિ વિષયો બહુપેરે શોધ્યાથકા મનને તુષ્ટિકારી લાગે છે તોપણ કિંપાકફળના ભક્ષણની પેરે પાછળથી અતિ દુઃખદાયક નિવડે છે. ૧૦૭.

જેમ અઢાર જાતના શાક યુક્ત અન્ન મિષ્ટાન્નપાનની પેરે મધુર છતાં વિષ સંયુક્ત ખાધું થકું તે છેવટ પરીણામે વિનાશકારી થાય છે. ૧૦૮.

તેમ સામગ્રીયુક્ત રમ્ય રાગ રસથી સેવેલા વિષયો સેંકડો ભવ પરંપરામાં પણ દુઃખના અનુભવની પરંપરાને વધારે છે. ૧૦૯.

અનિશ્ચિત એવું પણ મરણ જોતાજોતામાં ડગલે ડગલે નિશ્ચિત થતું જોઇને જેમને વિષયોને વિષે રતિ થાય છે તેમને મનુષ્યજ ન ગણવા. ૧૧૦.

મનને અનુકૂલ વિષયોને વિષે બમણો અનુગ્રહકારી અને નિષ્પાપ એવો વિષય પરીણામ નિયમ નિત્યપ્રતિ સારીરીતે ચિંતવવો. ૧૧૧.

ગુણદોષના વિપર્યાસથી વિષયમૂર્છિત થયેલા આત્માનું, ભવભ્રમણથી ભય પામેલા ભવ્ય જનોએ આચાર ચિંતનવડે સમસ્ત પ્રકારે રક્ષણ કરવું. ૧૧૨.

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ એ પાંચ પ્રકારનો સાધુનો આચાર જિનેશ્વરોએ કહેલો સમ્યગ્ રીતે અનુસરવો ૧૧૩.

પૃથ્વ્યાદિ છ જીવનિકાયની રક્ષા, ગૃહસ્થ સંબંધી ગૌરવનો ત્યાગ, શીતોષ્ણાદિ બાવીસ પરીસહોનો જય, નિશ્ચળ સમકિત સંસાર થકી ત્રાસ, કર્મક્ષય કરવાનો નિપુણ ઉપાય, વૈયાવચ્ચમાં ઉદ્યોગ, તપોવિધાન, સ્ત્રી સંસર્ગનો ત્યાગ, વિધિથી ભીક્ષાગ્રહણ,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સ્ત્રી, પશુ પંડગ રહિત શય્યા (વસતી), ઇર્યાશુદ્ધિ ભાષા શુદ્ધિ, વસ્ત્ર પાત્ર, એષણા અને અવગ્રહ શુદ્ધિ,[1] સ્થાન, નિષદ્યા, વ્યુત્સર્ગ (મળ શુદ્ધિ) શબ્દ, અને રૂપમાં અનાસક્તિ, પરક્રિયા,[2] અન્યોન્ય ક્રિયા,[3] પંચમહાવ્રતમાં દૃઢતા, અને સર્વસંગથી વિરક્તતા, આવો સાધુનો આચાર અઢાર હજાર પદ યુક્ત 'આચારાંગ' માં કહ્યા મુજબ સમ્યગ્ રીત્યા પાળ્યો છતો રાગાદિક દોષોને મૂળથી હણે છે. ૧૧૪—૧૧૮.

આચાર અધ્યયનમાં (આચારાંગમાં) કહેલા અર્થની ભાવના મુજબ આચરણ કરવામાં સાવચેત રહેતા મુનિનો કોઇ પણ કાળે પરાભવ થઇ શકતો નથી. ૧૧૯.

પૈશાચિકાખ્યાન (ભૂતવાર્તા) અને કુળવધુનું રક્ષણ થયેલું સાંભળીને સંયમ વ્યાપારથી આત્માને સદા સાવધાન (ઉદ્યમી) રાખવો. ૧૨૦.

મનુષ્યોની સર્વ રિદ્ધિઓ ક્ષણમાં બદલાઇ જાય એવી છે, અને સર્વે સંયોગો અંતે વિયોગવાળા હોવાથી શોકજનક છે, તો અનિત્ય, ભયથી ભરેલાં, અભીલષેલાં, અને પરાધીન એવાં વિષયસુખથી સર્યું. નિત્ય, નિર્ભય, અને સ્વાધીન એવા શાન્ત રસને માટે જ પ્રયત્ન કરવો. ૧૨૧—૧૨૨.

પોતાના વિષયને મેળવવા આતુરતાવાળી ઇંદ્રિઓને સંતુષ્ટ કરવાને જેટલો પ્રયત્ન કરાય છે તેટલો પ્રયત્ન કપટરહિત તેનો જય કરવાને આચરવો શ્રેષ્ઠ છે. ૧૨૩.

૧, કાયોત્સર્ગરૂપ, ૨, અન્ય જે સેવા ચાકરી કરે તે વિષે. ૩. પરસ્પર સહાય કરે તે વિષે (તત્સંબંધી ક્રિયા).

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સર્વ વિષયની સ્પૃહાથી ઉત્પન્ન થતું જે સુખ રાગાતુર મેળવે છે તેથી અનંત કોટિગણું સુખ વિરાગી માણસ સહજમાં મેળવે છે. ૧૨૪.

ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગની ચિંતાથી ઉત્પન્ન થતું જે દુઃખ સરાગી પામે છે તેનો સ્પર્શમાત્ર પણ વિરાગીને થતો નથી. ૧૨૫.

વિષયકષાય રહિત, હાસ્ય, રતિ, અરતિ અને શોકથી નિરાળવો તેમજ ભય અને દુગંછાથી દૂર રહેલો આત્મા જે સુખ અનુભવે છે તે અન્યને કયાંથી હોય? ૧૨૬

સમ્યગ્ દૃષ્ટિ, (સુશ્રદ્ધાવાન્) જ્ઞાન, ધ્યાન અને તપોબલ યુક્ત છતાં પણ ઉપશમ રહિત સાધુ, જેવો ગુણ શમયુક્ત સાધુ પામે છે તેવો, પામી શકતો નથી. ૧૨૭

રાજાધિરાજને તેમજ દેવના પણ દેવને એવું સુખ નથી કે જેવું સુખ લોકવ્યાપારરહિત સાધુને અહિંજ સાક્ષાત્ અનુભવાય છે (વર્તે છે.) ૧૨૮

લોકચિંતાને સમગ્ર રીતે ત્યજીને આત્મજ્ઞાન અધ્યાત્મ ચિંતામાં લયલીન, લોભ, રોષ અને કામ ક્રીડા વર્જીત એવા સમપરીણામી સાધુ સદા સમાધિરસમાં ઝીલે છે. ૧૨૯

સાધુજનોને ચારિત્રના નિર્વાહ નિમિત્તરૂપ જે લોકવાર્તા અને શરીરવાર્તા તે બન્ને ઇષ્ટ છે. ૧૩૦

સર્વ ચારિત્રપાત્ર સાધુઓને લોક ખરેખર આધારરૂપ છે તેથી લોકવિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધ સર્વથા ત્યજવું. ૧૩૧

શરીર સાધનરૂપ નથી એમ નહીં અને એ શરીરના સાધ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ન લોકાધીન છે તેથી સત્ધર્મ ચારિત્રને હાની ન પહોંચે તેમ લોકને અનુસરવું. ૧૩૨

જે જે દોષથી અન્યજન અનુપકારી અને અત્યંત ખિન્ન થાય તે તે દોષના સ્થાન સદા પોતેજ પ્રયત્નથી પરિહરવાં. ૧૩૩

પિંડનિર્યુક્તિ સૂત્રમાં આહારાદિ ગવેષણા સંબંધી જે વિધિ કહ્યો છે તે મુજબ નિયમસર આહારાદિ ગ્રહણ અને ઉપભોગ કરનાર સાધુને કદાપી રોગનો ભય રહેતો નથી. ૧૩૪

સંયમ વ્યાપારનો નિરાબ.ધપણે નિર્વાહ કરવાને જ માટે સાધુએ વ્રણલેપની પેરે, ચક્રને તેલસિંચનની પેરે, અને પુત્ર-માંસની પેરે, સર્પની* માફક આહારને આરોગવો જોઇએ.૧૩૫

મુનિએ સારો કે નરસો નિર્દોષ આહાર પામી મૂર્છા ર-હિત, પ્રસન્ન ચિત્તથી અત્યંત ક્ષમાયુક્ત થઇ વાપરવો જોઇએ.૧૩૬

કાળ, ક્ષેત્ર, પ્રમાણ, પથ્ય, દ્રવ્યનું ભારે હલકાપણું, અને આત્મબલ જોઈને જે મુનિ આહાર વાપરે છે તેને ઔષધ ભેષજની શી જરૂર ? ૧૩૭

આહાર, શય્યા, વસ્ત્ર, અને પાત્ર એષણા વિગેરે જે કંઇ ક-લ્પ્યા કલ્પ્ય[1] કહ્યું છે તે સર્વ ચારિત્ર દેહની રક્ષાને નિમિત્તે છે.૧૩૮

કલ્પ્યાકલ્પ્ય વિધીનો જાણ, ગીતાર્થ નિશ્રિત અને વિન-યવંત મુનિ, દોષથી મલીન લોકમાં પણ લેપરહિત વર્તે છે.૧૩૯

જેમ પંકની ઉપર રહેલું કમળ પંકથી લેપાતું નથી તેમ ધર્મોપકરણ વડે શરીરને ધારણ કરનાર સાધુ પણ તેનાથી લે-પાતા નથી. ૧૪૦

* સર્પ પોતાના બિલમાં ઉતરે તેમ. ૧ લેવા યોગ્ય—અયોગ્ય.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જેમ અનેક આભરણો ધારણ કર્યા છતાં અશ્વ તેમાં આસક્ત થતો નથી તેમ ધર્મોપકરણને ધારણ કર્યા છતાં નિગ્રંથ મોહને પામતા નથી. ૧૪૧

આઠ પ્રકારના કર્મ, મિથ્યાત્વ, અવિરતિ, અને મન વચન કાયાના દુષ્ટ યોગ એ ગ્રંથ કહેવાય છે. તેનો જય કરવાને જે કપટ રહિત પુરૂષાર્થ કરે છે તેજ નિર્ગ્રંથ છે. ૧૪૨

જે નિશ્ચે જ્ઞાન, શીળ, અને તપને સ્હાય કરે તેમજ અજ્ઞાનાદિ દોષને દૂર કરે તે કલ્પ્ય, અને તેથી વિપરીત બીજું બધું અકલ્પ્ય સમજવું. ૧૪૩.

વળી જે સમ્યક્ત્વ, જ્ઞાન અને શીલ વિગેરે ચારિત્ર વ્યાપારને ઉપઘાત કરે તે તથા શાસનની લઘુતા કરે તે કલ્પ્ય છતાં પણ અકલ્પ્ય. (સમજવું). ૧૪૪.

આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ઔષધાદિ કોઇ વસ્તુ શુદ્ધ અને કલ્પ્ય હોય તોપણ અકલ્પ્ય થાય અને અકલ્પ્ય હોય તે કલ્પ્ય પણ થાય. ૧૪૫.

દેશ, કાળ, પુરૂષ, અવસ્થા, ઉપયોગ, શુદ્ધિ અને પરીણામને સારી રીતે જોઇને કોઇ વસ્તુ કલ્પે છે, અન્યથા કોઇ વસ્તુ એકાન્તથી કલ્પતી નથી. ૧૪૬.

જેથી સ્વપર કોઇને કદાપિ પણ આલોક કે પરલોકમાં પીડા ન થાય એવું જ મુનિએ સર્વથા ચિંતવવું, એવું જ બોલવું, અને એવું જ કરવું. ૧૪૭.

વૈરાગ્ય માર્ગમાં વિઘ્નકારી, ઇંદ્રિય સંબંધી સર્વ વિષયોમાં મોક્ષાભિલાષિ મુનિએ નિશ્ચે નિયમ–નિગ્રહ કરવો. ૧૪૮.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચીત્વ, સંસાર, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, સત્‌ધર્મસ્વરૂપ ચિંતન, અને સમ્યકત્વ–બોધિ દુર્લભતા. એવી રીતે દ્વાદશ વિશુદ્ધ, ભાવના-ભાવવી.

' દ્વાદશ ભાવનાનું સંક્ષિપ્ત સ્વરુપ '

ઇષ્ટજન સંયોગ, સમૃદ્ધિયુક્ત વિષયસુખ સંપદા, તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વ અનિત્ય છે. ૧૫૧.

જન્મ જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રીજિનેશ્વર ભગવાનના વચન થકી અન્યત્ર ક્યાંય શરણ નથી. ૧૫૨.

સંસારચક્રમાં ફરતાં એકલાને જન્મમરણ કરવાં પડે છે, અને શુભાશુભ ગતિમાં જવું પડે છે; તેથી આત્માએ એકલા પોતેજ પોતાનું અક્ષય આત્મહિત સાધવું. ૧૫૩

હું સ્વજનથી, પરજનથી, વૈભવથી અને શરીરથી જુદો છું એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક સંતાપ સંભવતો નથી. ૧૫૪

અશુચિથી ઉત્પન્ન થએલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને અન્યને પણ અપવિત્ર કરનાર એવા દેહનો અશુચીભાવ દરેક સ્થાને ચિંતવવો. ૧૫૫

માતા થઇને પુત્રી, બ્હેન, અને ભાર્યા આ સંસારને વિષે થાય છે, તેમજ પુત્ર થઇને પિતા, ભાઈ અને શત્રુ પણ થાયછે. ૧૫૬.

જે મિથ્યાદૃષ્ટિ અવિરતિ, પ્રમાદી અને કષાય યોગને વિષે રૂચિવંત છે તેનામાં કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે તે માટે તેનો નિરોધ કરવા યત્ન કરવો. ૧૫૭

પુન્ય, પાપન નહિ ગ્રહણ કરવામાં જે મન વચન કાયાની

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વૃત્તિ તે આપ્ત પુરૂષોએ ઉપદેશેલો, અત્યંત સમાધિવાળો અને હિતકારી સંવર ચિંતવવા યોગ્ય છે. ૧૫૮

જેમ વૃદ્ધિ પામેલો દોષ લંઘનથકી યત્નવડે ક્ષીણ થાય છે તેમ એકઠાં થયેલાં કર્મ સંવરયુકત પુરૂષ તપવડે કરી ક્ષીણ કરી નાંખે છે. ૧૫૯

ઉર્ધ્વ, અધો અને તીર્ચ્છા લોકનું સ્વરૂપ, તેનો વિસ્તાર, સર્વત્ર જન્મમરણ, રૂપીદ્રવ્ય અને ઉપયોગનું ચિંતવન કરવું. ૧૬૦

જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે એવા જિનેશ્વરોએ જગતના હિતને માટે આ ચારિત્રધર્મ સારી રીતે પ્રરૂપેલો છે. તેમાં જે રક્ત થયેલા છે તે સંસારસમુદ્રને લીલામાત્રમાં પાર પામેલા સમજવા. ૧૬૧

મનુષ્યપણું, કર્મ ભૂમિ, આર્ય દેશ, ઉત્તમ કુળ, આરોગ્યતા, અને દીર્ઘાયુષ પ્રાપ્ત થયે છતે તેમજ શ્રદ્ધા, સદ્ગુરૂયોગ, અને શાસ્ત્ર શ્રવણ આદિ સામગ્રી વિદ્યમાન છતે પણ સમ્યકત્વ અતિ દુર્લભ છે ૧૬૨

સેંકડો ભવે એવું દુર્લભ સમ્યકત્વ પામીને પણ મોહથી, રાગથી, કુમાર્ગ દેખવાથી અને ગૌરવના વશથી ચારિત્ર પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. ૧૬૩

તે ચારિત્રરત્ન પામીને ઇંદ્રિય, કષાય, ગૌરવ, અને પરીષહ રૂપ શત્રુથી વિહ્વળ થયેલા જીવને વૈરાગ્ય માર્ગમાં વિજય મેળવવો એ અત્યંત કઠીન છે. ૧૬૪

તેટલા માટે પરીષહ, ઇંદ્રિય, અને ગૌરવ ગણના નાયક એવા કષાય શત્રુઓનો ક્ષમા, મૃદુતા, ૠજુતા, અને સંતોષ વડે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કરીને વીર પુરૂષોએ જય કરવો. ૧૬૫

કષાયના ઉદય નિમિત્ત અને ઉપશાંતિનાં નિમિત્ત સમ્યગ્ રીતે વિચારીને ત્રિકરણ શુદ્ધિથી તેમનો અનુક્રમે ત્યાગ અને આદર કરવો. ૧૬૬

દશવિધ ધર્મ.

ક્ષમા, મૃદુતા, રૂજુતા, પવિત્રતા, સંયમ, સંતોષ, સત્ય, તપ, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા એ રીતે દશવિધ ધર્મવિધિ સેવવા યોગ્ય છે. ૧૬૭

ધર્મનું મૂળ દયા છે. ક્ષમારહિત માણસ દયાને સારી રીતે આદરી શકતો નથી તે માટે જે ક્ષમા આપવામાં તત્પર છે તે ઉત્તમ ધર્મને સાધી શકે છે. ૧૬૮

સર્વે ગુણો વિનયને આધીન છે, અને વિનય મૃદુતાને આધીન છે. જેમાં સંપૂર્ણ મૃદુતા વસી છે તે સર્વ ગુણસંપન્ન થાય છે. ૧૬૯

રૂજુતા વિનાનો કોઇ શુદ્ધિને પામતો નથી, અશુદ્ધ આત્મા ધર્મ આરાધી શકતો નથી, ધર્મ વિના મોક્ષ નથી, અને મોક્ષ વિના બીજું કોઇ પરમસુખ નથી. ૧૭૦

જે ઉપકરણ, આહાર, પાણી, અને દેહને આશ્રીને દ્રવ્ય શૌચ કરવો ઘટે તે ભાવ શૌચને બાધક ન પહોંચે તેમ યત્નથી કરવો યોગ્ય છે. ૧૭૧

હિંસાદિક પંચાશ્રવથી વિરમવું, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયનો જય કરવો અને મન વચન કાયાના ત્રણ દંડથી વિરમવું એમ સંયમ ૧૭ પ્રકારે છે. ૧૭૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બાન્ધવ, ધન, અને ઇંદ્રિયસુખના ત્યાગથી જેણે ભય અને વિગ્રહ ત્યજ્યા છે, અને અહંકાર મમકાર ત્યજ્યા છે એવા ત્યાગી સાધુજ નિર્ગ્રંથ કહેવાય છે. ૧૭૩

પૂર્વાપર અવિરૂદ્ધ વચનનો ઉચ્ચાર કરવો અને તન મન વચનની એકતા–અકુટિલતા આદરવી એમ ચાર પ્રકારનું સત્ય શ્રી જિનેશ્વરના શાસનમાં કહ્યું છે. અન્યત્ર કહેલું નથી.૧૭૪

અનશન, (આહાર ત્યાગ); ઉનોદરી (આહારમાં ઓછાશ કરવી), વૃત્તિસંક્ષેપ (નિયમિત રહેવું), રસત્યાગ, કાયક્લેશ (શીત તાપાદિ સમભાવે સહેવાં) અને સંલીનતા (સ્થીરાસને રહેવું) એ છ પ્રકારનો બાહ્યતપ કહ્યો છે. ૧૭૫

પ્રાયશ્ચિત્ત, (પાપની આલોચના) ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ, અને સ્વાધ્યાય. એ રીતે અભ્યંતરતપ છ પ્રકારનો છે. ૧૭૬

દીવ્ય તથા ઔદારિક કામભોગ સંબંધી સુખ થકી ત્રિવિધે ત્રિવિધે નિવર્ત્તવું. એવી રીતે બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું છે. ૧૭૭

અધ્યાત્મજ્ઞાનીઓ નિશ્ચયથી મૂર્ચ્છાનેજ પરીગ્રહ કહે છે, તેથી વૈરાગ્યના અર્થીને નિષ્પરીગ્રહતા–નિસ્પૃહતા એ પરમ ધર્મ છે. ૧૭૮

પૂર્વોક્ત દશવિધ ધર્મનું સદા સેવન કરનારને અત્યંત નિવિડ થયેલા પણ રાગદ્વેષ અને મોહનો અલ્પકાળમાં ક્ષય થાય છે. ૧૭૯

અહંકાર અને મમકારના ત્યાગથી અતિ દુર્જય ઉદ્ધત

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અને પ્રબળ એવા પરીષહ, ગૌરવ, કષાય તથા મન વચન કાયાના દંડ અને ઇંદ્રિયોના સમૂહને (યોગી પુરૂષો) હણે છે. ૧૮૦

પ્રવચન (જિનશાસન) ની ભક્તિ, શ્રુતજ્ઞાનની સંપદાને માટે ઉદ્યમ, ગીતાર્થ સાથે પરિચય એ વૈરાગ્યમાર્ગના સદ્ભાવમાં સાચી બુદ્ધિ અને સ્થિરતા પેદા કરે છે. ૧૮૧

ઉન્માર્ગનો ઉચ્છેદ કરવાને સમર્થ રચનાવાળી અને શ્રોતાજનોના શ્રોત્ર અને મનને માતાની પેરે પ્રસન્ન કરનારી આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની, અને નિર્વેદની ધર્મકથા સદા કરવી, અને સ્ત્રીકથા, ભક્તકથા, ચોરકથા અને દેશકથાને દૂરથીજ ત્યજી દેવી. ૧૮૨-૧૮૩

જ્યાં સુધી મન પારકા ગુણ દોષ કથવામાં વ્યાપારવંત રહે ત્યાં સુધી તે મનને વિશુદ્ધ ધ્યાનમાં પરોવી દેવું શ્રેયકારી છે. ૧૮૪

શાસ્ત્રાધ્યયન, અને અધ્યાપનમાં, (ભણવા ભણાવવામાં) આત્મચિંતવનમાં, તથા ધર્મોપદેશ દેવામાં સદા સર્વથા પ્રયત્ન કરવો. ૧૮૫

વ્યાકરણવેત્તાએ શાસ્, ધાતુ, ' અનુશાસન ' અર્થવાળો ગણ્યો છે અને ત્રૈ ધાતુ સર્વ શબ્દવેત્તાઓએ ' પાલન ' અર્થમાં નિશ્ચિત કર્યો છે. ૧૮૬

જેથી રાગદ્વેષ વડે ઉદ્ધત ચિત્તવાળા જીવોને સદ્ધર્મને વિષે સમ્યગ્ રીત્યા અનુશાસન (શીક્ષા) કરે છે, અને દુઃખ થકી સમ્યક્પ્રકારે બચાવે છે તેથી તેને સત્ પુરૂષો શાસ્ત્ર કહે છે. ૧૮૭

અનુશાસન કરવાનું સામર્થ્ય અને નિર્દોષ એવા રક્ષણ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બળથી જે યુક્ત હોય તેજ શાસ્ત્ર કહેવાય છે અને સર્વજ્ઞનાં વચન એજ એ શાસ્ત્ર છે. ૧૮૮

જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ પદાર્થો સારી રીતે ચિંતવવા યોગ્ય છે. ૧૮૯

સિદ્ધ અને સંસારી એમ મુખ્યપણે બે પ્રકારના જીવ છે, એમાં સંસારી જીવ બે પ્રકારના, ત્રણ પ્રકારના, ૪ પ્રકારના, પાંચ પ્રકારના, છ પ્રકારના એમ જુદી જુદી રીતે અનેક પ્રકારના જાણવા. ૧૯૦

ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારના, સ્ત્રી પુરૂષ અને નપુંસક એમ ત્રણ પ્રકારના, તેમજ નારકી, તીર્યંચ, મનુષ્ય અને દેવતા એમ ચાર પ્રકારના જીવો કહ્યા છે. ૧૯૧

એકેંદ્રિય, બેંદ્રિય, ત્રિઇંદ્રિય. ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય, એમ પાંચ પ્રકારના અને પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય એમ છ પ્રકારના જીવ કહ્યા છે. ૧૯૨

એવી રીતે સ્થિતિ, અવગાહના, જ્ઞાન, દર્શન આદિ પર્યાયોવડે કરીને અનેક પ્રકારના જીવોનો એકેક ભેદ અનંત ભેદવાળો છે. ૧૯૩

સર્વ જીવોનું સામાન્ય લક્ષણ નિશ્ચે કરીને ઉપયોગ છે. એ ઉપયોગ સાકાર અને અનાકાર(જ્ઞાન-દર્શન) રૂપ છે તેમાં સાકારોપયોગ આઠ પ્રકારે અને અનાકારોપયોગ ચાર ૪ પ્રકારે છે. ૧૯૪

પાંચ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કે-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વળ) અને ત્રણ અજ્ઞાન (મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગ જ્ઞાન) એ પ્રકારે સાકારોપયોગ છે. અને ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એ ૪ ચાર પ્રકારે અનાકાર ઉપયોગ છે. ૧૯૫

ઔદયિક, પારિણામિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ પાંચ પ્રકારના ભાવો જીવોના હોય છે. ૧૯૬

તે ભાવોના અનુક્રમે એકવીશ, ત્રણ, બે, નવ અને અઢાર ભેદો જાણવા. અને છઠ્ઠો સન્નિપાતિક ભાવ પંનર (૧૫) પ્રકારનો છે. ૧૯૭

એ ભાવોવડે કરીને જીવ સ્થાન, ગતિ, ઈંદ્રિય સંપદા અને સુખ દુઃખ પામે છે તે જીવ (આત્મા) સંક્ષેપથી આઠ પ્રકારનો છે. ૧૯૮

દ્રવ્ય, કષાય, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એવી રીતે તેની આઠ પ્રકારની માર્ગણા છે. ૧૯૯

જીવ અને અજીવનો દ્રવ્યાત્મા, કષાયવંતનો કષાયાત્મા, યોગવાળાનો યોગાત્મા, અને સર્વ જીવોનો ઉપયોગાત્મા. ૨૦૦

સમ્યગ્ દૃષ્ટિનો જ્ઞાનાત્મા, સર્વ જીવોનો દર્શનાત્મા, ચારિત્રવંતનો ચારિત્રાત્મા, અને સર્વ સંસારી જીવોનો વીર્યાત્મા. ૨૦૧

સર્વ દ્રવ્યોને વિષે નય વિશેષે કરી દ્રવ્ય આત્મા એવો ઉપચાર ઘટે છે. સ્વસ્વરૂપ (સ્વદ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ) થી આત્મા આત્મા, અને પરસ્વરૂપ (પરદ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ) થી આત્મા અનાત્મા થાય છે. ૨૦૨

એવી રીતે વિવિધ સંયોગ તથા અલ્પ બહુત્વાદિવડે જીવ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અનેક પ્રકારે ચિંતવવો, જીવનું આ સર્વ સ્વરૂપ અહીં લક્ષણો-વડે અનેકવિધ પ્રતીત થાય છે. ૨૦૩

ઉત્પાદ, વિનાશ અને ધ્રૌવ્ય લક્ષણવાળા જે જે પદાર્થો છે તે સર્વે સત્ અને તે ઉત્પાદ આદિ લક્ષણરહિત સર્વ અ-સત્ તેમજ અન્યથા અર્પિત, અનર્પિતના વિશેષ થકી તે સ-દસદાદિ (સપ્ત) ભંગીરૂપે થાય છે. ૨૦૪

જે વસ્તુ જેમાં પ્રથમ ન્હોતી અને વર્તમાનકાળે તેમાં દેખાય તે ઉત્પાદ, તેથી જે વિપરીત તે તેનો નાશ. ૨૦૫

વર્તમાનકાળે અને ભવિષ્યકાળમાં જે જેનો સંબંધી છે તેની સાથે તેનો વિયોગ ન થાય તે તેવા નિત્યસંબંધથી નિત્ય ધ્રુવ છે.–૨૦૬

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલા-સ્તિકાય અને કાલ એ પાંચ અજીવ છે, પુદ્ગલ શીવાયના ચાર ૪ અરૂપી અને પુદ્ગલ રૂપી કહ્યા છે. ૨૦૭

બે પ્રદેશથી માંડીને અનંત પ્રદેશવાળા પુદ્ગલ સ્કંધો હોય છે. પ્રદેશરહિત પરમાણુ કહેવાય છે. તેવા દરેક પરમા-ણુમાં એક વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને બે સ્પર્શ હોય છે. ૨૦૮

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એ પારિણામિક ભાવને વિષે જાણવા, રૂપ (પુદ્ગલ) ઉદય પ-રીણામી છે અને જીવો સર્વ ભાવને અનુસરનારા છે. ૨૦૯

એવી રીતે જીવ અને અજીવરૂપ ષડ્વિધ દ્રવ્ય થાય છે, આ લોકપુરૂષ કેડ ઉપર કરયુગ્મવાળા અને બન્ને પગ પ્ર-સારીને ઉભેલા ધનુષ્યધારી પુરૂષ જેવો છે. ૨૧૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તેમાં અધોલોક અધોમુખ રાખેલા મલ્લક (રામપાત્ર) ના જેવા સંસ્થાનવાળો, તીર્છાલોક થાલજેવા આકારવાળો અને ઉર્દ્વલોક ઉભા રાખેલા મૃદંગના આકાર જેવો વર્ણવ્યો છે. ૨૧૧

અધોલોક સાત પ્રકારનો, તીર્છાલોક અનેક પ્રકારનો અને ઉર્દ્વલોક પન્નર પ્રકારનો સંક્ષેપથી કહ્યો છે. ૨૧૨

આકાશ લોકાલોકવ્યાપક છે. કાળ મર્ત્ય (મનુષ્ય) લોક સંબંધી છે બાકીના ચાર (૪) લોકવ્યાપી છે તેમજ એકજીવ પણ (કેવળીસમુદ્દઘાત સમયે) લોકવ્યાપી છે. ૨૧૩

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ ત્રણ એ-કેકાં છે. બાકીનાં ત્રણ અનંતાં છે. કાલ વિના પાંચ અસ્તિકાય અને જીવ વિના પાંચ અકર્તા છે. ૨૧૪

ગતિ પરિણામી જીવ અને પુદ્દગલ દ્રવ્યોને ગતિમાં સહાય દેનાર ધર્માસ્તિકાય છે, સ્થિતિમાં સહાય દેનાર અધર્મા-સ્તિકાય છે. અને અવકાશ આપવારૂપ સહાય કરનાર આકાશ-દ્રવ્ય છે. ૨૧૫

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થુલતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, ઉદ્યોત અને આતપ એ સર્વ પુદ્દગલસ્કંધો સંસારી જીવોને કર્મ, શરીર, મન, વાકચેષ્ટા, ઉ-ચ્છવાસદ્વારા દુઃખ સુખ દેનારા અને જન્મમરણમાં સહાય ક-રનારા થાય છે. ૨૧૬–૨૧૭

પરિણામવર્તના[1]રૂપ અને પરાપરત્વ[2] ગુણવાળું કાલ

---

૧ હાનિ વૃદ્ધિરૂપ. ૨ ગુરૂ લઘુપણું (વયમાં એક બીજાથી ન્હાના મ્હોટાપણું).

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

દ્રવ્ય છે. સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર અને વીર્ય શીક્ષા ગુણવાળા જીવો છે. ૨૧૮

જે શુભ એવાં કર્મનાં પુદ્ગલ તે પુન્ય અને અશુભ એવાં કર્મનાં પુદ્ગલ તે **પાપ** એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. ૨૧૯

શુદ્ધ એવા મન વચન કાયાના યોગ (વ્યાપાર) તે પુન્યાશ્રવ, તેથી વિપરીત તે **પાપઆશ્રવ**, અને મન વચન કાયાની ગુપ્તિ તે **નિરાશ્રવ** એવો **સંવર** કહ્યો છે. ૨૨૦

સંવરયુક્ત જીવને તપ ઉપધાનથકી નિર્જરા થાય છે, કર્મની સંતતિ તે **બંધ**, અને બંધનો વિયોગ (સર્વથા અભાવ) તે **મોક્ષ**, એ રીતે સંક્ષેપથી નવ પદાર્થો કહ્યા. ૨૨૧

આ નવ પદાર્થોને વિષે વિશેષે કરીને નિશ્ચયપૂર્વક આ જ તત્વ એવો જે અધ્યવસાય તે **સમ્યગ્દર્શન**, અને એ સમ્યગ્દર્શન સ્વભાવથી અથવા ગુરૂઉપદેશથી થઇ શકે છે. ૨૨૨

શિક્ષા આગમોપદેશ અને શાસ્ત્રશ્રવણ એ ગુરૂઉપદેશના એકાર્થવાચક છે, તેમજ પરીણામ, નિસર્ગ અને સ્વભાવ એ પણ એકાર્થવાચક છે. ૨૨૩

ઉપર કહેલા સમ્યગ્દર્શન (તત્વશ્રદ્ધાન) થી વિપરીતપણું ગુરૂ ઉપદેશનો અનાદર અને સંશય તે મિથ્યાત્વ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એવું જ્ઞાન પાંચ પ્રકારનું છે. ૨૨૪

તેમાં શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન એમ બે પ્રકારનું જ્ઞાન પરોક્ષ જાણવું, અને અવધિ, મનઃપર્યાય તથા કેવલ એ ત્રણ પ્રકારે પ્રત્યક્ષ (જ્ઞાન) જાણવું. ૨૨૫

ઉત્તરભેદ વિષયવડે કરીને આ જ્ઞાનનો વિશેષ બોધ થઇ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શકે છે, એક આત્માને વિષે એકથી માંડીને ચાર ૪ જ્ઞાન પર્યંત હોવા ઘટે છે. ૨૨૬

સમ્યગ્દૃષ્ટિ જીવનું જ્ઞાન નિશ્ચે કરીને સમ્યગ્જ્ઞાન કહેવાય છે, તેમજ મિથ્યાત્વસંયુક્ત એવાં આદિનાં ત્રણ (જ્ઞાન) અજ્ઞાન કહેવાય છે. ૨૨૭

પહેલું સામાયિક, (બીજું) છેદોપસ્થાપન, (ત્રીજું) પરિહારવિશુદ્ધિ (૪) સૂક્ષ્મસંપરાય અને (૫) યથાખ્યાત, એ પાંચ પ્રકારનું ચારિત્ર મોક્ષનુ શ્રેષ્ઠ સાધન છે, અને તે અનેક અનુયોગ, નય અને પ્રમાણ માર્ગવડે કરીને સમ્યગ્ જાણવા આદરવા યોગ્ય છે. ૨૨૮-૨૨૯

દર્શન, (સમ્યકત્વ) જ્ઞાન અને ચારિત્રની સંપત્તિ એ મોક્ષનાં સાધન છે! તેમાં એકના પણ અભાવે મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી (પમાતો નથી.) ૨૩૦

(પૂર્વલાં) સમ્યકત્વ અને જ્ઞાન એની પ્રાપ્તિ થયેછતે પછી કહેલું ચારિત્ર કોઇને પ્રાપ્ત થઇ શકે છે, તેમજ ચારિત્રનો લાભ થયેછતે પૂર્વલા એનો લાભ નિયમા થાય છે. ૨૩૧

ક્ષમાદિક દશવિધ ધર્મ અને આવશ્યક યોગને વિષે ભાવિતાત્મા પ્રમાદરહિત છતો સમ્યકત્વ જ્ઞાન અને ચારિત્રનો આરાધક થાય છે. ૨૩૨

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવી ત્રણ પ્રકારની આરાધના તે (રત્નત્રયી) ની થાય છે, અને તેના આરાધક અનુક્રમે આઠ, ત્રણ અને એક ભવે સિદ્ધ થાય છે (મોક્ષ પામે છે.)૨૩૩

તેની આરાધના કરવામાં તત્પર એવા મુનિએ તે રત્નત્ર-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચીનું આરાધન કરવામાં સાવધાન એવા સાધુની અને જિનની ભક્તિ, સહાય અને સમાધિ કરવે કરીને તેમાં યત્ન કરવો યુક્ત છે.૨૩૪

આત્મગુણનો અભ્યાસ કરવામાં તત્પર, પર પ્રવૃત્તિમાં અંધ, મૂક અને બધિર તથા મદ, મદન, મોહ, મત્સર, રોષ અને વિષાદવડે કરીને અજીત એવા શાન્ત અવ્યાબાધ સુખના અભિલાષિ તથા સાધુધર્મને વિષે સુસ્થિરતાવંત મુનિને આ દેવ મનુષ્યયુક્ત સકલ લોકને વિષે શી ઉપમા આપી શકાય ? ૨૩૫-૨૩૬

સ્વર્ગનાં સુખ પરોક્ષ છે, મોક્ષનું સુખતો અત્યંત પરોક્ષ જ છે. પણ નહીં પરવશ અને નહીં વ્યયપ્રાપ્ત એવું પ્રશમ સુખ પ્રત્યક્ષ છે. ૨૩૭

મદ, મદનને સર્વથા જીતનારા, તન મન વચનના દોષ રહિત અને નિઃસ્પૃહ એવા સુવિહિત સાધુઓને અહિંજ મોક્ષ છે. ૨૩૮

અનિત્ય એવા શબ્દાદિ વિષયના પરિણામને દુઃખદાઇ જાણીને અને રાગ દોષથી થતાં દુઃખોને સમજીને સંસારમાં જે પોતાના શરીર ઉપર પણ રાગ કરતો નથી, શત્રુ ઉપર પણ દ્વેષ કરતો નથી અને રોગ જરા તથા મરણના ભયથી બ્હીતો નથી-અબાધિત રહે છે તે નિત્ય સુખી છે. ૨૩૯-૨૪૦

ધર્મધ્યાનમાં મગ્ન, ત્રણ દંડથી મુક્ત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને ઇંદ્રિય, પરીષહ તથા કષાયને જીતેલો એવો સર્વ પ્રપંચ રહિત પુરૂષ સુખસમાધિમાં મસ્ત બન્યો રહે છે. ૨૪૧

વિષયસુખથી વિરક્ત અને પ્રશમાદિક ગુણગણથી વિભૂ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ષિત સાધુ જેવો ઉદ્યોત કરે છે તેવો ઉદ્યોત સૂર્યના સઘળા કીરણો કરી શકતાં નથી. સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, સંયમી, અને તપોબલ યુક્ત છતાં પણ અનુપશાન્ત સાધુ જેવો ગુણ શાન્ત ગુણવાળો સાધુ પામે છે તેવો પામી શકતો નથી. ૨૪૨

સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની સાધુ સંયમ, તપ, ધ્યાન અને ભાવના યોગવડે કરીને અઢાર હજાર શીલાંગને સુખે સાધી શકે છે. ૨૪૩

દશવિધ ધર્મ, પૃથ્વ્યાદિ દસ પ્રકારની હિંસાથી વિરમણ, પાંચ ઇંદ્રિય, આહારાદિ ચ્યાર ૪ સંજ્ઞા તથા તન મન વચનથી કરવા કરાવવા અને અનુમોદવાવડે કરીને અઢાર હજાર શીલાંગની નિષ્પત્તિ થાય છે. ૨૪૪

સાધુ પુરૂષોને સુગમ એવા શીલ-સમુદ્રનો પાર પામીને ધર્મધ્યાનને પ્રાપ્ત થયેલા એવા મુનિ ખરા વૈરાગ્યને પામે છે.૨૪૫

આજ્ઞાવિચય, અને અપાયવિચય એવા ધર્મધ્યાનને પામીને તે વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાનને પ્રાપ્ત થાય છે. ૨૪૬

સર્વથા રાગદ્વેષરહિત એવા સર્વજ્ઞનાં વચન એ પ્રવચન-તેના અર્થનો નિર્ણય એ આજ્ઞાવિચય. આશ્રવ, વિકથા, ગૌરવ અને પરિષહાદિકને વિષે અપાય દેખવે કરીને અપાયવિચય. ૨૪૭

શુભાશુભ કર્મના વિપાકનું અનુચિંતન કરવારૂપ વિપાક વિચય. અને દ્રવ્ય, ક્ષેત્ર, આકૃતિને વિચારવારૂપ સંસ્થાનવિચય ધ્યાન સમજવું ૨૪૮

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વીતરાગ પ્રભુના વચનોના ગુણોને, વધાદિક અપાયોને, વિવિધ જાતના કર્મવિપાકોને અને અનેક જાતની સંસ્થાન રચનાને સમ્યગ્ રીતે ચિંતવન કરતા, તેમજ નિત્ય ભવભીત, અત્યંત ક્ષમાયુક્ત, અભિમાન રહિત, માયાદોષમુક્ત હોવાથી નિર્મલ, સર્વ તૃષ્ણા વર્જીત, ગામ અને અરણ્ય તથા શત્રુ અને મિત્રમાં સમચિત્ત, તેમજ વાસી* અને ચંદનવડે અંગચ્છેદન અને અંગ વિલેપનમાં સમભાવી, આત્મરમણી બની તૃણ–મણી અને કનક–પત્થર ઉપર સમચિત્ત, સ્વાધ્યાયધ્યાનમાં તત્પર, અત્યંત અપ્રમત્ત પ્રશસ્ત યોગવડે અધ્યવસાય વિશુદ્ધિથી વિશુદ્ધ થતા અને ચારિત્રની અતિવિશુદ્ધિ અને લેશ્યા વિશુદ્ધિને પામીને કલ્યાણમૂર્ત્તિ એવા મુનિને ઘાતિકર્મના ક્ષયના એક દેશથી ઉત્પન્ન થયેલું મહા પ્રભાવવાળું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે. ૨૪૯–૨૫૪

રસગારવ, રિદ્ધિગારવ અને શાતાગારવને વિષે નહિં લોભાએલા (અમૂઢ) અને અન્યને અસુલભ એવી લબ્ધિ આદિકની સંપદા[1] પામીને પ્રશમરતિ સુખમાં આસક્ત થયેલા એવા મુનિ તે લબ્ધિ આદિક સંપદામાં મોહ પામતા નથી. ૨૫૫

વિસ્મયકારી એવી પણ સર્વ સુરવરોની સાહેબીને લક્ષ–કોટી ગુણી કરી હોય તોપણ તે મુનિની રિદ્ધિના સહસ્રમેં ભાગે આવતી નથી. ૨૫૬

વિઘ્નરિપુને હઠાવી તેનો જય કરીને લક્ષ ગમે ભવોમાં દુર્લભ એવું યથાખ્યાત ચારિત્ર તીર્થંકર ભગવાનની તુલ્ય તે

---

૧ અણિમા, ગરિમા પ્રમુખ અષ્ટ સિદ્ધિ વિગેરે, અથવા આકાશ ગામિની અને વૈક્રિય પ્રમુખ લબ્ધિઓ *વાંસલો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સંપ્રાપ્ત કરી, શુકલ ધ્યાનના આદિના બે પાયાને પામીને આઠે કર્મના ઉત્પાદક અને સંસાર વૃદ્ધિના મૂલ કારણરૂપ મોહને મૂળથી ઉન્મૂલ કરે છે. ૨૫૮

પ્રથમ તે અનંતાનુબંધિ કષાયોનો ક્ષય કરે છે, પછી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમક્તિ મોહનીય તે પછી આઠ કષાય (અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની) તે પછી નપુંસક વેદ અને સ્ત્રી વેદ પછી હાસ્યાદિક ષટ્ક (૭) તે પછી પુરૂષવેદ પછી સંજવલન કષાયોને અનુક્રમે હણીને તે વીતરાગપણું પામે છે. ૨૫૯–૨૬૦–૨૬૧

મોહનો જેણે સર્વથા ઉચ્છેદ કર્યો છે અને ક્લેશનો સમગ્રપણે નાશ કર્યો છે એવો તે સર્વજ્ઞની પેરે નહીં દેખાતા એવા રાહુના અંશથી સર્વથા મુકત થએલા પૂર્ણચંદ્રની જેમ શોભે છે.૨૬૨

સર્વ ઇંધનના સમુદાયને એકઠા કરવાથી પ્રદીપ્ત થએલો અનંત ગુણ તેજવાળો તપ, વરાગ્ય અને સંવરરૂપ [1]હવિવડે કરીને વિશેષે કરી વૃદ્ધિ પામેલા બળવાળો ધ્યાનાનલ, ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરીને જો અન્યકૃત કર્મનો સંક્રમ થતો હોય તો સર્વ જીવોનાં કર્મ ક્ષય કરવાને તે એકલો સમર્થ છે. ૨૬૩–૨૬૪

જે કારણ માટે અન્યકૃત કર્મને વિષે અન્યકૃતકર્મ સંક્રમતાં નથી અથવા વ્હેંચાતા નથી તે કારણ માટે જે જેનાં કરેલાં કર્મ હોય તે તેણેજ વેદવાં જોઇએ. ૨૬૫

જેમ તાડના શીખર ઉપર થયેલી[2] સૂચીનો[3] નાશ થવાથી નિશ્ચે તે (તાડ) નો નાશ થાય છે તેમ મોહનીય કર્મનો ક્ષય થયે છતે સમસ્ત કર્મનો નિયમા નાશ થાય છે. ૨૬૬

---

૧ ઘૃતાદિક હવ્ય પદાર્થ. ૨ ઊગી નીકળેલી. ૩ સોય જેવો અગ્ર ભાગ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અંતર્મુહૂર્ત્તકાલ તે છદ્‌મસ્થ વીતરાગ થઇ એકીસાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને સર્વ અંતરાય કર્મનો (સર્વથા) ક્ષય કરીને શાશ્વત, અનંત, સર્વાતિશયિ, અનુપમ, અનુત્તર, નિરવશેષ, સંપૂર્ણ અને અપ્રતિહત એવું કેવલ જ્ઞાન સંપ્રાપ્ત કરે છે. ૨૬૭–૨૬૮

સવ લોકાલોકમાં અતીત અનાગત અને વર્ત્તમાનકાલ સંબંધિ દ્રવ્ય ગુણ પર્યાયને સવ રીતે તે જાણે દેખે છે. ૨૬૯

જેણે ચ્યારે ઘાતિકર્મનો ક્ષય કર્યો છે તે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રને વેદતા છતા મુહૂર્તપર્યંત અથવા કંઇક ન્યૂન ક્રોડપૂર્વપર્યંત વિચરે છે. ૨૭૦

તેથી ચરમશરીરીનું આઉખું નિરૂપક્રમી[1] હોવાથી અભિન્ન (પૂર્ણ) અને જીવિતપર્યંત અભેદ્ય છે, તે આયુષ્યને સ્હાયકારી વેદનીય કર્મ અને નામગોત્ર કર્મ પણ તેને તુલ્ય છે. અર્થાત્ આયુષ્યપર્યંતજ તેમની સ્થિતિ હોય છે. ૨૭૧

જે કેવળી ભગવાનનું અવશિષ્ટ કર્મ આયુષ્ય કર્મથી અધિકતર હોય તેને સમ કરવાને માટે(કેવળી) સમુદ્દ્‌ઘાત[2] કરે છે. ૨૭૨

પેહેલે સમયે દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે મંથાન કરે છે, ચોથે સમયે લોક વ્યાપી થાય છે. પાંચમે સમયે આંતરાં, છઠ્ઠે સમયે મંથાન, સાતમે સમયે કપાટ અને આઠમે સમયે તે દંડને ઉપસંહરે છે. ૨૭૩–૨૭૪

પેહેલા અને આઠમા સમયને વિષે ઔદારીક શરીરના યો-

---

૧ અધ્યવસાય નિમિત્ત કષાય અને વેદના પ્રમુખ સપ્ત કારણોવડે ઓછું ન થઇ શકે એવું.

૨ કર્મ સમીકરણાર્થે પ્રયત્ન વિશેષ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ગવાળો, સાતમા છઠ્ઠા અને બીજા સમયોને વિષે મિશ્ર ઔદારીક ચોગવાળા અને ચોથા પાંચમા તથા ત્રીજા સમયોને વિષે કાર્મણ શરીરના ચોગવાળા તે કેવળી ભગવાન હોય છે. તે (ચોથા, પાંચમા અને ત્રીજા) ત્રણે સમયને વિષે નિયમા અનાહારી હોય છે. ૨૭૫-૨૭૬

હવે મન વચન કાયાના ચોગવાળા તે કેવળી ભગવાન કેવળી સમુદ્ઘાતથી નિવર્ત્યા છતા મુનિયોગ્ય ચોગથી જોડાયેલા તે ચોગનો નિરોધ[1] કરે છે. ૨૭૭

જે પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય પ્રથમ સમયે જઘન્ય મનો ચોગવાળો હોય તેથી પણ અસંખ્યાત ગુણહીન મનોયોગનો નિરોધ કરે તો તે અંતે સંપૂર્ણ મનનો નિરોધ કરી મન રહિત થાય છે. ૨૭૮

પ્રથમ સમયના પર્યાપ્ત બેઇંદ્રીયની જે વચન પર્યાપ્તિ તથા સાધારણ જીવની જે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ તેથી અસંખ્ય ગુણહાનીથી નિરોધ કરતા સમસ્ત વચનયોગ અને શ્વાસોશ્વાસ પર્યાપ્તિનો નિરોધ કરે છે. એવી રીતે મન વચનનો નિરોધ થયા બાદ જઘન્ય પર્યાપ્ત પનક જીવના કાયયોગથી અસંખ્ય ગુણહીન કાયયોગનો નિરોધ કરતાં અંતે સકલ કાયયોગને નિરોધે છે.

---

૧ છઠ્ઠા કર્મગ્રંથમાં યોગનિરોધનો ક્રમ આ પ્રમાણે છે, પ્રથમ બાદર વચન યોગ નિરોધને અર્થે પ્રવર્તમાન થાય. ત્યાં બાદર કાયયોગે કરીને બાદરમનોયોગને અંત મુહુર્તે રૂંધે પછી સૂક્ષ્મ મનોયોગે કરી બાદર વચનયોગ રૂંધે પછી સૂક્ષ્મ કાયયોગે કરી બાદર કાયયોગ રૂંધે વળી તેણે કરીને સૂક્ષ્મ મનોયોગ રૂંધે. તે પછી સૂક્ષ્મ વચનયોગ રૂંધે. તે પછી સૂક્ષ્મ કાયયોગ રૂંધતો થકો સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ ત્રીજે શુક્લધ્યાને ચઢે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કાયયોગના નિરોધકાલે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ (શુકલ ધ્યાનના ત્રીજા પાયારૂપ) ધ્યાનને ધ્યાયીને પછી વિગતક્રિયા અનિવૃત્તિરૂપ શુકલધ્યાનના ચોથા પાયાને ધ્યાવે છે. ૨૮૦

જેવા ભવમાં જેનું જેવું સંસ્થાન અને તેની ઉચ્ચાઇનું પ્રમાણ હોય છે તેનું તે થકી ત્રીજા ભાગે ન્યુન અવગાહનાવાળું સંસ્થાન પ્રમાણ કરી તે પ્રદેશનો ઘન કરે છે. ૨૮૧

મન, વચન, ઉશ્વાસ અને કાયયોગ સંબંધી ક્રિયા વિશેષથી વ્યાવૃત થયો છતો તે અપરિમિત નિર્જરાનો ધણી સંસાર મહાસાગર મુકી પાર પામે છે. ૨૮૨

સંયમના પરાક્રમવડે પ્રાપ્ત કર્યું છે બલ જેણે એવા લેશ્યા મુકત થએલા તે ભગવાન્ ઇષદ્ હ્રસ્વ પંચસ્વર ઉચ્ચારણ માત્ર કાળ પ્રમાણવાળી શૈલેશીને પામે છે. ૨૮૩

તે સમય શ્રેણીને વિષે પૂર્વરચિત શેષ–કર્મ પ્રકૃતિને સમયે સમયે ઉત્તરોત્તર અસંખ્ય ગુણી ખપાવે છે. ૨૮૪

ચરમ સમયને વિષે છેલ્લાં કર્મોનાં સંખ્યારહિત અંશોને ખપાવીને એકી સાથે સંપૂર્ણ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મના સમૂહને ખપાવે છે. ૨૮૫

સર્વ ગતિયોગ્ય સંસારનાં મૂળ કારણરૂપ સર્વત્ર સંભવતા ઔદારીક તૈજસ અને કાર્મણ (શરીર) નો સર્વથા ત્યાગ કરીને ત્રણે દેહથી નિર્મુકત થયા છતા અસ્પર્શમાન ગતિવાળી સમશ્રેણીને પામીને એક સમયમાં અવક્રગતિવડે અપ્રતિહત છતાં ઉર્ધ્વગતિને પામી નિર્મળ સિદ્ધક્ષેત્રને વિષે જન્મ જરા મરણ અને રોગથી સર્વથા રહિત એવા લોકના અગ્ર ભાગે પહોંચ્યા છતા સાકાર (જ્ઞાન) ઉપયોગે સિદ્ધ થાય છે. ૨૮૬–૨૮૮

સાદી અનંત, અનુપમ અને અવ્યાબાધ એવા ઉત્તમ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સુખને પામ્યા છતાં ક્ષાયિક સમ્યકત્વ, જ્ઞાન, અને દર્શન સ્વરૂપી થઇને મુકત થાય છે. ૨૮૯

મુકત થએલા એવા જીવનો સ્વલક્ષણુપણાથી અને સ્વતઃ અર્થ સિદ્ધ થવાથી, ભાવાન્તરમાં સંક્રાંત થવાથી, અને સર્વજ્ઞ-પ્રણીત આગમના ઉપદેશ પ્રામાણ્યથી અભાવ નથી. ૨૯૦

શરીર બંધનને અહીંજ ત્યજીને આઠે કર્મનો ક્ષય કરીને અનુબંધ રહિત, આશ્રય રહિત અને પ્રયોગરહિત હોવાથી તે (સિદ્ધાત્મા) અહીં સ્થિતિ કરતા નથી. ૨૯૧

કર્મ વિમુકત થયેલા તે સિદ્ધાત્મા ગારવના અભાવે અને અસંગપણાને લીધે અધોગતિને ભજતા નથી, અને દડાની જેમ સહાયક ધર્માસ્તિકાયના અભાવે લોકાન્તથકી પણ ઉપર જતા નથી. ૨૯૨

મન વચન કાયાના યોગ અને તેના પ્રયોગના અભાવે તે-મની તીર્ચ્છા ગતિ થતી નથી, પણ મુકત થએલા એવા સિદ્ધની લોકના અંત સુધી ઉર્ધ્વગતિ થાય છે. ૨૯૩

પૂર્વ પ્રયોગની સિદ્ધિથી, બંધનના છેદથી, અસંગ ભાવથી અને ગતિ પરિણામથી સિદ્ધ ભગવાનની ઉર્ધ્વગતિ પ્રસિદ્ધ છે. ૨૯૪

દેહ અને મનોવૃત્તિવડે કરીને શરીર અને મન સંબંધી દુઃખ થાય છે, તેના અભાવે તે દુઃખનો પણ અભાવ થાય છે તેથી સિદ્ધ ભગવાનને સિદ્ધિનું સુખ સિદ્ધ થાય છે. (સપ્રમાણ છે.) ૨૯૫

જે મુનિ સમ્યકત્વ જ્ઞાન અને શીલ સંપન્ન વીર્યને ગો-પવ્યા વિના યથાશકિત સંયમ–ક્રિયામાં પ્રયત્ન કરતા છતાં સં-ઘયણ, આયુષ્ય, બળ, કાળ, વીર્યસંપત્તિ અને સમાધિની નિ-ર્બલતાથી અથવા કર્મના અતિશયપણાથી સ્વાર્થ (મોક્ષ) સિદ્ધ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કર્યા વિના મરણ પામે છે તે સૌધર્માદિક કોઇ પણ દેવલોકને વિષે અથવા છેલ્લા સર્વાર્થસિદ્ધિ વિમાનને વિષે મહારિદ્ધિ અનંત દ્યુતિયુક્ત (તેજોમય) શરીરવાળા વૈમાનિક દેવ થાય છે. ૨૯૬–૨૯૮

ત્યાં તે દેવલોક સંબંધી સુખ ચિરકાળ અનુભવીને સ્થિતિ પૂર્ણ થયે છતે ત્યાંથકી પુનઃ મનુષ્ય લોકમાં ગુણવંત કુટુંબને વિષે જન્મ પામી, કુળ, બંધુ, વિભવ, રૂપ, બળ અને બુદ્ધિ સંપન્ન છતાં શ્રદ્ધા, સમ્યક્ત્વ, જ્ઞાન, સંવર તથા તપોબળ સંયુક્ત હોઇ પૂર્વોક્ત ભાવના ભાવિત અંતરાત્મા જન્મ મરણરૂપ સર્વ સંસારનો સર્વથા છેદ કરીને તેજ ભવમાં અથવા તે પછી સ્વર્ગાંતરિત ત્રીજે ભવે સિદ્ધિપદને પામે છે. ૨૯૯–૩૦૧

શ્રી જિનેશ્વર ભગવાન્‌ના આ શાસનને વિષે જે ગૃહસ્થ, નિશ્ચળ, સમ્યગ્‌જ્ઞાન સંપન્ન, દર્શન, શીલ અને વ્રત ભાવનાવડે ભાવિતમતિ છતો, સ્થુલહિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ, તથા રતિ અરતિ (પરિગ્રહ) નો સર્વદા ત્યાગી છતો, દિગ્‌વિરમણ, અનર્થવિરતિ, સામાયિક, પૌષધ, અને ભોગોપભોગ પરિમાણ કરીને, ન્યાયોપાર્જિત અને નિર્દોષ વસ્તુનો વિધિવત્‌ પાત્રને વિષે વિનિયોગ કરે છે, તથા શક્તિ અનુસાર સાવધાન થઈ શ્રી જિન ચૈત્યોની પ્રસ્થાપના તેમજ તેની સુગંધ (વિલેપન) માલ્ય (પુષ્પ) અધિવાસ, ધુપ, અને પ્રદીપ આદિક દ્રવ્યોવડે પૂજા કરે છે, તથા જે પ્રશમરતિનો નિત્ય અભિલાષી હોઈ, જિન, ગુરૂ અને સાધુજનોને વંદન કરવામાં અત્યંત રસીક છતો અંત અવસરે સુવિશુદ્ધ સંલેખના[1] ત્રિકરણયોગે આરાધી સૌધર્માદિ દેવલોકને

---

૧ અનશનવડે શરીર શોષણ કરવું તે દ્રવ્યસંલેખણા અને રાગદ્વેષ મોહ મત્સર આદિક દોષોનું શોષણ કરવું તે ભાવસંલેખણા કહી છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વિષે ઇંદ્રપણું અથવા સામાનિક દેવપણું અથવા એવુંજ બીજું ઉદારસ્થાન પામે છે, તે મહાનુભાવ ત્યાં તદનુકુળ સુખ અનુભવી પુનઃ મનુષ્ય લોકમાં અવતરી દુર્લભ એવી સર્વગુણ સંપદાને પામી આઠ ભવમાં શુદ્ધ નિર્મળ થઇ નિયમા સિદ્ધ પદને પામે છે. ૩૦૨–૩૦૮

એવી રીતે પ્રશમરતિ થકી સ્વર્ગ અપવર્ગ[૧] સંબંધી શુભ ફલ ગુણાઢ્ય અણગારોને[૨] તથા સાગારિ[૩]–શ્રાવક જનોને ઉપલબ્ધ થાય છે. ૩૦૯

સમુદ્રમાંથી ઘસાઈ ગએલી કોડીની જેમ ભક્તિવડે જિન-શાસનરૂપ મહાસાગરમાંથી ઉદ્ધરેલી આ ધર્મ આખ્યાયિકાનું[૪] શ્રવણ કરીને ગુણ દોષના જાણુ એવા સજ્જન પુરૂષોએ દોષોને દૂર ત્યજી ગુણાંશ ગ્રહણ કરવા, અને પ્રશમરતિ (પ્રશમ સુખ) ને માટે સદા સર્વથા પ્રયત્ન કરવો. ૩૧૦–૩૧૧

આ ગ્રંથમાં છંદશાસ્ત્ર શબ્દશાસ્ત્ર અને સિદ્ધાન્તથી જે કંઇ વિરૂદ્ધ મ્હારાથી કહેવાયું હોય તે સર્વ પુત્રના અપરાધની પેરે પંડિત પુરૂષોએ માફ કરવું ઘટે છે. ૩૧૨

સર્વ સુખનું મૂલ કારણ, સર્વાર્થસિદ્ધિને પ્રકાશ કરનાર, અને સર્વ ગુણ સિદ્ધિનું પ્રગટ સાધન એવું અર્હત્ શાસન સદા જયવંતુ વર્તે છે. ૩૧૩

ઇતિ શમ્

શ્રી પ્રશમરતિ પ્રકરણાનુવાદઃ સંપૂર્ણ.

---

૧ મોક્ષ. ૨ નિગ્રંથ–મુનિ જનોને. ૩ ગૃહસ્થ. ૪ ધર્મ કથા–વાર્તા અથવા પ્રકરણ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

' परम सुखप्राप्तिरूप चित्तशुद्धि फलम् '

" सदोषं भव हेतुस्तन्, निर्दोषं मोक्षदं मनः
अतएव परेऽपीत्थ, मा मनंति मनीषिणः १
चित्तमेवहि संसारो, रागादिक्लेशवासितं,
तदेव तै र्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते. २
गुह्याद्गुह्यतरंतत्त्वं, तदिदं कथयामि ते,
चित्तमेव हि सद्रत्नं, रक्षणीयं प्रयत्नतः ३
यावद्धावति चित्तंते, जवनं पवनादपि,
कामेषु सुख गन्धोपि, तावत्तव न विद्यते. ४
प्रतिष्ठा शौकरी विष्ठा, राज्यं चित्ते यदा रजः
भोगा रोगा इवा भांति, तदा ते परमंसुखं. ५

પરમ સુખ પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિનું ફળ.

રાગ દ્વેષાદિક દોષથી મલીન થયેલું મન ભવ ભ્રમણ હેતુક બને છે અને સકળ દોષથી મુક્ત થયેલું મન મોક્ષદાયિ નીવડે છે. આજ કારણથી જ અન્ય પંડિતો પણ ચિત્તશુદ્ધિના સંબંધમાં આવી રીતે માને છે. ૧

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રાગાદિક ક્લેશથી વાસિત થયેલું ચિત્તજ ખરેખર જન્મ-મરણજન્ય સંસારરૂપ છે, અને તે રાગાદિક વિકારથી સર્વથા મુક્ત થયેલું મનજ મોક્ષરૂપ છે. ૨

આ અત્યંત ગૂઢ તત્ત્વ તુઝને કહું છું કે સારી રીતે સંસ્કારિત કરેલું ચિત્તરૂપી શ્રેષ્ટ રત્નજ અતિ યત્નથી સાચવી રાખવું. તેને મોકળું-રઝળતું તો નજ મૂકવું. ૩

જ્યાં સુધી વાયુથી પણ અધિક વેગવાળું તારૂં મન વિવિધ વિષયોમાં દોડાદોડ કરે છે ત્યાં સુધી તુઝને સાચા સુખનો ગંધ પણ આવ્યો નથી. ૪

જ્યારે માન-પ્રતિષ્ઠા મનમાં ભૂંડની વિષ્ટા જેવી અનિષ્ટ લાગશે, રાજ્યનું સુખ રજ જેવું નિર્માલ્ય લાગશે, અને વિષય ભોગ પણ રોગની જેવા અળખામણા લાગશે ત્યારેજ તુઝને પરમ સુખ પ્રાપ્ત થશે. ૫

यदा बहिर्भ्रमं त्यक्त्वा, स्थिरी भावं प्रपद्यच,
निःस्पृहं भाविचित्तं ते, तदा ते परमं सुखं. ६
यदा ध्यान सरो मध्ये, निलीनं स्वगुणाम्बुजं,
भविष्यत्यलिवच्चित्तं, तदा ते परमं सुखं. ७
अभिरामासु रामासु, श्यामाषु च मशीषु ते,
यदा समं भवे च्चित्तं, तदा ते परमं सुखं. ८
स्फुरत्कान्तिषु रत्नेषु, मृत्स्नायां च न भेदिनी,
यदा ते स्यान्मनोवृत्ति, स्तदा ते परमं सुखं. ९

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अनभ्रानुपरागेन्दु, निर्मलं ते यदा मनः
रजस्तमो नाभिभवं, तदा ते परमं सुखं. १०

જ્યારે તારૂં ચિત્ત બહાર ભટકવું તજી દઇ, સ્થિરતાને પામી નિઃસ્પૃહ બની જશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે.૬

જ્યારે તારૂં ચિત્ત ધ્યાન સરોવર મધ્યે આત્મગુણાસ્વાદ રૂપી કમળમાં ભ્રમરની જેમ લીન થઇ જશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૭

જ્યારે તારૂં મન મનોહર સ્ત્રીઓમાં અને કાળી મશીમાં સમભાવ ધારણ કરશે ત્યારેજ તને પરમ સુખ થશે. ૮

દેદીપ્યમાન રત્નોમાં અને મટોડીમાં જ્યારે મનોવૃત્તિ એક સરખી થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૯

મેઘનાં આવરણ અને રાહુના અંતરાયથી રહિત એવા ચંદ્રમાની જેવું નિર્મળ તથા રજોગુણ અને તમોગુણ વિનાનું જ્યારે તારૂં ચિત્ત થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૦

प्रत्यवस्थातरिक्रुध्दे, स्वान्तः शुद्धेच सज्जने,
यदा मनस्ते निर्भेदं, तदा ते परमं सुखं. ११
व्याघ्रादिवान्यनिन्दायाः, परद्रोहादहे रिव,
यदा बिभेति चित्तंते, तदा ते परमं सुखं. १२
धर्मश्चित्ते परिणमे,—च्चंदने गन्धवद्यदा,
आकालमेकभावेन, तदा ते परमं सुखं. १३

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

शीत तापादिभि र्भावै, स्याच्चित्तस्यानुपद्रुता:
सर्वसहा यदा वृत्ति, स्तदा ते परमं सुखं. १४
यदा न प्रेर्यते चित्तं, चिन्मात्र प्रतिबन्धतः
अनादिवासनावातै, स्तदा ते परमं सुखं. १५

ક્રોધાતુર થયેલા શત્રુ[1] ઉપર અને શુદ્ધ અંતઃકરણવાળા સજ્જન ઉપર જ્યારે તારૂં મન સમભાવ ધારણ કરશે ત્યારેજ તને પરમ સુખની પ્રાપ્તિ થશે. ૧૧

જ્યારે તારૂં મન વાઘથી જેટલું ડરે તેટલું પરનિંદાથી અને વિષધરથી જેટલું ડરે તેટલું પરદ્રોહથી ડરતું રહેશે, અર્થાત્ પ્રાણાન્તે પણ પરનિન્દા અને પરદ્રોહમાં પ્રવૃત્તિ કરશે નહિ ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૨

ચંદનને વિષે સુગંધની પેરે તારા ચિત્તને વિશે જ્યારે ધર્મ સદાકાળ એક સરખી રીતે પરિણમશે ત્યારેજ તુઝને પરમ સુખની પ્રાપ્તિ થશે. ૧૩

શીત તાપાદિક ભાવોવડે જ્યારે ચિત્તની લગારે લાગણી દુઃખાશે નહિં અને સવ સાધક બાધક ભાવોને એક સરખી રીતે સહી શકે એવી અભેદ વૃત્તિ થશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૪

જ્યારે તારૂં ચિત્ત અનાદિ વાસનારૂપ વાયરાવડે જ્ઞાન માત્રના આસ્વાદન થકી અન્ય સ્થળે દોરાઇ નહિં જાય પરંતુ

---

१ शत्रौ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કેવળ જ્ઞાનના રસમાંજ મગ્ન બન્યું રહેશે ત્યારેજ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૫

ज्ञाननीरैर्व्रतक्षारै, र्धौतपापमलं यदा,
चित्तवस्त्रं भवे च्छुद्धं, तदा ते परमं सुखं. १६
संपूर्णं ब्रह्मणा सर्वं, सममुच्चावचं जगत्,
यदा ध्यायति ते चित्तं, तदा ते परमं सुखं. १७
संहृत्य बुद्बुदप्रायान्, भावान्संसारिकान्यदा,
चित्तोदधि स्थितिमतस्या,–त्तदा ते परमं सुखं. १८
परस्यापेक्षितां त्यक्त्वा, दासतां लिप्सते मनः
यदानुभवसाम्राज्यं, तदा ते परमं सुखं. १९
न सुषुप्तं यदा चित्तं, न सुप्तं न च जागरं,
तुर्यावस्थानुभवभृ,–त्तदा ते परमं सुखं. २०
इति चित्तं विनानान्यः, सुखहेतु र्जगत्त्रये,
चित्तवृत्तिं ततोरक्ष, लक्षयन्वास्तवीं स्थितिं. २१

જ્યારે સમ્યગ્ જ્ઞાનરૂપી નિર્મળ નીરવડે અને દુર્ધરવ્રતરૂપી તીક્ષ્ણ ક્ષારવડે તારૂં ચિત્તરૂપી વસ્ત્ર સર્વ પાપરૂપી મળથી રહિત એવું શુદ્ધ થશે ત્યારેજ તને પરમ સુખની પ્રાપ્તિ થશે. ૧૬

---

१ उजागर दशा.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જ્યારે તારૂં ચિત્ત (તારો આત્મા) સંપૂર્ણ જ્ઞાનવડે જગતના ન્હાના મ્હોટા સર્વ જીવોને સમદૃષ્ટિથી જોશે ત્યારેજ તનો પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૭

પાણીના પરપોટા જેવા (ક્ષણિક) સર્વ સંસારિક ભાવોને સંહરીને (સમેટીને) ચિત્ત જ્યારે આત્મઉદધિમાં સ્થિતિવાળું થશે અર્થાત્ જ્યારે ચિત્ત સર્વ સંસારિક પદાર્થો ઉપરથી સર્વથા વિરક્ત–ઉદાસીન બની પરમ શાંતિના સ્થાનરૂપ આત્મામાં જ સ્થિત થશે ત્યારે જ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૮

પર વસ્તુની અપેક્ષાવાળી પરાધીનતા તજી દઈને જ્યારે ચિત્ત અનુભવ સામ્રાજ્યનેજ સ્વાધીન કરવા ઇચ્છશે ત્યારે જ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૯

સુષુપ્તિ (નિદ્રા), સ્વપ્ન, અને જાગર એ ત્રણે અવસ્થાને ઉલ્લંઘી જ્યારે તારૂં ચિત્ત ઉજાગર દશારૂપ ચતુર્થી અવસ્થાનો અનુભવ લેશે ત્યારે જ તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૨૦

એવી રીતે નિર્મળ ચિત્ત વિના અન્ય કોઇ સુખહેતુ જગત્ત્રયમાં નથી માટે વસ્તુસ્થિતિને લક્ષમાં સ્થાપી ચિત્તવૃત્તિનું (સદા) સંરક્ષણ કર. ૨૧

ઇતિ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

महोपाध्याय श्रीमद् यशोविजय वाचक विनिर्मित.

श्री अध्यात्मसार ग्रंथान्तर्गत.

અધ્યાત્મ–માહાત્મ્યાધિકાર (અધ્યાત્મ સંબંધી ઉલ્લેખ.)

મંગલા ચરણમ્.

યુગની આદિને વિષે જેમણે જગતને અજ્ઞાન પંકથી ઉદ્ધર્યું છે એટલે સૂર્યની પેરે જ્ઞાન પ્રકાશથી જેણે જગતનું અજ્ઞાન દૂર કર્યું છે, અને જે ઈંદ્રોની શ્રેણિવડે નમાયેલા છે, એવા શ્રી નાભિરાજાના પુત્ર આદિદેવ પ્રભુ સદા જયવંતા વર્તો. ૧

હરિણના લાંછનવાળા શ્રી શાન્તિનાથ ભગવાન્ ભવ્યજનોના દુઃખનો અંત કરનારા થાઓ ! જેમની નિર્મળ વાણી સૂર્યનાં કિરણોની પેરે ભવ્ય કમળોને પ્રફુલ્લિત કરે છે. ૨

ઉજ્વળ યશવડે જગતનેજ પૂરતા હોય તેમ મુખના પવનવડે જેમણે પાંચજન્ય શંખને પૂર્યો એવા શિવાદેવીના નંદન શ્રી નેમીશ્વર પ્રભુની અમે સ્તુતિ કરીયે છીએ. ૩

ફણિધરની ફણાઓના પ્રાંત ભાગનાં જેમનુ પ્રતિબિંબ સંક્રમેલું હોવાથી ત્રિભુવનનો એકી સાથે ઉદ્ધાર કરવાને માટેજ હોય તેમ બહુ રૂપને ભજવાવાળા શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો.

જેમનાં વચનામૃતને અદ્યાપિપર્યંત આસ્વાદી પંડિત પુરૂષો સ્વજીવન સફળ કરે છે એવા જગતમાત્રને આનંદદાયી ભગવાન્ શ્રી વર્દ્ધમાનપ્રભુ જયવંતા વર્તે છે. ૫

અજિતાદિક અન્ય–અવશિષ્ટ જિનોને તથા ગુણ–ગરિષ્ટ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ગુરૂ મહારાજને પ્રણમીને હવે અધ્યાત્મ-રહસ્ય પ્રગટ કરવા પ્રેમથી પ્રયત્ન કરૂં છું. ૬

શાસ્ત્ર અભ્યાસથી, તત્ત્વજ્ઞાની મહાપુરૂષોની સાચી પરંપરાથી અને આ બાબતના જાતિ અનુભવથી મેળવેલી યત્કિંચિત્ માહેતી પ્રસ્તુત ગ્રંથરૂપે નિરૂપણ કરૂં છું. ૭

જેમ ભોગી લોકોને ભામિનીનાં સંગીતમય ગીત પ્રીતિકર થાય છે તેમ યોગીજનોને અધ્યાત્મ રસથી દ્રવતાં પદ્ય પ્રીતિને માટે થાય છે. ૮

સ્ત્રીઓનાં ઓષ્ઠામૃતને આસ્વાદવાથી યુવાનોને જે સુખ થાય છે તે અધ્યાત્મ શાસ્ત્રના આસ્વાદરૂપ સુખસાગર આગળ કેવળ બિંદુમાત્ર લાગે છે. ૯

અધ્યાત્મ શાસ્ત્રથી ઉત્પન્ન થયેલા સંતોષ સુખને અનુભવનારા યોગીજનો રાજાને, કુબેરને તથા ઇંદ્રને પણ ગણુતા નથી. ૧૦

અધ્યાત્મ શાસ્ત્રના રહસ્યને પામ્યા વિના જે પંડિતતા ઇચ્છે છે તે પાંગળો છતાં કલ્પવૃક્ષના ફળને મેળવવાની ઇચ્છાથી આંગળી ઉંચી કરે છે. ૧૧

અધ્યાત્મ શાસ્ત્ર એ દંભરૂપ પર્વતને ચુરવાને વજ્રસમાન, પ્રેમરૂપ મહાસાગરની વેલ વધારવાને ચંદ્ર સમાન, અને પ્રમત્ત મોહમાયાના વનને બાળી નાખવા દાવાનળ સમાન છે. ૧૨

અધ્યાત્મ શાસ્ત્રનું સામ્રાજ્ય પ્રવર્તતે છતે ધર્મનો માર્ગ સીધો સરલ થાય છે, પાપરૂપ ચોર પલાયન કરી જાય છે તેમ જ કોઈ પણ ઉપદ્રવ પ્રગટ થતો નથી. ૧૩

જેમના હૃદયમાં અધ્યાત્મ શાસ્ત્રનું રહસ્ય પરિણમ્યું છે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તેમને કદાપિ પણ વિષય અને કષાયનો તાપ થતોજ નથી. ૧૪

જો અધ્યાત્મ શાસ્ત્રના અર્થ બોધરૂપ સુભટની સહાનુભૂતિ ન હોય તો નિર્દય એવો કામ-ચંડાળ પંડિતોને પણ પીડા ઉપજાવે. ૧૫

મહા રૂષિરાજા અધ્યાત્મ શાસ્ત્રરૂપ દાતરડા વડે વનમાં વિષવેલીની પેરે મનમાં વધતી જતી તૃષ્ણાને છેદી નાંખે છે. ૧૬

વનમાં ઘર, તંગીમાં ધન, અંધારામાં તેજ, અને મરૂદેશમાં જળની પેરે કલિકાળમાં ધન્ય પુરૂષોને દુર્લભ એવા અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧૭

અન્ય શુષ્કશાસ્ત્રપાઠી કાયકલેશને પામે છે અને અધ્યાત્મ શાસ્ત્રને જાણનાર અનુભવરસને ચાખે છે. ગધેડો ચંદનનો ભાર વહે છે, અને ભાગ્યશાળીજ તેનો ભોગ ભોગવે છે. ૧૮

ભુજાસ્ફાલન હસ્ત અને મુખની વિવિધ ચેષ્ટા યુક્ત બીજા બોલે છે પણ અધ્યાત્મ શાસ્ત્ર જ્ઞાની તો વિકારરહિત દૃષ્ટિથી બોલે છે. ૧૯

અધ્યાત્મશાસ્ત્રરૂપ હિમાચળવડે મથેલા સિદ્ધાન્ત સમુદ્ર થકી અનેક ગુણ રત્નોને વિબુધો (વિચક્ષણ પંડિતો) કેમ મેળવી શકે નહિં ? અપિતુ મેળવી શકેજ. ૨૦

વિષયભોગ કરવામાં ભોગપર્યંત અને મિષ્ટાન્ન ભોજનમાં ભોજનપર્યંત રસ મળે છે, પણ અધ્યાત્મશાસ્ત્ર સેવામાં તો અનહદ રસ અનુભવાય છે. ૨૧

કુતર્ક ગ્રંથના સાર જાણવાવડે ગર્વરૂપ જ્વરથી વિકારવાળી થએલી દૃષ્ટિ અધ્યાત્મ શાસ્ત્રરૂપ ઔષધથી નિર્મળ થાય છે. ૨૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જેમ લક્ષ્મીવંતને સ્ત્રી પુત્રાદિક સંસારની વૃદ્ધિ માટે થાય છે તેમ પાંડિત્યાભિમાનીને અધ્યાત્મદૃષ્ટિ વિનાનું શાસ્ત્ર પણ સંસારવૃદ્ધિ માટેજ થાય છે. ૨૩

તે માટે અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરવો પુનઃ પુનઃ તેનું મનન કરવું, તેનો પરમાર્થ આદરવો અને કોઈ યોગ્ય અધિકારીને તે પરમાર્થ બતાવવો. ૨૪

अथ अध्यात्म स्वरुपाधिकार.

હે ભગવન્! જેનું માહાત્મ્ય આપ વર્ણવોછો તે અધ્યાત્મ શું છે ? એમ શિષ્યે પૂછ્યાથી ગુરૂમહારાજ તેનો ઉત્તર આપે છે કે હે વત્સ! શાસ્ત્રાનુસારે હું તને તેનું સ્વરૂપ બતાવું છું તે તું (સાવધાનપણે) સાંભળ. ૧

મોહ વિકળતારહિત પુરૂષો આત્મશુદ્ધિનેજ અર્થે જે શુદ્ધ–નિર્દોષ ક્રિયા કરે છે તેજ અધ્યાત્મ છે એમ વીતરાગ પ્રભુ ઉપદિશે છે. ૨

જેમ સર્વ પ્રકારના ચારિત્રોને વિષે સામાયક સહગત રહે છે તેમ સર્વ પ્રકારના મોક્ષમાર્ગમાં અધ્યાત્મ સહગતજ રહે છે.

ચતુર્થ ગુણ સ્થાનકથી માંડીને ચૌદમા ગુણ સ્થાનક સુધી ક્રમે કરીને વધારે વધારે શુદ્ધિવાળી ક્રિયા અધ્યાત્મમય હોય છે.

ખાન પાન, ઉપાધિ, માન મહત્ત્વ, રૂદ્ધિ અને ગૌરવને માટે ભવાભિનંદી જીવ જે ક્રિયા કરે છે તે અધ્યાત્મનો લોપ કરનારી થાય છે. ૫

ભવાભિનંદી જીવનાં લક્ષણ.

ક્ષુદ્ર (છિદ્રગ્રાહી–દોષવાળો), લોભી–લાલચુ, દીન, અદેખો,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ભયવાન્, શઠ, મુર્ખ અને નકામા પાપારંભને સેવનારો ભવાભિનંદી કહેવાય છે. ૬

મોક્ષાર્થી જીવનાં લક્ષણ.

શાન્ત, દાન્ત, વ્રત નિયમમાં સદા સાવધાન અને વિશ્વવત્સલ એવો મોક્ષાર્થી જીવ જે જે નિર્દંભ-નિષ્કપટ ક્રિયા કરે છે તે અધ્યાત્મ ગુણની વૃદ્ધિને માટે થાય છે. ૭

* * * * * * * *

મહારથના બન્ને ચક્રોની પેરે અથવા પંખીની બન્ને પાંખોની પેરે શુદ્ધ અવિકારી જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બન્ને શુદ્ધ અંશ અધ્યાત્મમાં સાથે મળેલા સમજવા. અર્થાત્ શુદ્ધજ્ઞાન યુક્ત શુદ્ધ ક્રિયાયોગેજ યથાર્થ અધ્યાત્મ હોઈ શકે છે.

* * * * * * * *

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

दंभत्यागाधिकार.

દંભ એ મુક્તિલતાને બાળી નાખવાને અગ્નિ સમાન છે, ક્રિયાકાંડ કરવામાં રાહુ સમાન છે, જન સમુદાયમાં અળખામણા થવાનું કારણ છે અનેઅધ્યાત્મસુખ પ્રાપ્ત કરવામાં મહા વિઘ્નરૂપ છે. ૧

દંભ એ જ્ઞાન–ગિરીને ભેદી નાંખવા વજ્ર સમાન છે, કામ અગ્નિને દીપ્ત કરવા ઘી સમાન છે, સર્વ કષ્ટનો સહોદર છે, અને વ્રત લક્ષ્મીને લૂંટવા ચોર સમાન છે, અર્થાત્ તેથી સર્વ વ્રત નિયમોનો સર્વથા લોપ થઇ જાય છે. ૨

દંભવડે જે વ્રતધારી પરમપદને વાંછે છે તે લોહનાવમાં બેસી સમુદ્રનો પાર પામવા ઇચ્છે છે. અર્થાત્ દંભી માણસ વ્રત નિયમ સંબંધી કષ્ટને સહન કરતો છતો પણ ભવમાંજ ભમે છે. ૩

જો દંભ દૂર તજ્યો નથી તો વ્રતવડે કે તપવડે કંઇ વળવાનું નથી. અંધ માણસને આંખ વિના આદર્શ (દર્પણ)વડે તેમજ દીપકવડે શો ઉપકાર થઇ શકે? અર્થાત્ કંઇજ નહિં. ૪

જેમ ડાઘવડે મહા મણિ પણ દૂષિત થાય છે તેમ દંભવડે કેશ લોચ, ભૂમિશય્યા, ભિક્ષાભોજન અને બ્રહ્મવ્રતાદિક સર્વ દૂષિત થઇ જાય છે. ૫

રસલંપટતા, શરીરશોભા, અને કામ ભોગાદિક સુખો ત્યજી શકાય પણ દંભ ત્યજવોજ મુશ્કેલ છે. ૬

પોતાના છતા દોષ ઢંકાય, લોકમાં પૂજા તથા ગારવ થાય

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

એટલા માટેજ મૂર્ખ લોકો દંભવડે કદર્થના પામે છે. ૭

જેમ અસતીનો આચાર અશીલની વૃદ્ધિ માટે થાય છે તેમ વેષધારીનાં વ્રત દંભવડે અવ્રતની વૃદ્ધિ માટે થાય છે ૮

મૂઢ માણુસો દંભનો વિપાક જાણુતા છતા પણુ તેનેજ આદરતા થકા પગલે પગલે સ્ખલના પામે છે. ૯

અહો ! મોહનું કેવું માહાત્મ્ય છે કે મૂઢ માણુસ જેમ કાજળથી રૂપને કાળું કરે છે તેમ દંભવડે ભાગવતી દીક્ષાને પણુ દૂષિત કરે છે. ૧૦

જેમ કમળમાં હિમ, શરીરમાં રોગ, વનમાં અગ્નિ, દિનમાં રાત્ર, ગ્રંથમાં અજ્ઞાન, અને સુખમાં કલેશ વિઘ્નરૂપ છે તેમ ધર્મમાં દંભ વિઘ્નકારી છે. ૧૧

તેથી જે સાધુના મૂળ-ઉત્તર ગુણોને ધારણુ કરવા અસમર્થ છે તેણે શ્રાવકનાં વ્રત આદરી તે યથાર્થ પાળવાં યુક્ત છે પણુ દંભવડે સાધુવેષ રાખીને જીવવું યુક્ત નથીજ. ૧૨

સાધુવેષ ઉપર દૃઢ રાગ હોવાથી જે તે વેષને ત્યજી શકે નહિં તે દંભરહિત છતો સુસાધુની સેવા કરવામાં રસિક એવો સંવિજ્ઞપક્ષી થઇ શકે. ૧૩

ચારિત્રમાં શિથિલાચારી છતાં, દંભરહિત શુદ્ધાર્થભાષી અને ગુણાનુરાગી સાધુની સમયોચિત અલ્પ પણુ યતના નિજરારૂપ થાય છે. દંભરહિત થોડી પણુ સત્ ક્રિયા સફળ થાય છે. ૧૪

વ્રતનો ભાર ઉપાડવાને પોતે અસમર્થ છે એમ સ્પષ્ટ જાણુતાં છતાં જે દંભથી પોતાનામાં સાધુપણું જણાવે છે તેમનું

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નામ લેતાં પણ પાપ લાગે છે. ૧૫

જે સમ્યક્ અવસર ઉચિત પણ સંયમ–યતના કરતા નથી તે દાંભિક લોકો યતિના નામથીજ જગતને ઠગનારા છે. ૧૬

ધર્મના બાને અતિ ખ્યાતિના લોભથી પોતાનાં પાપ ઉપર ઢાંકપીછોડો કરી કપટ કેળવી પોતે નીચ છતાં જગતને તૃણતુલ્ય લેખે છે. ૧૭

એમ માયા–કપટથી આપબડાઇ અને પારકા અપવાદ બોલવાથી પરભવમાં પણ યોગમાર્ગ પામવામાં અંતરાયરૂપ એવાં કઠણ કર્મ બંધાય છે. ૧૮

એટલા માટે આત્માર્થી જનોએ દંભને અનર્થકારી જાણી ત્યજવો જોઇએ. સરલ સ્વભાવી જીવનુંજ કલ્યાણ થાય છે, એમ આગમમાં કહેલું છે. ૧૯

જિનેશ્વર ભગવાને કોઈ પણ બાબત એકાંત વિધિ કે નિષેધ કરેલ નથી પરંતુ કોઈ પણ પ્રસંગે દંભરહિત થઇ વર્તવું એવી તો પ્રભુની એકાંત આજ્ઞા પ્રવર્તે છે. ૨૦

અધ્યાત્મમાં જેનું ચિત્ત રક્ત થયેલું છે તેને સ્વલ્પ પણ દંભ કરવો ઉચિત નથી, કેમકે સમુદ્રને તરતાં, ઝાઝમાં સ્વલ્પ પણ પડેલું છિદ્ર અનર્થકારી થાય છે. ૨૧

મલ્લિનાથજીને સ્વલ્પ પણ દંભ સ્ત્રી વેદની પ્રાપ્તિરૂપ અનર્થ ભણી થયો એમ જાણી મહાત્માઓએ તેનો પરિહાર કરવા બનતો પ્રયત્ન સેવવો. ૨૨ ઇતિશમ્.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ॐ अर्हं

साध्वाचारनुं दिग्दर्शन.

શ્રી આચારાંગસૂત્ર-ભાષાન્તરમાંથી લીધેલી ટુંક નોંધ.[1]

અધ્યયન ૧ લું (શસ્ત્ર પરિજ્ઞા.)

ત્રણે કાળ સંબંધી મન, વચન અને કાયાથી કરવું કરાવવું અને અનુમોદવું એવી રીતે કર્મબંધ હેતુભૂતક્રિયાના ૨૭ પ્રકાર થાય છે. ૧

જ્ઞ પરિજ્ઞાથી તત્સંબંધી શુદ્ધ સમજ લેવી અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી સમજીને ઉક્ત ક્રિયાનો ત્યાગ કરવો યુક્ત છે. ૨

જેણે એ ક્રિયાના ભેદો ઉક્ત રીતે શુદ્ધ સમજેલા હોય તેજ કર્મોને સમજીને તેના કારણોથી દૂર રહેનાર મુનિ છે એમ જાણવું. ૩

જે પૃથ્વીકાય વગેરે જીવોની વિરાધના અહિતકારી જાણીને તજે તેજ મુનિ છે. ૪

મહાપુરૂષોએ તે માર્ગ સેવેલો છે માટે નિઃશંકપણે તેનુંજ સેવન કરવું અને કોઇ જીવને પ્રભુની આજ્ઞાથી ભય નહિ આપતાં સંયમનું પાલન કરવું. ૫

જે વિષયો છે તે સંસાર છે અને સંસાર છે તે વિષયો છે તેમાં જે મુનિ થઇને અગુપ્ત (અનિગ્રહિત) રહે છે તે પ્રભુની

---

૧ આ ટુંક નોંધ સાધ્વાચારનું નિત્ય સ્મરણ કરવાના આશયથી ઉતારી લીધેલી તે આત્માર્થી સાધુઓને ઉપયોગી જાણી દાખલ કરવા આપી છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

આજ્ઞાથી બહાર વર્તે છે અને વારંવાર વિષયાસક્ત બની અ-સંયમને આચરી ઘરવાસ માંડી રહે છે. ૬

આ વાતને સંયત–સર્વ પાપથી અલગ રહેનાર તથા નિ-ર્દોષ ચારિત્ર પાળવામાં યત્નવંત અને અપ્રમાદી એવા વીરપુરૂ-ષોએ પરિષહાદિકને હઠાવી કેવળજ્ઞાન પામીને સાક્ષાત્ દેખે-લી છે. ૭

અધ્યયન બીજું (લોક વિજય.)

આયુ અત્યંત અલ્પ છે દરમ્યાન જરા આવતાં ઇંદ્રિયબલ ઘટતું જાય છે, વૃદ્ધ અવસ્થાને જોઇને પ્રાણી દિગ્મૂઢ બની જાય છે. એમ સમજીને અવસર પામી બુદ્ધિમાન પુરૂષ સંયમને માટે તરત ઉજમાળ થઇ જાય છે. એક ઘડી પણ પ્રમાદ કરતો નથી. કેમકે વય અને યૌવન ધસારાબંધ ચાલ્યાં જાય છે પણ અણ-સમજુ તો પ્રમાદવંત છતાં અસંયમવડે છકાયનો કૂટોજ કરતા રહે છે. ૧

જ્યાં સુધી ઇંદ્રિયની (વિજ્ઞાન) શક્તિ મંદ પડી નથી ત્યાં સુધી આત્માર્થ સાધી લેવો. ૨

બુદ્ધિવંતે સંયમમાં થતી અરતિ દૂર કરવી, જેથી શીઘ્ર સ્વમોક્ષ થાય છે. ૩

અજ્ઞાની જીવ પરીષહ કે ઉપસર્ગ આવતાં આજ્ઞા તજી સંયમથી ભ્રષ્ટ થઇ જાય છે. ૪

જે સંયમને સદા પાળતા રહે છે તેજ ખરા ત્યાગી છે, નિર્લોભી થઇને જે વિષયને પૂંઠ દે છે અને અનુક્રમે સર્વ કર્મનો અંત કરે છે તે અણગાર કહેવાય છે. ૫

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બાળ ! અજ્ઞાની જીવોજ એમ બકે છે કે યમ નિયમ કશા કામના નથી. ૬

તત્ત્વ સમજનારને કંઇ કહેવાની જરૂર નથી કેમકે તે તો સીધે માર્ગે ચાલ્યો જાય છે. (વીરપ્રભુએ મજબૂતીથી કહ્યું છે કે મુનિએ સ્ત્રીનો બીલકુલ વિશ્વાસ કરવો નહી, ભોગો રોગોનું કારણ છે એમ તેઓએ સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે.) ૭

શરીર જેમ બહારથી અસાર છે તેમ અંદરથી પણ અસાર છે. ૮

જેમ બાળકો લાળને પાછી ચૂશી લે છે તેમ બુદ્ધિવંતે છંડેલા ભોગને ફરી ઇચ્છવા નહિ, શબ્દાદિ વિષયો ઉપસ્થિત થતાં તેમાં ખુશી થાવું નહીં. ૯

મુનિએ સંયમ ધારીને શરીર અને કર્મને તોડવા માંડવાં. વીર, તત્ત્વદર્શી પુરૂષો હલકું અને લૂખું ભોજન કરે છે–કરવું પસંદ રાખે છે, અને સંસાર પ્રવાહને તરે છે. ૧૦

તીર્થંકરની આજ્ઞાને નહિ માનતાં સ્વેચ્છાથી વર્તનારા મુનિ મુક્તિ પામવાને અયોગ્ય થાય છે. ૧૧

જંજાળથી છુટું થવું એ ઉત્તમ રસ્તો છે. કુશળ પુરૂષો દુઃખનાં કારણ તજે છે અને તજાવે છે. ૧૨

જે પરમાર્થદર્શી છે તે મોક્ષ માર્ગ વિના બીજે રમતો નથી અને જે બીજે રમતો નથી તેજ પરમાર્થદર્શી છે. તે નિરીહપણે સર્વને સમાન ગણી સદુપદેશ દે છે. પરમાર્થદર્શીને કંઇ પણ હાની નથી. ૧૩

અધ્યયન ત્રીજું (શીતોષ્ણીય.)

ગૃહસ્થો સદા સૂતેલા છે અને મુનિયો સદા જાગતા છે,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જગતમાં અજ્ઞાન એ અહિતકારી છે. ૧

અવસર મળેલો જાણીને પ્રમાદ ન કરવો. તું જ તારો મિત્ર છે. મિત્રને બાહેર શામાટે શોધે છે. તારા આત્માને વિષયોથી રોકી રાખી તું દુઃખોથી છુટીશ. ૨

પ્રમાદીને સર્વ તરફથી ભય રહેલો છે, અપ્રમાદીને કોઇ તરફથી ભય નથી. ૩

જે એક મોહનીય કર્મને નમાવે છે તે સર્વને નમાવે છે. ૪

બુદ્ધિવંત પુરૂષ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ અને મોહને છંડી સર્વ દુઃખનો અંત કરી શકે છે, મોક્ષાર્થી મુનિયોએ કર્મબંધનાં કારણ તજીને કર્મને ખપાવવાં જોઇયે. સર્વજ્ઞ સર્વદર્શીને તો કશી ઉપાધિ છે જ નહિં. ૫

ચોથું અધ્યયન (સમ્યક્ત્વ.)

સંસારમાં આસક્ત રહી અંદર ખુંચનાર જીવો ચિરકાળ સંસાર–પરિભ્રમણ કરે છે. ૧

જે કર્મબંધનના હેતુઓ છે તે કર્મ છોડવાના પણ થઇ શકે છે અને જે કર્મ છોડવાના હેતુઓ છે તે કદાચ કર્મબંધનના પણ થઇ શકે છે. અથવા જેટલા કર્મ ખપાવવાના હેતુઓ છે એટલાજ કર્મબંધનના હેતુઓ છે અને કર્મબંધનના હેતુઓ છે એટલાજ કર્મ ખપાવવાના પણ છે, એમ સંપૂર્ણ સમજનારા પ્રભુની આજ્ઞા મુજબ ધર્મ આરાધવા કોણ ઉજમાળ ન થાય ? ૨

હે મુનિ ! તું તારા શરીરને તપથી ખુબ કૃશ તથા જીર્ણ કર. જેમ જુના લાકડાંને અગ્નિ જલદી બાળે છે તેમ સ્નેહરહિત અને સાવધાન પુરૂષનાં કર્મ જલદી બળી જશે. ૩

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જેઓ કષાયોને ઉપશમાવી શાન્ત બન્યા છે તેઓ પરમ સુખી છે. માટે કદાપિ ક્રોધાદિ કષાય સેવવા નહિ. ક્રોધાદિકથી પ્રાણીયો કેવાં દુઃખી થાય છે તેનો વિચાર કર ! ૪

મુનિએ સર્વ સંસાર જંજાળ છોડી ઉપશમ ભાવથી અનુક્રમે વધતા જતા તપથી દેહનું દમન કરવું; મુક્તિ મેળવનાર મહા પુરૂષોનો માર્ગ પામવો બહુ વિકટ છે. ૫

માટે હે મુનિ ! તું તારા માંસ અને લોહીને સૂકાવ, કારણ કે જે બ્રહ્મચર્યમાં રહીને તપથી સદા શરીરને દમે છે તેજ મહાપુરૂષ મુક્તિ મેળવનાર હોવાથી માનનીય થાય છે. સદ્ધર્મી અપ્રમત્ત પુરૂષોને પ્રાંતે કશી ઉપાધિ રહેતી નથી. ૬

અધ્યયન પાંચમું (લોકસાર.)

“ સમકિત મુનિ ભાવે મુનિ ભાવજ સમકિત કહ્યું ”

મુનિયે કંઇ પણ કાય ગુરૂની આજ્ઞાપૂર્વકજ કરવા નિરંતર ધ્યાન રાખવું. ૧

જો મુનિને વિષય પીડા થાય તો હલકો આહાર કરવો, ઊણોદરી કરવી, સ્થિર કાઉસગ્ગ ધ્યાને રહેવું, ગામાંતર જાવું, છેવટે આહાર પાણીનો ત્યાગ કરી દેવો પણ સ્ત્રી સંસર્ગમાં કદાપિ ફસવું નહિ. ૨

સર્વને સ્વ સમાન લેખીને મુનિયે સંયમાનુષ્ઠાનમાં સાવધાન થઇ રહેવું. જેવું આપણને દુઃખ થાય તેમ સર્વ કોઇને થાય છે એમ સમજી કોઇને કાંઇપણ દુઃખ થાય એમ કરવું નહિ. સર્વ કોઇને સુખજ પ્રિય છે એમ વિચારવું. તાત્પય કે પરને દુઃખ ઉપજાવતાં પ્રથમ પોતાનોજ વિચાર કરવો એટલે કે આપણને કોઇ દુઃખ ઉપજાવે તો તે કેવું લાગે ? એમ દરેક આ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અને પ્રથમ પોતાની ઉપરજ અજમાવી જોવી. ૩

અધ્યયન છઠ્ઠું (ધૃત.)

જંતુઓના દુઃખની પરિસીમા નથી. જીવો નિઃસાર દેહને માટે પાપ કરીને દુઃખી થાય છે. ૧

વિવેકહીન જીવો રોગ ચિકિત્સામાં લાખો જીવોનો નાશ કરે છે પણ તેથી કંઇ રોગ તો મટતો નથી, મુનિયે એવી ચિકિત્સા કરવી નહિ કેમકે હિંસા મહા ભયંકર છે. ૨

કર્મોને આત્માથી દૂર કરવા સંયમમાં ઉત્સાહવાન રહીને પરિમિત આહાર લહી પેટને અપૂર્ણ રાખતા રહેવું, અને સર્વ પરીષહ ઉપસર્ગને સમતા ભાવથી સહન કરતા રહેવું. ૩

મુનિએ અલ્પ ઉપગરણ રાખવાં અને શરીરને જેમ બને તેમ કસતા રહેવું, અને એમ કરતાં પૂર્વ મહા પુરૂષોનાં પવિત્ર ચરિત્ર તરફ જોતાં રહેવું. ૪

ઉત્તરોત્તર પ્રશસ્ત ભાવમાં ચડનાર મુનિ દ્વિપ-બેટ તુલ્ય છે અને શુદ્ધ ધર્મ પણ તેવો જ છે. ૫

મુનિયે સુખલંપટ ન થવું, વિષય કષાયને વશ દુર્ધ્યાની થયેલા સત્વહીન સાધુઓ અંતે સંયમથી ભ્રષ્ટ થાય છે, જેથી તેમની ભારે અપકીર્ત્તી ફેલાય છે. ૬

મુનિયે સંકટોથી નહિ ડરવું, કોઇ પ્રશંસા કે સત્કાર કરે તેથી ખુશી પણ ન થવું, મુનિયે સંયમથી ડગવું નહિ. ૭

અધ્યયન ૭ મું.

* * * * * * (વ્યુચ્છિન્ન).

અધ્યયન ૮ મું. (કુશીલ ત્યાગ.)

વિપરીત વાદીને સમર્થ મુનિયે કહેવું કે તમારૂં (બોલવું)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કહેવું હેતુ વિનાનું છે, પણ અસમર્થ મુનિયે તો મૌનજ રહેવું.

વિવેક હોય તો ગામ અટવી કે ગમે ત્યાં રહેતાં ધર્મ થાય છે અને વિવેકના અભાવે તો તેનો અભાવ થાય છે. ૨

પરાક્રમી પુરૂષો પરીષહો પડતાં પણ દયા ધર્મને–છોડતા નથી. ૩

વસ્ત્રાદિ ઉપકરણોમાં પણ જેમ બને તેમ લાઘવ કરવું જેથી ચિંતા ઓછી થશે. ૪

શીતાદિક સંબંધી અસહ્ય પરીષહો ન સહન થાય તો સ્વ મર્યાદા નહિ તજતાં વેહાનસાદિ (આકાશમાં ચાલી મરવું તે) વડે સંયમ–આરાધન કરવું. ૫

માંદગીમાં પણ ગૃહસ્થાદિ પાસે વૈયાવૃત્ય નહિ કરાવવા લીધેલા નિયમવંત સાધુએ સાધર્મી સાધુ પાસે વિવેકથી વૈયાવૃત્ય કરાવવું અને વખતે પોતે પણ કરવું. ૬

જે શુભ પ્રતિજ્ઞા જેવી રીતે લીધી હોય તે તેવી રીતેજ પાળવા પ્રયત્નશીલ થવું. ૭

આહારપાણી કરતાં સાધુ સાધ્વીએ સ્વાદને માટે તે આહારાદિક અહિં તહિં મોઢામાં ફેરવવાં નહિ. એમ વર્તવાથી બહુ સારો ફાયદો થશે. સમપણે પ્રભુ આજ્ઞાને પાળ્યા કરવી. ૮

સત્યવાદી, પરાક્રમી, સંસાર પારગામી, નિર્ભય, તત્ત્વજ્ઞ, નિર્લેપ અને સુશ્રદ્ધાવંત સાધુ પુરૂષો ભયંકર પરીષહાદિકને અવગણીને આ નશ્વર દેહને છાંડતા છતા (અનશન કરીને) ખરેખરૂં સત્ય અને દુષ્કર કામ કરે છે. ૯

જેને માલમ પડે કે હવે શરીરને ક્રિયામાં જોડતાં અશક્ત થાઉં છું તેણે અનુક્રમે આહાર ઘટાડી કષાયને પાતળા પાડતાં

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અને એમ કરતાં શરીર વ્યાપારને નિયમવા. ૧૦

સર્વ વિષયમાં અમૂર્છિત થઇને ધૈર્ય યુકતપણે અંગીકૃત અનશન પાળવું. ૧૧

અધ્યયન ૯ મું. શ્રી વીરપ્રભુનો વિહાર.

૧ ભગવાને દેવદુષ્ય વસ્ત્ર ફકત પૂર્વે તીર્થંકરોનો કલ્પ જાણીને અંગીકાર કર્યું હતું. ૧

ભગવાન ગૃહસ્થો સાથે હળવું મળવું છોડીને ધ્યાનમાં નિમગ્ન થઇ રહેતા. ૨

ભગવાન સર્વ અનુકુળ કે પ્રતિકુળ ઉપસર્ગ પરીષહોને સમભાવે સહન કરતા. ૩

ભગવાન નિયમિત અશન પાન વાપરતા, રસાસકત ન થતા, રસની ઇચ્છા પણ ન કરતા અને ખરજ મટાડવા ખણતા પણ નહિ. સર્વત્ર ઉદાસીન ભાવેજ ભગવાન રહેતા. ૪

વિહાર કરતાં આડું અવળું જોતાં નહિ. માર્ગમાં ચાલતાં બોલતા નહિ, એમ યતના પાળતા થકા પ્રભુ વિચરતા હતા. ભગવાન પ્રતિબંધ રહિત વિહાર કરતા હતા. ૫

પ્રતિબંધ રહિત વિચરતા પ્રભુ એકાંત નિર્ભય અને નિર્દોષ સ્થાનમાં રહી નિર્મળ ધ્યાનને ધ્યાતા હતા. ૬

દીક્ષા લઇને વધુ નિદ્રા કરતા નહિ પણ પોતાને જગાવતા રહેતા, કયાંક લગાર સૂતા તો પણ ત્યાં નિદ્રા કરવાની ઇચ્છા નહિ કરતા. ૭

તેઓ નિદ્રાને કર્મબંધન હેતુ ભૂત જાણીને જાગતા રહેતા. કદાચ નિદ્રા આવવા લાગતી તો તેઓ તેને યત્નથી દૂર ટાળતા હતા. ૮

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વળી ભગવાન હર્ષ શોક ટાળીને બહુ થોડું બોલતા થકા વિચરતા હતા. ૯

જેમ ભગવાન હસ્તી સંગ્રામના મોખરે પહોંચી જય મેળવી પરાક્રમ બતાવે છે તેમ પ્રભુજી વિકટ ઉપસર્ગોના પારગામી થયા. ૧૦

જેમ ખરો શુરવીર પુરૂષ સંગ્રામને મોખરે રહ્યો છતો કોઇથી પાછો હઠે નહિ તેમ પ્રભુ ઉપસર્ગથી પાછા નહિ હઠતાં તે બધાને સહન કરતા થકા વિચરતા. ૧૧

ભગવાન્ શીયાળામાં છાંયડામાં બેશી ધ્યાન કરતા અને ઉનાળામાં તડકે બેસી તાપ સહન કરતા. ૧૨

પ્રભુ ઉત્કુટક, ગોદોહીકા અને વીરાસન વિગેરેથી નિર્વિકાર પણે ધર્મધ્યાન કરતા રહેતા. ૧૩

પોતેજ સંસારની અસારતા જાણીને આત્માની પવિત્રતાથી મન વચન અને કાયાને કબજે રાખીને શાન્ત અને નિષ્કપટી પ્રભુ જીવિત પર્યંત પવિત્ર પ્રવૃત્તિવંત રહ્યા, તેમ બીજા મુનિયોએ પણ પ્રવર્તવું; પ્રબલ પરાક્રમ દાખવી કદાપિ પણ પ્રમાદી નહિ બનવું. ૧૪

અધ્યયન ૧૦ મું. પિંડેષણા.

ગૃહસ્થના ઘરે ભિક્ષા લેવા જતાં જે આહાર શંકિત લાગે તે મલીન આશયથી ગ્રહણ ન કરવો. નિર્દોષ આહારપાણીથીજ નિર્વાહ કરવો. ૧

અધ્યયન ૧૧ મું શય્યા.

મુનિને ગમે તેવી સારી નરસી વસતિ[1] મળી હોય તે સ-

---

૧ રહેવાનું સ્થાનક.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રખી રીતે ગ્રહણ કરીને સમભાવે વર્તવું. કંઇ પણ નરમ કે ગરમ થવું નહિ. ૧

અધ્યયન ૧૨ મું ઈર્યા.

મુનિયે ગ્રામાનુગ્રામ વિચરતાં માર્ગમાં મોટી નદી આવે કે જે નાવ વડેજ ઉતરી શકાતી હોય ત્યારે જે નાવ ગૃહસ્થ પોતાને માટે તે પાણીની આરપાર લઇ જવાના હોય તેમાંજ પ્રથમ તપાસ કરીને બેસવું, પણ બેઠા પહેલાં સાગારી અણસણ કરવું અને તેમ કર્યાબાદ વહાણ ઉપર યતનાથી ચઢવું. તેમાં પણ નાવના મોખરે ન બેસવું તથા વચ્ચોવચ્ચ પણ નહિ બેસવું તેમજ સહુથી અગાડ પણ ચઢી નહિ બેસવું. મર્યાદા પૂર્વક બેસીને ધર્મધ્યાન કર્યા કરવું. સર્વ પ્રકારના સંકલ્પ વિકલ્પ તજીને શાંતપણે એકાંતમાં સમાધિસ્થ રહેવું. ૧

માર્ગમાં વિચરતાં કવચિત્ લુંટારા આવીને વસ્ત્રાદિક ધર્મોપકરણ આપી દેવાનું કહે તો તે હાથોહાથ આપવાં નહિ, કિંતુ પોતાના કબજામાંથી તે ભૂમિ ઉપર સ્થાપી દેવાં. એમ કરીને તે પાછાં દીનતાથી માગવાં નહિ પણ યોગ્ય લાગે તો ધર્મોપદેશ દઇને પાછાં માગવાં અને તે પાછાં આપે તો લઈ લેવાં પણ ખરાં, તેમજ જો તે પાછાં ન આપે તો તે વાત કોઇની પાસે જાહેર પણ કરવી નહિ. ૨

અધ્યયન ૧૩ મું ભાષા જાત.

સાધુકે સાધ્વીએ ક્રોધાદિ તજીને વિચાર પૂર્વક, નિશ્ચય પૂર્વક, સાંભળ્યા પૂર્વક, ઉતાવળા ન થતાં વિવેકથી શાંતપણે લક્ષ રાખીને નિર્દોષ ભાષા બોલવી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અધ્યયન ૧૪ મું વસ્ત્રૈષણા—પાત્રૈષણા.

સુંવાળાં અને શોભીતાં એવાં બહુ મૂલ્યવાળાં કપડાં મુનિયે લેવાં નહિ. મુનિયેં તુંબીના, લાકડાના કે માટીનાં પાત્ર નિર્દોષ જોઈ તપાસીને લેવાં.

\+ \+ \+ \+ \+ \+

અધ્યયન ૧૬ મું અવગ્રહ પ્રતિમા.

નિર્દોષ સ્થાન વિધિવત્ માગ્યા પછી સ્થાનના માલીકને કહેવું કે હે આયુષ્મન્ તમારી પરવાનગી છે ત્યાં સુધી જેટલા અમારા સમાન ધર્મી સાધુઓ આવશે તેમની સાથે અમે અહિં રહેશું ત્યારબાદ અમે ચાલ્યા જશું. પછી આવતા સાંભોગિક[1] સાધુઓને યથોચિત અન્નપાનાદિકથી અને બીજા અસાંભોગિક સાધુઓને બાજોટ પાટ વિગેરેથી નિમંત્રિત કરવા ચૂકવું નહિ.

સૂઈ દોરા નેરણી વિગેરે લાવીને કામ કર્યાબાદ ગૃહસ્થને ત્યાં જઈ તેને તે પાછાં સોંપવાં (હાથમાં રાખીને કે ભૂમિ ઉપર સ્થાપીને), પણ હાથોહાથ દેવાં નહિ (પોતાના હાથે ગૃહસ્થના હાથમાં મૂકવાં નહિં.) કોઇ રીતે સંયમમાં બાધક ન આવે એવી વસતિમાંજ મુનિયે વિચારીને રહેવું.

---

૧ જે એક સાથે માંડલીમાં બેસી આહારપાણી કરે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अथ श्री ज्ञानसार सूत्र अन्तर्गत.

श्री शमाष्टक विवरणम् (६)

જૈન તત્ત્વજ્ઞાન (Jain Philosophy.)

श्लोक.

विकल्पविषयोतीर्णः स्वभावालंबनः सदा ।
ज्ञानस्य परिपाको यः, शमः स परिकीर्तितः ॥ १ ॥

ભાવાર્થ—સર્વ પ્રકારના સંકલ્પ વિકલ્પ જેથી શમી જાય અને આત્માના સહજ ભાવનુંજ આલંબન સદા સેવાય એવો જે આત્મજ્ઞાનનો પરિપાક તેને શાસ્ત્રકાર શમના નામથી ઓળખે છે એટલે જે તત્ત્વજ્ઞાનની પરિપક્વતા તેજ શમ–શાંતિરૂપ છે.

વિવેચન—પૂર્વલા જ્ઞાનાષ્ટકમાં જ્ઞાનનું માહાત્મ્ય બતાવ્યું. તત્ત્વજ્ઞાન અભિનવ અમૃત જેવું છે, ઉંચા રસાયણ જેવું છે, અને અપૂર્વ ઐશ્વર્યરૂપ છે એમ કહી હવે પરિપક્વતાને પામેલું તત્ત્વજ્ઞાન કેવળ શમ-શાંતિરૂપ છે એમ શાસ્ત્રકાર સ્પષ્ટ કરી બતાવે છે.

અજ્ઞાન અને અવિવેક યોગે અથવા રાગ દ્વેષાદિક કષાયયોગે ઉત્પન્ન થતા અનેક અશુભ સંકલ્પ વિકલ્પો તેમજ તેવા સંકલ્પ વિકલ્પોથી ઉત્પન્ન થતાં વિવિધ પ્રકારનાં દુઃખો તત્ત્વજ્ઞાનની પ્રબળતાથી સ્વતઃ ઉપશમી જાય છે, અને આત્માના સહજ સ્વભાવમાં રમણ કરવારૂપ શુદ્ધ ચારિત્રનો અપૂર્વ લાભ મળે છે. આથીજ તત્ત્વજ્ઞાનના પરિપાકને શાસ્ત્રકાર શમરૂપ કહે છે. અને ઉપલક્ષણથી શમ–શાંતિને પ્રગટ કરવા તત્ત્વજ્ઞાનનો પરિચય કરવા ખાસ ઉપદેશ કરે છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસ વિના

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કદાપિ કાળે જીવના દુઃખનો અંત આવતોજ નથી. એ વાત ની-ચેના પદથી ગ્રંથકારે સ્પષ્ટ કરી છે.

જ્યાં લગે [1]આતમ દ્રવ્યનું લક્ષણ નવિ જાણ્યું,
ત્યાં લગે ગુણ ઠાણું ભલું, કેમ આવે તાણ્યું. આતમ. ૧
આતમ અજ્ઞાને કરી, જે ભવ દુઃખ લહિયે,
આતમ જ્ઞાને તે ટળે, ઇમ મન સદ્દહિયે. આતમ. ૨
જ્ઞાન દશા જે આકરી, તે ચરણ વિચારો,
નિર્વિકલ્પ[2] ઉપયોગમાં,નહિ કર્મનો ચારો* આતમ. ૩
ભગવઇ અંગે[3] ભાખિયો, સામાયિક અર્થ,
સામાયક પણ આતમા, ધરો શુદ્ધો અર્થ. આતમ. ૪
લોકસાર[4] અધ્યયનમાં, સમકિત મુનિ ભાવે,
મુનિ ભાવજ સમકિત કહ્યો, નિજ શુદ્ધિ સ્વભાવે. આતમ. ૫
કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજ દેહ,
જ્ઞાન દશા વિણ જીવને, નહિ દુઃખનો છેહ. આતમ. ૬
બાહિર યતના[5] બાપડા, કરતા દુહવાય,
અંતર યતના જ્ઞાનની, નવિ તેણે થાય. આતમ. ૭
રાગદ્વેષ મળ ગાળવા, ઉપશમ જળ ઝીલો,
આતમ પરિણતિ આદરી,પર પરિણતિ પીલો[6] આતમ. ૮
હું એહનો એ માહરો, એ હું એણી બુદ્ધિ,
ચેતન જડતા અનુભવે, ન વિમાસે શુદ્ધિ. આતમ. ૯

---

૧ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગરૂપ.

૨ જ્યાં સંકલ્પ વિકલ્પ શમ્યા ત્યાં કર્મનું આવાગમન પણ અટક્યું. * આવાગમન. ૩ ભગવતી સૂત્રમાં. ૪ આચારાંગ સૂત્રના પાંચમાં અધ્યયનમાં. ૫ ઉગ્ર વિહાર પ્રમુખ કરણી અંતરજ્ઞાન ઉપયોગ વિના મૂગ્ધ જનો કેવળ દુઃખ પાત્ર થાય છે. ૬ સ્વસ્વરૂપ રમણતા આદરીને પરપુદ્ગલ પ્રવૃત્તિને ટાળો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બાહિર દૃષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે,
અંતર દૃષ્ટિ દેખતાં, અક્ષય પદ પાવે. આતમ. ૧૦
અધ્યાતમ વિણુ જે ક્રિયા, તે તનુમળ તોલે;
મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે. આતમ. ૧૧
હું કરતા પરભાવનો, ઇમ જેમ જેમ જાણે;
તેમ તેમ અજ્ઞાને પડે, નિજ કર્મને ઘાણે. આતમ. ૧૨
ચરણ[1] હોય લજ્જાદિકે[2], નવિ મનને ભંગે;
ત્રીજે અધ્યયને કહ્યું, ઇમ પહેલે અંગે.* આતમ. ૧૩

શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ પોતે કરેલા ઉપરના ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય એમ છે કે આત્મજ્ઞાન વિના કરેલી ગમે તેવી કષ્ટ કરણી પણ દુઃખહરણી થતી નથી. અર્થાત્ અધ્યાત્મ ઉપયોગથી કરેલી કરણીજ આત્માને એકાંત સુખદાયી નીવડે છે. એટલે કે કેવળ આત્માને વિશુદ્ધિ કરવાની પવિત્ર બુદ્ધિથીજ કરેલી સંયમ કરણી સકળ સંસારિક ક્લેશનો સર્વથા અંત કરી અક્ષય અને અબાધિત એવું શિવ સુખ સમર્પે છે. એથી એવું પવિત્ર લક્ષ પેદા કરવા આત્માર્થી જનોએ અધ્યાત્મિક જ્ઞાનનો (તત્ત્વજ્ઞાનનો) અવશ્ય અભ્યાસ કરવો ઘટે છે. જેમ જેમ ઉક્ત જ્ઞાનનો પરિચય વધતો જશે અને પરમાત્મ કૃપાથી તેના યોગ્ય પરિણમનથી આત્મામાં અભિનવ જાગૃતિ આવતી જશે તેમ તેમ દુઃખદાયી સંકલ્પ વિકલ્પનો અંત આવતો જશે. વળી જેમ જેમ વિકલ્પ જાળ તૂટતી જશે તેમ તેમ અનાદિકાળથી થતી પ્રવૃત્તિના વેગનો પ્રબળ અટકાવ થશે અને આત્માના સહજ સ્વભાવમાં રમણતા વધતી

૧ ચારિત્ર. ૨ મનની શુદ્ધિથી આત્મનિગ્રહવડે. * શ્રી આચારાંગ સૂત્રમાં.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જશે. આ પ્રમાણે અનુક્રમે આત્મરમણતામાં થતી અભિવૃદ્ધિ તત્ત્વજ્ઞાનની તીક્ષ્ણતા સૂચવે છે. એથીજ ઉપર બતાવ્યું તેમ સહજ આત્મિક સુખ પ્રાપ્ત થાય છે. પરભાવથી વિરમી સ્વભાવમાં રમણતા કરનાર કોઇક વિરલ ભવ્યજનોને જ્ઞાન અને વૈરાગ્યના પરિપાકથી એવું આત્મિક સુખ સંભવે છે. શાસ્ત્રમાં જે ઉન્મનીભાવ કહેવાય છે, અથવા જે ઉદાસીનતા રૂપે ગવાય છે તે ઉપર કહ્યા મુજબ તત્ત્વજ્ઞાન (આત્મજ્ઞાન) ના દૃઢ અભ્યાસીને સહેજે પ્રાપ્ત થાય છે. ઉદાસીનતા આશ્રીગ્રંથકારેજ કહ્યું છે કે—

" અનાસંગ મતિ વિષયમેં, રાગ દ્વેષકો છેદ;
સહજ ભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ." (સમતાશતક).

ઉદાસીનતાનું આવું લક્ષણ શાસ્ત્રકારે બતાવ્યું છે. વિષય સુખમાં અનાસક્તિ, રાગદ્વેષયુક્ત કષાયના પરિણામનો અંત આવવો અને પરપરિણતિના પરીહારથી સહજ સ્વભાવમાં લીન થઇ રહેવું, એને અધ્યાત્મી પુરૂષો ઉદાસીનતા કહે છે. એવી ઉદાસીનતા પેદા કરવા શાસ્ત્રકારે જે શિખામણ આપી છે તે લક્ષમાં રાખી લેવી યુક્ત છે. વળી કહ્યું છે કે—

" તાકો કારણ અમમતા, તામેં મન અભિરામ;
કરે સાધુ આનંદઘન, હોવત આતમરામ."

" મમતા થિર સુખ શાકિની, નિરમમતા સુખમૂળ;
મમતા શિવ પ્રતિકૂળ હૈ, નિરમમતા અનુકૂળ "(સમતાશતક.)

ટુંકાણમાં ઉદાસીનતા પ્રગટ કરવા મમત્વ ભાવ દૂર કરી નિર્મમત્વ આદરવાજ ઉપદિશ્યું છે, અને એવી નિર્મમતા પ્રગટ કરવાની ખરી કુંચી એ છે કે નિરંતર 'આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અને આત્મ રમણતા' નિમિત્તે દઢ પ્રયત્ન કર્યા કરવો. એવા દઢ પ્રયત્ન યોગે આત્મામાં અભિનવ વૈરાગ્યકળા જાગશે, જેથી મમતારૂપી વિષવેલી આપોઆપ વિલય પામશે યતઃ—

"પરિણુતિ વિષય વિરાગતા, ભવતરૂ મૂળ કુઠાર;
તા આગે કયું કરી રહે, મમતાવેલી પ્રચાર." (સમતાશતક)

નવરસમાં પ્રધાન જે **શાંતરસ** ગવાય છે તે રસનો ભોગી શમવંત થાય છે. અર્થાત્ ઉદાસીનતા અથવા ઉન્મનીભાવને ધરનાર કોઇ સુભગ શાંત રસમાં નિમગ્ન થઇ પૂર્વોક્ત આપદાને વામે છે, સર્વ સંકલ્પ વિકલ્પને શમાવે છે, રાગદ્વેષરૂપ આંતર તાપને ટાળે છે, ચિત્તને સુપ્રસન્ન કરે છે, અથાત્ ક્લેશરહિત પરમાત્મતત્ત્વમાં લીન થાય છે, અને સર્વ ઉપાધિ-સંબંધથી મુક્ત એવા સ્ફટિક રત્ન જેવા નિર્મળ આત્મ-સ્વભાવમાં રમણ કરે છે. શાંત રસમાં નિમગ્ન થનારની આવી ભાગ્ય દશા જાગે છે. કાર્યાર્થી જનોએ અનુકૂળ કારણોને અવશ્ય આદરવાં જોઇએ. એ ન્યાયે શાંતસુખના અર્થી જનોએ યોગાવંચક થવું જોઇએ. એટલે મન વચન અને કાયાની **કુટિલતા તજી સરલતા સેવવી જોઇએ.** અવંચક યોગથી ક્રિયા અવંચકતા અને ક્રિયા અવંચકતાથી ફલ અવંચકતા અવશ્ય પ્રાપ્ત થાય છે. એજ શાંતિનો-મોક્ષનો સરલ માર્ગ છે. જે સદ્ગુણ આપણને અદ્યાપિ પ્રાપ્ત થઈ ચૂકયો હોય એવો મિથ્યાડંબર કરવામાં આત્માને ફાયદો તો કંઇએ નથી પણ ગેરફાયદો તો પારાવાર થાય છે. એમ સમજી મુમુક્ષુ જનોએ સદ્ગુણોને સાક્ષાત્ કરવાજ અહોનિશ યત્ન કરવો ઉચિત છે. શુદ્ધ લક્ષથી સેવેલો પ્રયત્ન સફળ થશેજ એવી આત્મશ્રદ્ધાથી અડગ પ્રયત્ન સેવનાર અંતે ઇચ્છિત લાભને

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મેળવી શકેજ છે. પરંતુ એવા પવિત્ર લક્ષને પુંઠ દઇને મિથ્યાભિમાનથી પોતાનામાં અણુછતા ગુણો લોક સમક્ષ દાખવવા જે મિથ્યા પ્રયત્ન કરે છે તે બાપડા વિવિધ વિકલ્પવડે રાગદ્વેષના વિષમ પાશમાં પડી પોતેજ પોતાને આ ભયંકર ભવભ્રમણના સંકટમાં નાંખે છે. એવા હતભાગ્ય જનો અલ્પ સુખને માટે અનલ્પ દુઃખ દાવાનળમાં અહોનિશ પચાય છે. દંભ સમાન કોઇ પણ કટ્ટો દુશ્મન નથી. શ્રી અધ્યાત્મસારમાં દંભત્યાગાધિકારે એ વાત સ્ફુટ રીતે બતાવી આપી છે. અનેક પ્રકારની પ્રગટ હાનિ છતાં દંભી લોકો દંભ શામાટે કરતા હશે ? એ પ્રશ્નનું સમાધાન ગ્રંથકારે આવી રીતે આપ્યું છે કે 'પોતાના છતા દોષો ગોપવવા, અને લોકમાં પોતાની પૂજા પ્રતિષ્ઠા કરાવવા માટે દુષ્ટ આશયથીજ મૂર્ખ લોકો દંભવડે કદર્થના પામે છે એ મ્હોટા ખેદની વાત છે.' દંભી લોકો પોતાનામાં અણુછતા ગુણો લોક સમક્ષ દાખવવા મનથી વચનથી અને કાયાથી રાતદિન પ્રયત્ન કર્યા કરે છે. તે માટે કુયુક્તિઓ રચે છે અને પોતે કરેલું કપટ બીજાના સમજવામાં ન આવે એવી સાવચેતી રાખે છે. એક જુઠને માટે અનેક જુઠાણાં કરે છે. તેમ છતાં તેમના પાપનો પડદો પુટતાં દુનિયામાં તેમનો અપજશ પ્રસરે છે અને અંતે નરકાદિકની દુઃખ જ્વાળામાં જઈ પચાય છે. આ પ્રમાણે તે પામરપ્રાણી ઉલટા અધોગતિને પામે છે, અને એકાન્ત દુઃખનેજ અનુભવે છે.

જે મહાનુભાવો પોતાના મન વચન અને કાયા ઉપર યોગ્ય અંકુશ રાખી શકે છે, તે નિર્દંભ આચરણથી શમસુખ ચાખવા શક્તિમાન થાય છે. શિવસુખના અભિલાષી મુમુક્ષુ જનોએ શમરસ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચાખવા કેવું નિર્દંભ આચરણ સેવવું જરૂરનું છે? તે ઉપરલી હકિકતથી સ્ફુટતર સમજી શકાય તેમ છે. નિષ્કપટપણે પવિત્ર લક્ષપૂર્વક તપ સંયમમાં પ્રયત્ન કરનાર મહાશયોને તે શાન્તરસ આસ્વાદવાનો મંગળકારી પ્રસંગ અવશ્ય આવી મલે છે. એવો મંગલ પ્રસંગ સદા સર્વદા ઇચ્છવાયોગ્ય છે. છેવટે વિપરીત લક્ષથી થતી અનિવાર્ય અધોગતિ અનુભવવાનો માઠો પ્રસંગ કોઇ પણ મુમુક્ષુને કદાપિ ન મળે એમ આપણે અંતઃકરણથી ઇચ્છા રાખશું. તે માટે દરેક મુમુક્ષુએ સ્વ સંયમમાં કેવી શુદ્ધ કાળજીથી પ્રવર્તવું જોઇએ તેનો શાસ્ત્રકાર પોતેજ ખુલાસો કરે છે.——

आनिच्छन् कर्म वैषम्यं, ब्रह्मांशेन समं जगत्

आत्माभेदेन यः पश्ये, दसौ मोक्षं गमी शमी. २

ભાવાર્થ—કર્મના સંબંધથી આત્માને અનુભવવી પડતી વિષમ સ્થિતિની ઉપેક્ષા કરી આત્માના મૂળ અવિનાશી સ્વભાવથી સમસ્ત જગતને જે આત્મતુલ્ય લેખે છે–દેખે છે તે સમતાવંત મુમુક્ષુ અવશ્ય મોક્ષ પામે છે. સમતારસમાં લીન થયેલ ઉદાસી મહાત્મા અવશ્ય મુક્તિગામી થાય છે.

વિવેચન—ત્રિવિધ પ્રકારના શુભાશુભ કર્મના યોગે પ્રાપ્ત થતાં સુખ, દુઃખ, સંપત્ વિપત્ માન અપમાન અને જશ અપજશ વિગેરે વિચિત્ર ભાવોમાં કેવળ સાક્ષી રૂપે ઉદાસીન રહી જે મહાનુભાવ ત્રિભુવનવર્તી સકળ જંતુઓને આત્માના મૂળ સ્વરૂપને લક્ષમાં રાખી સ્વસમાન લેખે છે, એવા ઉદાર આશયવાળા સમપરિણામી સજ્જનો અવશ્ય આત્મ-કલ્યાણ સાધી શકે છે. આવા કલ્યાણાર્થી સજ્જનો જગતમાં વિરલાજ સંભવે છે. જેમ જાતિવંત રત્ન ઠેકાણે ઠેકાણે મળતાં નથી, અને ચિંતામણી

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રત્નતો અત્યંત દુર્લભ છે તેમ શાંત રસમાં નિમગ્ન થઇ રહે-નારા મુમુક્ષુજનો પણ વિરલાજ દેખાય છે. ચિદાનંદજી મહારાજાએ એવાજ ઉદ્ગાર કાઢ્યા છે કે—

નિરપક્ષ વિરલા કોઇ, અવધુ નિરપક્ષ વિરલા કોઇ;
દેખ્યા જગ સહુ જોઇ, અવધુ નિરપક્ષ વિરલા કોઇ. ૧
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ,
અવિનાશી કે ઘરકી બાતાં, જાણેંગે નર સોઇ. અવધુ. ૨
રાવ રંકમે ભેદ ન જાને, કનક ઉપલ સમલેખે;
નારિ નાગિણીકો નહિં પરિચય, સો શિવ મંદિર પેખે અવધુ ૩
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હરખ શોક નવિ આણે;
તે જગમે જોગીશ્વર પૂરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે. અવધુ. ૪
ચંદ્રસમાન સૌમ્યતા જાકી, સાયર જિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પેરેનિત્ય, સુરગિર સમ શુચિ ધીરા. અવધુ.૫
પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઐસાજન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અવધુ૦ ૬

ઉપરલા પદ્યમાં જે બહુ અગત્યની વાત કહેલી છે, તે એ છે કે આત્માનંદી—આત્મારામી—સ્વભાવ રમણી સાધુજનોજ નિશ્ચે સ્વપરહિત સાધી શકે છે. અર્થાત્ એવા સમ સ્વભાવી પુરૂષોજ સ્વપરને તારવા સમર્થ થઇ શકે છે. કેમકે તેવા સંત-પુરૂષો એકાંત સુખદાયી વીતરાગ માર્ગનેજ અનુસરે છે. તે સ્વો-ત્કર્ષ કે પરાપકર્ષ કરતા નથી, પરંતુ નિવૃત્તિ માર્ગનેજ અનન્ય ભાવે આદરી અનુપમ એવા શાંત રસમાંજ ઝીલે છે. એવા મહાશય મુનિયો વૈરાગ્યની પરાકષ્ટાએ પહોંચવાથી પૂર્વે વખાણેલી ઉદાસીન દશાને સાક્ષાત્ અનુભવે છે. તેમને રાજા અને રંક,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સુવર્ણું અને પથ્થર, તૃણ અને મણિ સરખાં પ્રતિ ભાસે છે. તેમાંથી કોઇ એક ઉપર રાગ કે અન્ય ઉપર દ્વેષ તેમના મનમાં આવતો નથી. તેમને કોઇ વસ્તુમાં પ્રતિબંધ હોતો નથી અત્યંત મનોહર અપ્સરા અને અતિ ભયંકર નાગણિમાં તેમને સમાન ભાવ હોય છે. અર્થાત ગમે તેવી મોહન મહિલાના વિષય પાશમાં તે પડતા નથી, કેમકે વિષય વાસનાને તેમણે નિર્મૂળ કરી હોય છે. વળી તે વાસી ચંદન સમાન[1] હોઇ ગમે તેવા અનુકુળ કે પ્રતિકુળ પરિષહ ઉપસર્ગમાં અડગ–અચળ રહી શકે છે. નિંદા સ્તુતિ તેમના મન ઉપર અસર કરી શકતી નથી. માન અપમાન સંબંધી સઘળા સંકલ્પ વિકલ્પ શમી ગયા હોય છે. એવા પ્રબળ યોગીશ્વરો નિરંતર ગુણ શ્રેણીમાં આગળ ચઢતા અંતે અવિનાશી પદને અવશ્ય પામે છે. તેમનું દર્શન ભવ્ય ચકોરોને અમૃત જેવું પ્યારૂં લાગે છે. તેમની મુખમુદ્રા ચંદ્રના જેવી શીતળ હોય છે તેમનું હૃદય સમુદ્ર જેવું ગંભીર હોય છે. અસંખ્ય ગુણ રત્નના નિધિ હોવા છતાં તે એકાંત ગુણ ગ્રાહક અને હિતવત્સલ હોય છે. સ્વસંયમ યોગમાં ભારંડ પંખીની પેરે અપ્રમત્ત–સર્વથા પ્રમાદ રહિત હોય છે. અને મેરૂ-પર્વતની જેવા નિશ્ચળ પરિણામી હોય છે. અર્થાત ગમે તેવા ઘોર પરિસહ ઉપસર્ગથી પણ ચળાયમાન થતા નથી. આવા યોગીંદ્ર પુરૂષો વિશ્વવંદ્ય કેમ ન હોય? એવા મહાપુરૂષો પંકજની પેરે પાપ પંકથી કદાપિ લેપાતાજ નથી. શરદ રૂતુની જેવા સ્વચ્છ હૃદયવાળા હોવાથી તેમને કર્મમળ લાગતોજ નથી.

---

૧ કોઇ વાંસલા વડે છેદી જાય અથવા ચંદનવડે અર્ચીજાય એ બંને ઉપર સમભાવવાળા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કમળની જેમ તેમનું મન સંસારિક પ્રપંચથી ન્યારૂંજ રહે છે, અને એવી રીતે મન માયિક પ્રપંચથી મુક્ત થતાંજ શરદ ઋતુના નીરની જેવું નિર્મળ બની જાય છે. એટલે 'ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર' એ ન્યાયે એવા ઉત્તમ પુરૂષો પરમ પદને પામે એમાં આશ્ચર્ય શું ? એવા સંત પુરૂષોના સદુપદેશને સાવધાનપણે શ્રવણ કરી જે સહૃદય જનો તેને સમ્યગ્ અનુસરે છે તે પણ અનુક્રમે સર્વ દુઃખનો અંત કરી અક્ષય અવિચળ પદને પામે છે. 'કહેણી પ્રમાણે રહેણી' પાળનાર પ્રમાદ રહિતને સર્વત્ર ક્ષેમ છે. કહ્યું છે કે 'જગતના સર્વ જંતુઓને આત્મ સમાન લેખનાર, પરદ્રવ્યને ધૂળના ઢેફા જેવું ગણનાર અને પરસ્ત્રીને પોતાની માતા તુલ્ય માનનાર માણસજ ખરો જ્ઞાની છે.' સાચી કરણી વિના લૂખી કથની માત્રથી કશું વળતું નથી એમ સમજનારા સુજ્ઞ પુરૂષો સદા સાચી રહેણીમાંજ રાચે છે–રહેવું પસંદ કરે છે. આવા વિવેકી જનોજ-શમ રસને આસ્વાદવા શક્તિવાન્ થાય છે. '**જેવી જેની મતિ તેવીજ તેની ગતિ**' આ નાનકડું પણ ઊંડું વાક્ય બહુપેરે આલોચવા યોગ્ય છે. 'સરલ સ્વભાવીનુંજ કલ્યાણ થવાનું છે' એ વાક્ય પણ વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે. માયાવી માણસની કરણી કુલટા નારીના પ્રપંચ જેવી નિંદનિક ઠરે છે. માયા, ધર્મની વિરોધિની હોવાથી મુમુક્ષુ જનોએ તે અવશ્ય વર્જવી જરૂરની છે. અધ્યાત્મસારમાં ઉપાધ્યાયજી મહારાજે સ્પષ્ટ જણાવ્યું છે કે 'આ કાર્ય આમજ કરવું અને આ કાર્ય આમ નજ કરવું' એવો એકાંત વિધિ–નિષેધ જિનેશ્વર ભગવાને ઉપદેશ્યો નથી. પરંતુ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનો પૂરતો ખ્યાલ રાખીને કરવા

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચોગ્ય કાર્યમાં કિંચિત્ માત્ર કપટ તો નજ કરવું એવી એકાંત આજ્ઞા જિનેશ્વર ભગવાને કરેલી છે.' એ આજ્ઞાને વિરાધી સ્વચ્છંદે ચાલનાર અને માયા–કપટ કરી મિથ્યાડંબર બતાવનાર માનવો અવશ્ય અધોગતિગામી થાય છે. પરંતુ પ્રભુની પવિત્ર આજ્ઞાને જે ભવભીરૂ જનો સરલપણે સેવે છે તે જરૂર પોતાના પુરૂષાર્થના પ્રમાણમાં સુખે સ્વઉન્નતિ સાધી શકે છે. શિષ્ટ પુરૂષોએ પોતે સેવેલો અને ભવ્ય જીવોના એકાંત હિતને માટે બતાવેલો સીધો–સરલ માર્ગ મૂકી શામાટે માયાવાળા વિષમ માર્ગે ચાલવું જોઇએ? માયા જાળવડે મુગ્ધ જનોને ફસાવવા પ્રયત્ન કરતાં કોઇ વખત કરોળીયાની માફક પોતેજ તેમાં ફસાઇ પડે છે અને ભૂંડે હાલે મરે છે. મહા માઠી લેશ્યા (માઠા અધ્યવસાય) થી કમોતે મરી તે દુર્ગતિમાં જઇ રૂવે છે. આવી રીતે પોતાનીજ અવળી મતિથી કરણી કરનાર કપટી લોકોની દુઃખ પરંપરા જાણી કોને કરૂણા ન ઉપજે? મિથ્યાડંબરથી કોઇનું કલ્યાણ થયું નથી અને થવાનું નથી; પરંતુ તેથી અકલ્યાણ, અશિવ કે ઉપદ્રવ તો પગલે પગલે થાય છે–થવા સંભવ છે. છતાં ખેદની વાત છે કે મૂર્ખ માયાવી લોકો તે મધલાળને છોડતાજ નથી. જે ભવભીરૂ લોકો સર્વ માયા પ્રપંચ તજી નિષ્કપટપણે સર્વજ્ઞ-પ્રભુના પવિત્ર વચનાનુસારે યથાશક્તિ ધર્મકરણી કરવા ઉજમાળ રહે છે તે ભાગ્યશાળી ભવ્યો અવિરૂદ્ધ માર્ગને શુદ્ધ અંતઃકરણથી આદરતાં અનુક્રમે ઉપર કહ્યા મુજબ ઉદાસીન વૃત્તિને પામતાં શાંત રસનો (શમ સુખનો) અનુભવ કરવા શક્તિવાન થાય છે. પરંતુ એથી ઉલટા ચાલનારા લોકો શમ સુખથી સદા બેનશીબજ રહે છે. તો પછી તેવા કમનશીબ જનોને

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

મુક્તિનાં શાશ્વતાં સુખની તો આશાજ શી? શાશ્વત સુખના અર્થી જનોએ સ્વેચ્છાચારીપણું તજી નિષ્કપટપણે જિન ચરણમાં આત્માર્પણ કરવું જોઇએ. તેથી વિપરીત ચાલનારને ગ્રંથકારે સમાધિ શતકમાં સખ્ત ફટકો મારી કહ્યું છે કે—

'મારગ અનુસારી ક્રિયા, છેદૈ સો મતિહીન;
કપટ ક્રિયાબલ જગ ઠગૈ, સોભી ભવજળ મીન.'

આનો ભાવાર્થ એવો છે કે જેથી જીવ સન્માર્ગે ચઢે એવી વ્યવહાર–શૈલી મરડી જે નિશ્ચય પક્ષનેજ પોતે ગ્રહે છે અને અન્ય મુગ્ધ જનોને પણ નિશ્ચય પક્ષનીજ વાત કહી વ્યવહાર માર્ગથી વિમુખ કરે છે તે જૈનમાર્ગથી વિપરીતચારી મૂર્ખ–મતિહિન છે. કેમકે જે જૈનમાર્ગનું યથાર્થ રહસ્ય જાણે તે તો મુખ્યપણે સેવવા–આદરવા યોગ્ય વ્યવહાર શૈલીનો લોપ થાય એવો એકાંત નિશ્ચય પક્ષ પોતે અંગીકાર કરેજ નહિ, તેમજ તેવો અવિચારી ઉપદેશ પણ અન્યને આપેજ નહિ. જૈનમાર્ગની શૈલી જેણે સારી રીતે જાણી નિર્ધારી હોય તે નિશ્ચય અને વ્યવહારના પક્ષે પોતાનું વર્તન કેવું રાખે તો તેનું કલ્યાણ થાય તેનો ખુલાસો શાસ્ત્રકારે પોતેજ અન્યત્ર આવી રીતે કરેલો છે, કે—

'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, જે પાળે વ્યવહાર.
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર' ઇત્યાદિ.

આમાં સ્પષ્ટ સમજાય એવું છે કે નિશ્ચિત લક્ષ એટલે સાધ્ય વસ્તુરૂપ નિશ્ચયને હૃદયમાં ધારી રાખી જે તે સાધ્યને સિદ્ધ કરવા પ્રબળ સાધન રૂપ વ્યવહાર–ક્રિયાનું સેવન કરે છે તે અંતે સ્વ ઇષ્ટ સિદ્ધિ કરી શકે છે. મતલબ કે જે સાધ્યને સિદ્ધ કરવા ઇચ્છતો છતો તેના સાધન રૂપ વ્યવહારની ઉપેક્ષા

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કરે છે તે સ્વસાધ્યની સિદ્ધિ કરવા સમર્થ થઈ શકતો નથી. તેમજ જે સાધ્યશૂન્યપણે કેવળ અંધ વ્યવહારનોજ આશ્રય કરે છે અર્થાત્ મનમાં સ્વસાધ્યનો નિશ્ચય કર્યા વિના કેવળ અંધ ક્રિયા કર્યા કરે છે તે પણ વ્યવહાર–ક્રિયા કરતો છતો કંઇ પણ સ્વહિત સાધી શકતો નથી. બહુ બારીક દૃષ્ટિથી વિચારતા બંનેમાં અરસ્પરસ કાર્ય કારણ સંબંધ રહેલો છે. જેમ જેમ વ્યવહારની શુદ્ધિ તેમ તેમ સાધ્ય સિદ્ધિમાં સરલતા પ્રાપ્ત થાય છે. પરંતુ જે વ્યવહાર માર્ગની ઉપેક્ષા કરી એકાંત નિશ્ચય પક્ષનેજ ગ્રહે છે તે એકડા વિનાની શૂન્યો કરવા જેવું કરે છે. એકડા રૂપ વ્યહાર પૂર્વક નિશ્ચય સ્થાને ધારેલી સર્વ શૂન્યો સફળ થાય છે. ઉક્ત હેતુથી સિદ્ધ થાય છે કે જે શરૂઆતમાંજ સાધ્ય સિદ્ધિ માટે ખાસ જરૂરના વ્યવહારની અવગણના કરે છે તે મૂર્ખની પંક્તિમાં ગણાય છે. કોઇ પણ કાર્યની સંપૂર્ણ સિદ્ધિ થયા બાદ તેનાં કારણોની જરૂર રહેતી નથી તેમ મોક્ષ રૂપી સ્વકાર્ય સંપૂર્ણ સિદ્ધ થયા બાદ વ્યવહાર–સાધનરૂપ કારણની જરૂર રહેતી નથી. પરંતુ તેને માટે અવશ્ય સેવવા યોગ્ય વ્યવહારનો તદ્દન ત્યાગ કરી મોક્ષની આશા રાખવી તે તો બીજ વિના ફળની આશા રાખવા બરાબર છે. માટે કોઇ પણ મોક્ષાર્થીએ નિશ્ચય વ્યવહારના સંબંધમાં કાર્ય કારણ ભાવને અવધારી કદાપિ પણ કદાગ્રહ કરી એકાંત પક્ષ ગ્રહવો નહિં. કેમકે તેવો હઠ કદાગ્રહ કરી સ્વપરના અહિતમાં વૃદ્ધિ કરવા ઉપરાંત બીજી કોઇ વધારે મૂર્ખાઈ નથી.

વળી જે કપટ ક્રિયા કરીને બીજા મુગ્ધજનોને ઠગે છે તે પણ પથ્થર જેવા કઠોર હૃદયવાળા હોવાથી જાણી જોઇને સ્વપ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રને આ સંસાર સમુદ્રમાં ડુબાવે છે. જે ગુણનો ગંધ પણ પોતાનામાં આવ્યો નથી એવા ગુણનો પોતાનામાં ઉદય થયો હોય. તેવો મિથ્યાડંબર કરી અન્ય અજ્ઞ જનોને અંજાવી નાંખી સ્વપરને દુર્ગતિના દાવમાં ફેંકી દે છે. આવા પ્રકારની પ્રકટ અનીતિથી અધર્મની વૃદ્ધિ થાય છે અને તેનાં કડવાં ફળ ઘણા મુગ્ધ જનોને ભોગવવાં પડે છે. તે મહા પાપ–મહા અધમ અનીતિના પ્રવર્તક મૂર્ખ–મતિહીનજ છે એવો ગ્રંથકારનો ઊંડો આશય સમજી શકાય એવો છે.

વળી 'જન મન રંજન ધર્મનું મુલ ન એક બદામ' એ ન્યાયે વિચારતાં પણ કપટ કરણીથી કંઇ પણ લાભ સંભવતો નથી. અરે ! કપટ વિના પણ પરમાર્થ શુન્ય ચિત્તથી લોકમાં કેવળ વાહ વાહ કહેવરાવવા માટે કરેલો વ્યય વિશિષ્ટ ફળ દાયી થતો નથી તો પછી કપટ સહિતનું તો કહેવુંજ શું ? એથી તો ઉલટું આત્માને અધિક નુકશાન થાય છે. પરંતુ જો પવિત્ર ઉદ્દેશથી પરમાર્થ દૃષ્ટિ પૂર્વક કોઇ પણ સત્કાર્યમાં લોકસમુદાયનું આકર્ષણ કરવા તેમનું મનરંજિત થાય તેવી પ્રવૃત્તિ કરાય તો તેમાં કશો બાધ આવતો નથી. અર્થાત્ ધર્મની ઉન્નતિ માટે લોકરંજન કરવું ઉચિત છે પણ લોકરંજન માટે ધર્મ કરણી કરવી ઉચિત નથી એમ સમજી શાણા માણસોએ લોક દેખાવો કરવાની કૂડી ટેવ તજી જેમ આત્માનું અધિક હિત થાય તેમ પવિત્ર લક્ષથી સંભાળ પૂર્વક નિર્મળ ધર્મ કરણી કરવા યથાશક્તિ ઉદ્યમ કરવો જોઇએ. સદ્વિવેક વડેજ કરેલી કરણી યથાર્થ ફળ આપી શકે છે. જેમ વિવેકથી શસ્ત્ર ધારણ કરનાર તેના સદુપયોગવડે સ્વપરનું રક્ષણ કરે છે અને અવિવેકથી તે-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varaṇasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નો અવળો ઉપયોગ કરનાર ઉલટું સ્વપરનું અહિતજ કરે છે તેમ જ્ઞાન અને ક્રિયાના ઉપયોગ આશ્રી સમજવું. સદ્વિવેકવડે જ્ઞાન અને ક્રિયાનો સદુપયોગ કરનાર અમૃતજેવી શાંતિ અનુભવે છે પણ તેનો ગેરઉપયોગ કરનાર અવિવેકયોગે ઉલટો ક્લેશજ પામે છે. સદ્વિવેક યોગે કઈક ભવ્ય જનોનો જે જ્ઞાન ક્રિયાવડે ઉદ્ધાર થયેલો છે તેજ જ્ઞાન ક્રિયા તેના ગેરઉપયોગ વડે શસ્ત્રની જેમ સ્વપરનો સંહાર વાળે છે. આનું ફલિત એવું નીકળે છે કે જે જ્ઞાન ક્રિયા અથવા નિશ્ચય વ્યવહારના સમાશ્રયથી સદ્વિવેક વડે સુભગજનો શમામૃતનો આસ્વાદ કરી શકે છે તેમજ ગેરઉપયોગથી અવિવેકવડે દુર્ભગજનો કેવળ ક્લેશ પામે છે. આ પ્રસંગે સકળ હઠવાદ તજી શિષ્ટ પુરૂષોના સમય અનુસારે નિર્દંભ આચરણ સેવી સદ્વિવેક વડે સ્વમાનવ જીવન સફળ કરવા જે ઉપદિશ્યું છે તે યથાર્થ લક્ષમાં રાખી ભવ્યજનો જાગૃત થઈ સકળ દુઃખ સંહારની મર્મ કરણી સદ્ભાવથી સેવવા જો સફળ પ્રવૃત્તિ કરશે તો તે જન્મ મરણ સંબંધી સકળ તાપને ઉપશમાવી અપૂર્વ શાંતિનો અનુભવ કરી અનુપમ સુખમાં નિમગ્ન કરનાર પૂર્વોકત શમરસનો સારી રીતે આસ્વાદ કરી શકશે. કર્મની વિચિત્રતાથી થતી વિવિધ અવસ્થામાં તટસ્થ બુદ્ધિ રાખી આત્માના સહજ નિરૂપાધિક સ્વરૂપ સામેજ દૃષ્ટિ રાખી સહુને સમાન ભાવથી જોનાર સત્પુરૂષજ શમામૃતનો અનુભવ કરી અંતે અક્ષય અનંત સુખનો અધિકારી થાય છે એમ જણાવી હવે ગ્રંથકાર મોક્ષ સાધનરૂપ ક્રિયાની હદ (મર્યાદા) બતાવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

आरुरुक्षु र्मुनि र्योगं, श्रयेद् बाह्य क्रिया मपि
योगारूढः शमादेव शुद्धयत्यंतर्गत क्रियः २

ભાવાર્થઃ—યોગારૂઢ થવા ઇચ્છનાર મુનિએ બાહ્યક્રિયાને પણ સેવવી જોઇએ. પણ યોગારૂઢ થયેલ મહાત્મા તો અંતરંગ ક્રિયાને સાધતા છતા સમતાગુણના આસેવનથીજ આત્મશુદ્ધિ કરી શકે છે.

વિવેચન—મોક્ષ સુખ મેળવી આપે એવો યોગમાર્ગ જેણે અભ્યાસવો છે એટલે યોગમાર્ગ સાધવા જેની અભિલાષા જાગૃત થઇ છે તેને તદનુકુળ પ્રવૃત્તિ કરવારૂપ બાહ્યક્રિયા સેવવાની જે જરૂર પડે છે, તેનો કંઇક ખ્યાલ, ઉક્ત યોગ સંબંધી થોડું ઘણું સ્વરૂપ જાણવાથી-વિચારવાથી, સહેજે કરી શકાશે. યદ્યપિ યોગના અસંખ્ય ભેદો કહ્યા છે તોપણ યોગાષ્ટકમાં યોગનું સામાન્ય લક્ષણ આવી રીતે કહ્યું છે કે—

'मोक्षेण योजनाद्योगः, सर्वोप्याचार इष्यते'

જે સકળ કર્મમળથી મુક્ત કરી આત્માને અક્ષય અનંત અવ્યાબાધ એવું મોક્ષ સુખ મેળવી આપે, આત્માને સકળ જન્મ મરણની ઉપાધિથી છૂટો કરી શાશ્વતાં સુખ સાથે જોડી દે તે 'યોગ' સર્વ સદાચાર રૂપ તીર્થંકર ગણધરોએ કહેલો છે. જેમ અનેક માર્ગથી વહેતી આવતી નદીઓ અંતે સમુદ્રમાં મળે છે તેમ રાગદ્વેષરૂપ વિકારને વર્જી સમદૃષ્ટિથી સેવાતા ગમે તે સદાચારથી આત્મા અંતે અક્ષયસુખનો અધિકારી થાય છે. યોગના ભેદોની વ્યાખ્યા કરતાં ગ્રંથકારે પુનઃ કહેલું છે કે 'તેના સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા રૂપ પાંચ ભેદ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તેમાં ગુરૂવંદનાદિક આવશ્યક કરણી કરતાં જે આસન મુદ્રાદિક રાખવાની મર્યાદા કહી છે તે સ્થાન; પદચ્છેદ સહિત શુદ્ધ સ્પષ્ટપણે જે સૂત્રોચ્ચારણ કરવું તે વર્ણ; તેના રહસ્યાર્થની પર્યાલોચના કરવી તે અર્થ; ધ્યેય–આરાધ્ય વસ્તુનું સ્વરૂપ અથવા પ્રતિબિંબ હૃદયમાં સ્થાપવું તે આલંબન; આલંબન બે પ્રકારનાં છે રૂપી આલંબન અને અરૂપી આલંબન. તેમાં અર્હત્ પ્રતિમા, સ્થાપનાચાર્ય પ્રમુખ રૂપી આલંબન. તથા સિદ્ધત્વ, અર્હત્વાદિક શુદ્ધ પરમાત્મતત્ત્વનો સહજ ગુણના અભ્યાસે અંતરમાં અનુભવ જગાડવો એ અરૂપી આલંબન, અને નિજ કર્તવ્ય કર્મમાં તલ્લીન બની જવું તે એકાગ્રતા. ઉપર કહેલા યોગમાં બે કર્મયોગ છે, અને ત્રણ જ્ઞાનયોગ છે. તે દરેકના ઈચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થિરતાયોગ અને સિદ્ધિયોગ એમ ચ્યાર ચ્યાર ભેદ કહેલા છે. તેમાં પૂર્વોકત ભેદવાળા યોગી પુરૂષોના પવિત્ર ચરિત્રોમાં જે પ્રેમ ધરવો તે ઇચ્છાયોગ. તેવાજ પવિત્ર ચરિત્રનું યથાશક્તિ પરિશીલન કરવું એ પ્રવૃત્તિયોગ. લગારે દોષ લગાવ્યાવિના યથાર્થ યોગનું પાલન કરવું તે સ્થિરતાયોગ અને તદુપરાંત તેવા યોગ્ય જીવોને પણ આલંબનભૂત થવું તે સિદ્ધિયોગ. પુનઃ તે દરેક યોગના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એવા ચાર ચ્યાર ભેદ કરતાં સર્વે મળીને તેના ૮૦ ભેદ થાય છે. તેમજ ૧ યમ ૨ નિયમ ૩ આસન ૪ પ્રાણાયામ ૫ પ્રત્યાહાર ૬ ધારણા ૭ ધ્યાન અને ૮ સમાધિ એવા યોગના મુખ્ય આઠ અંગ બતાવ્યા છે. તેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અસંગતા એ પાંચ યમ કહેવાય છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન એ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પાંચ નિયમ: કહેવાય છે. પદ્માસન, વીરાસન, ઉત્કુટ, અને ગોદોહાદિક અનેક પ્રકારનાં આસનનો જય[1] શરીરની ચપલતા વારવા અને અનુક્રમે અભ્યાસયોગે ચિત્તનું પણ નિયંત્રણ કરવા ઉપયોગી છે. આસનજયથી શરીરમાં ઉત્પન્ન થએલા વિષમ વ્યાધિઓ પણ નષ્ટ થઇ જાય છે. વિવિધ વાયુનો જય કરી મનને સ્થિર કરવા પ્રાણાયામ કરવામાં આવે છે. તેમાં જે રેચક પૂરક અને કુંભક વડે વાયુનો જય કરવામાં આવે તે દ્રવ્ય પ્રાણાયામ અને મનની મલીનતા દૂર કરી શુદ્ધ અધ્યવસાય યોગે જે ચિત્તની શુદ્ધિ કરવ.માં આવે તે ભાવ પ્રાણાયામ કહેવાય છે. જેના વડે સ્વેચ્છા વડે વિવિધ વિષયોમાં પરિભ્રમણ કરતી ઇંદ્રિયોનો સારી રીતે નિગ્રહ કરી શકાય તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે. જેથી કોઇક ધ્યેય પદાર્થમાં ચિત્તને સ્થિર બાંધી રખાય તે ધારણા કહેવાય છે. કોઇ ધ્યેયાદિક પદાર્થની એકાકાર પ્રતીતિ થવી તે ધ્યાન કહેવાય છે, અને ધ્યાતા ધ્યેય તથા ધ્યાનની એકતા થઈ જવી તે સમાધિ અથવા સમાપત્તિ કહેવાય છે. આવી રીતે સંક્ષેપથી અષ્ટાંગયોગનું સ્વરૂપ કહેલું છે. તેનું વિશેષ સ્વરૂપ તો પૂર્વ આચાર્ય કૃત યોગગ્રંથોથી સ્પષ્ટ થઇ શકશે. પરંતુ ઉપરલી હકીકત વાંચવાથી એટલું તો લક્ષમાં આવી શકશે કે યોગારૂઢ થતા સુધી બાહ્યક્રિયાની પણ જરૂર પડે છે. જો બાહ્યક્રિયાનો સર્વથા અનાદર કરવામાં આવેતો ઉપર કહેલા યોગાભ્યાસનો ક્રમ સચવાય નહિ. અને એ ક્રમ સાચવ્યા વિના સર્વ યોગની સિદ્ધિ થઇ શકે નહિં તેથી યોગારૂઢ થતા સુધી તો બા-

---

૧. યોગાસન તેનો અભ્યાસ કરતાં એક પ્રહરાદિક તે ટકાવી રાખવાં તે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હ્યક્રિયાની આસેવના કરવાની અવશ્ય જરૂર પડે છે. યોગારૂઢ થયા બાદ અર્થાત્ સર્વ યોગની સ્થિરતા સિદ્ધ થયા બાદ કેવળ અંતર્ગતક્રિયા–આંતરલક્ષ પૂર્વક શમગુણના આસેવનથી જ આત્મશુદ્ધિ થઇ શકે છે. પરંતુ આ હદ પામવી ઘણી દુર્લભ છે. આત્મ વંચક જનોને તો તે અસાધ્ય છે. પણ આત્માર્થી જનોને તે પ્રયત્ન સાધ્ય છે. માટે એવી ઉંચી હદ પ્રાપ્ત થતાં સુધી તે હદ પહોંચવાનો રાજમાર્ગ તજવો નહિં. દરેક યોગાભ્યાસીએ યોગમાર્ગનું અનુસેવન કરતાં જરૂર જેટલી બાહ્યક્રિયા પણ રૂચિ પૂર્વક સેવવી જોઇએ પછી અનુક્રમે યોગસિદ્ધિ થયા બાદ બાહ્યક્રિયાની જરૂર રહેશે નહિં. એટલુંજ નહિ પરંતુ છેવટ નિર્વિકલ્પ ત્યાગ પ્રાપ્ત થતાં સર્વ વિકલ્પ માત્ર અને ક્રિયા માત્ર પણ સ્વતઃ શાંત થઇ જશે.

યતઃ–'निर्विकल्पे पुनस्त्यागे, न विकल्पो न वा क्रिया'

અર્થાત્ ક્ષાયક–યથાખ્યાત[1] ચારિત્ર પ્રાપ્ત થયા પછી કંઇ પણ વિકલ્પ કે ક્રિયાની જરૂરજ રહેતી નથી. યોગાભ્યાસીને માટે ઉપરલો ક્રમ બતાવી હવે ગ્રંથકાર શમગુણ પ્રાપ્તિનાં કારણ કથતા છતા તેથી કેવા અપૂર્વ ફાયદા થાય છે તે બતાવે છે.

ध्यानवृष्टे र्दया नद्याः शमपूरे प्रसर्पति ।
विकारतीर वृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥ ४ ॥

ભાવાર્થ—ધ્યાનવૃષ્ટિથી પ્રભવેલી દયારૂપી નદીનું શમરૂપી પાણીનું પૂર ચઢયે છતે કાંઠે ઉગેલાં વિકાર રૂપી વૃક્ષો મુળથી ઘસડાઇ જાય છે.

વિવેચન—કોઇ પણ વિષયમાં મનનું એકાગ્ર પણ થવું

---

૧ જેમાં રાગદ્વેષ કષાય મોહનો સર્વથા ક્ષય થયેલો છે એવું વીતરાગ ચારિત્ર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તે ધ્યાન કહેવાય છે. શુભાશુભ અધ્યવસાયયોગે તેમાં થયેલા પરિણામ મુજબ તે ધ્યાન શુભાશુભ અથવા શુદ્ધાશુદ્ધ કહેવાય છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે શુભ અથવા શુદ્ધ ધ્યાનના ભેદ છે ત્યારે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે અશુભ અથવા અશુદ્ધ ધ્યાનના ભેદ છે. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય એ ચાર પ્રકારે ધર્મધ્યાન થાય છે. સર્વજ્ઞ પરમાત્માએ આપણા એકાંત કલ્યાણને માટે યોગ્યતાનુસારે જે જે આજ્ઞાઓ કરેલી છે, (મુનિને માટે ક્ષમા, માર્દવ, આર્જવાદિ દશ પ્રકારની સખ્ત આજ્ઞા ફરમાવી છે તેમજ તેજ દશવિધ માર્ગને યથાશક્તિ બની શકે તેટલે અંશે આરાધવા ગૃહસ્થ શ્રાવકને પણ ફરમાવ્યું છે, એમ પરમકૃપાળુ ભગવંતે જે જે વિધિનિષેધ ભવ્ય પ્રાણીઓના એકાંત હિતને અર્થે જણાવેલ છે,) તેનું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરી તે પ્રમાણે વર્તવા ગફલત નહિ કરતાં સદા સાવધાન રહેવું તે આજ્ઞાવિચય. રાગ, દ્વેષ, કામ, ક્રોધ મોહાદિ અંતરંગ શત્રુઓથી સદા ચેતતા—જાગતા રહેવું તે અપાયવિચય. પૂર્વે કરેલાં શુભાશુભ કર્મના ઉદય અનુસારે જીવને જ્યારે શુભાશુભ સંયોગ મળે છે ત્યારે હર્ષ શોક નહિ કરતાં તે દરેક પ્રાપ્ત સંયોગમાં સમભાવ રાખી સ્વકર્તવ્યપરાયણ રહેવું તે વિપાકવિચય. ચૌદ રજ્જવાત્મક સંપૂર્ણ લોકનું સંસ્થાન—સ્વરૂપ વિચારી અંતે સંપૂર્ણ લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્ય પ્રદેશવાળા પોતાના આત્માના સ્વરૂપનો નિર્ધાર કરી સ્વભાવરમણી થવું તે સંસ્થાનવિચય ધર્મધ્યાન સમજવું. વળી ૧ પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર, ૨ એકત્વ વિતર્ક અપ્રવિચાર, ૩ સૂક્ષ્મક્રિય અપ્રતિપાતિ અને ૪ વિ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ગતક્રિય અનિવર્તી એ રીતે ૪ ચાર પ્રકારનું **શુક્લધ્યાન** શાસ્ત્રમાં વર્ણવેલું છે. પરંતુ તે અતિ વિશુદ્ધ ધ્યાન કેવળ અનુભવગમ્ય હોવાથી તેનું સ્વરૂપ આપણી જેવાને અગમ્ય છે. **પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ** અને **રૂપાતીત** એવા ચાર ૪ ભેદ પણ ઉપર બતાવેલ નિર્મળ ધ્યાનના થઇ શકે છે. પ્રભુંની પરમ શાન્ત મુદ્રા (પ્રતિમાદિક) નું આલંબન લહી આપણા મનની તદાકાર વૃત્તિ કરવી તે **પિંડસ્થ**, પ્રભુના પવિત્ર નામ મંત્રનું આલંબન લઈ ચિત્તનું એકાગ્રપણું કરવું તે **પદસ્થ**, પ્રભુની વીતરાગ દશા કેવળી અવસ્થાનું આલંબન લઇ ચિત્તવૃત્તિને તદાકાર કરવા પ્રયત્ન કરવો તે **રૂપસ્થ** અને પ્રભુની સિદ્ધ દશાનેજ અવલંબી ચિત્તની તદાકાર વૃત્તિ કરવી તે **રૂપાતીત** ધ્યાન કહ્યું છે. ઉપર બતાવેલ નિર્મલધ્યાન ત્યારે જ સધાય છે કે જ્યારે જીવ માઠા આચાર વિચારનો દિન પ્રતિદિન પરીહાર કરવાપૂર્વક શુદ્ધ નિર્મળ આચાર વિચાર પાળવા તન મનથી પોતે પ્રયત્ન કરે, નમ્ર અને મિષ્ટ વચનથી એવો પ્રયત્ન કરાવે તેમજ તેવા પવિત્ર પ્રયત્ન કરનારને યથાઅવસર અનુમોદન આપે. જે બાપડા પામર પ્રાણીયો અહોનિશ કલ્પિત સ્વાર્થમાંજ મગ્ન રહી ક્ષણિક એવાં વિષયસુખને કાજેજ મથન કરી રહ્યા છે તેમને તો ઉપર કથેલા પ્રશસ્ત ધ્યાનનો કે તેથી સાક્ષાત્ અનુભવાતાં સ્વાભાવિક સુખનો સ્વાદ સરખો ક્યાંથી મળી શકે ? પરંતુ જે સત્પુરૂષો સ્વાર્થત્યાગી બની ક્ષણિક એવાં કલ્પિત સુખની દરકાર નહિ કરતાં કેવળ પારમાર્થિક સુખની જ ગવેષણા કરી રહ્યા છે, તેમને પુરૂષાર્થ યોગે પારમાર્થિક પંથે પળનાં પ્રશસ્ત ધ્યાનનો તેમજ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સહજજનિત સત્ય સ્વભાવિક સુખનો આસ્વાદ કરવાનો સહેજે પ્રસંગ મળે છે. નિર્મળ ધ્યાનયોગે સકળ કર્મમળ દગ્ધ થઇ જાય છે. જેથી આત્મા કાંચનની જેવો વિશુદ્ધ થાય છે, તેમજ તેવા પ્રશસ્ત ધ્યાનયોગે ચિત્તની પણ વિશેષતઃ સ્થિરતા–શુદ્ધિ સંપ્રાપ્ત થઈ શકે છે. આત્માના સ્વભાવિક ગુણોને અજવાળવાને ચિત્તની સ્થિરતા કેટલી બધી ઉપયોગી છે અને ચિત્તની અસ્થિરતાથી કેટલું બધું નુકશાન થાય છે તેનું આપણે પાછલા ત્રીજા અષ્ટકમાં વિસ્તારથી અવલોકન કર્યું છે. અને ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનનું પણ સ્વતંત્ર સ્વરૂપ આ ગ્રંથના ૩૦ મા અષ્ટકમાં આગળ જતાં વર્ણવેલું છે. પ્રશસ્ત ધ્યાનથી આત્માનો કેટલો બધો ઉપયોગ થાય છે તે અત્ર જોવાનું છે. ચિદાનંદજી મહારાજ ઉક્ત ધ્યાનનું માહાત્મ્ય પ્રગટ કરતા છતા કહે છે કે—

આતમધ્યાન સમાન જગતમે, આ૦
સાધન નહિં કોઉ આન, જગતમે આ૦
રૂપાતીત ધ્યાનકે કારણ, રૂપસ્થાદિક જાણ;
તાહુમે પિંડસ્થધ્યાન પુન, ધ્યાતાકું પરધાન. જગતમે આ૦ ૧
તે પિંડસ્થ ધ્યાન કેમ કરીયે, તાકો એમ વિધાન;
રેચક[1] પૂરક[2] કુંભક[3] શાંતિક, કરસુખમન ઘર આન જગત૦ ૨
પ્રાન[4] સમાન ઉદાન વ્યાનકું, સમ્યગ ગ્રહહું અપાન;
સહજ સુભાવ સુરંગ સભામે. અનુભવ અનહદ તાન જગ૦ ૩

---

૧ પ્રાણાયામ.—શ્વાસોશ્વાસ નિરોધના નિયમથી વાયુને બહાર નિકાળવો. ૨ વાયુને અંદર પૂરવો. ૩ વાયુને સ્થિર કરવો. ૪ પ્રાણ આદિક વાયુ શરીરના જૂદા જૂદા ભાગોમાં વ્યાપેલા જાણવા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કર આસન ધર શુચિ સમ મુદ્રા[1], ગ્રહી ગુરૂગમ એ જ્ઞાન;
અજપાજાપ સોહં સુ સમરન, કર અનુભવ રસપાન. જગ૦ ૪
આતમધ્યાન ભરત ચક્રી લહ્યો, ભવન આરીસા જ્ઞાન;
ચિદાનંદ શુભ ધ્યાન જોગ જન, પાવત પદ નિરવાન. જગતમેં૦ ૫

પિંડસ્થાદિક ધ્યાનનું સુખ અનુભવગમ્ય હોવાથી તેના અભ્યાસીને જ તે પ્રાપ્ત થાય છે. ઉપરના પદ્યમાં પિંડસ્થાદિક ધ્યાનનું વર્ણન કરેલું છે અને તેનો ઉપાય પણ બતાવ્યો છે. રેચક, પૂરક, કુંભક અને શાંતિકવડે શરીરમાં રહેલા અનેક જાતના વાયુનો નિગ્રહ કરવો અને એમ કરીને મનને સ્થિર કરવું. મનને અને વાયુને કંઇ એવો ગાઢો સંબંધ છે કે વાયુની સ્થિરતાએ મનની પણ સ્થિરતા થાય છે, એથી જ વાયુનો નિરોધ કરવાની જરૂર રહે છે. તન મનને બાધાકારી મળનું ઉપર બતાવેલી ક્રિયાથી શોધન થાય છે. અને તેમ થતાં તન મન ચોખ્ખાં થાય છે, પરંતુ એ ક્રિયા કરતાં ગુરૂગમ્ય લઇ તે મુજબ વર્તવા કાળજી રાખવી જોઇએ, નહિંતો ઉલટું નુકશાન થઇ જાય છે. આ દ્રવ્ય રેચકાદિ ક્રિયા ઉપરાંત પ્રથમ ભાવ રેચકાદિનું સ્વરૂપ સમજાવ્યું છે. તેની પ્રાપ્તિ થયેજ સર્વ પ્રયત્ન સફળ થાયછે. મનની સ્થિરતા થતાં તે સર્વ સુસાધ્ય થાય છે. જેમ પવન પડી જતાં–શાન્ત થતાં વાધેલી મેઘની ઘટા નિષ્ફળ જતી નથી, તેમ મન સ્થિર થતાં–શાન્ત થતાં સમાધિરૂપ મેઘઘટા વાધતી અમોઘ વૃષ્ટિને કરે છે. તેમાં પણ જો પુનઃ ચિત્તની અસ્થિરતારૂપ

---

૧ યોગ મુદ્રા, જિન મુદ્રા, અને મુક્તાસુક્તિ મુદ્રા પ્રમુખ કોઈ વિશિષ્ટ મુદ્રા, અથવા સમમુદ્રા એટલે સમતા સંભવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

વાયુની ઉદીરણા થાય તો તે વાધેલી સમાધિરૂપ મેઘની ઘટા પાછી વિખરાઇ જાય છે. પરંતુ પૂર્વપ્રયત્નયોગે પ્રગટેલી ચિત્તની સ્થિરતા એમની એમ જળવાઇ રહે, પ્રતિકૂળ સંયોગે વિખરાઇ ન જાય તો તેથી અવિચ્છિન્ન સુખ-સમાધિરૂપ મેઘની વૃષ્ટિ થાય છે. અને એવી રીતે અવિચ્છિન્ન સુખ-સમાધિની વૃષ્ટિ થવાથી દયારૂપી નદી છલકાઇ જાય એવું શમ (શાંતિ)રૂપ પાણીનું પૂર એટલુંબધું વધે છે કે તેથી પાંચે ઇંદ્રિયોના સકળ વિષય વિકારરૂપ વિષવૃક્ષો સમૂળગાં ઘસડાઇ જાય છે. જ્યારે બહિર વિષયોમાં ભટકતું મન શુભ અભ્યાસ વશાત્ તેમાંથી નિવર્તી શુભ આલંબન યોગે અંતર્મુખ થઇ સ્થિરતા પામે છે ત્યારે ધ્યેય વસ્તુમાં ચિત્તની એકાગ્રતા થતાં અન્ય સર્વ સંકલ્પ વિકલ્પની ઉપશાંતિ થવાથી જ્યારે શમ સામ્રાજ્ય પ્રવર્તે છે ત્યારે રાગ દ્વેષાદિક દુષ્ટ વિકારો આપોઆપ અદૃશ્ય થઇ જાય છે, ઉપાધ્યાયજી મહારાજે, અન્યત્ર **શ્રીશાંતિનાથજી**ની સ્તવના કરતાં કહ્યું છે કે—

તાહરૂં ધ્યાન તે સમકતરૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છેજી;
તેહથી રે જાયે સઘળાં હો પાપ, ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી.૪
દેખીરે અદ્‌ભૂત તાહરૂં રૂપ, અચરિજ ભવિકા અરૂપી પદ વરે જી;
તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી.૫

આવી રીતે ધ્યેય સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા થતાં સમ્યગ્ દર્શન, જ્ઞાન, અને ચારિત્રનો અદ્‌ભૂત લાભ પામી આત્મા અંતે અજર અમર પદનો ભોક્તા થઇ શકે છે. આમ પ્રસંગોપાત ધ્યાનનું પણ સ્વરૂપ વર્ણવી તેનો પ્રભાવ વર્ણવ્યો છે; તે શમ-સામ્રાજ્યનું પ્રબળ સાધન હોવાથી હવે સર્વ ગુણોનો અભ્યાસ કરતાં સાધુજનોએ શમનું પ્રધાનપણું સ્વીકારી તે સદા-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કાળ જાળવી રાખવું જોઇએ. એમ સ્પષ્ટ કરતા થકા ગ્રંથકાર જણાવે છે.

ज्ञान ध्यान तपः शील सम्यक्त्व सहितो प्यहो !
तं नाप्नोति गुणं साधु र्यमाप्नोति शमान्वितः ९

ભાવાર્થ—અહો આશ્ચર્યની વાત છે કે જ્ઞાન ધ્યાન તપ શીલ અને સમ્યકત્વ ગુણ સહિત છતાં સાધુ તેવો આત્મલાભ નથી પામતા કે જેવો આત્મલાભ શમ સંયુક્ત સાધુ પામી શકે છે.

વિવેચન—' उवसम सारं खु सामन्नं ' આ મહા ગંભીર અર્થસૂચક સૂત્ર વચન જે મહાનુભાવ સાધુઓ સદા સરહસ્ય સંભારી રાખે છે તેઓ તો સારી રીતે સમજ સાથે આત્માર્થીપણે સ્વીકારે છે કે ' ઉપશમ ગુણ આદરવો એજ ચારિત્રનું સાર છે. ' ઉપશમ વિના ચારિત્ર કરણી નિષ્ફળપ્રાય છે. શમ ઉપશમ, પ્રશમ, શાન્તિ, ક્ષમા, સમતા, કષાયજય, અને વૈરાગ્ય પ્રમુખ સર્વે એકાર્થવાચી છે. કષાયના જયથી પ્રગટ થતા ઉપશમ ગુણવિના ચારિત્ર કેવળ હાંસીપાત્ર થાય છે. ઉપશમ વિના ચારિત્રની કઠણ ક્રિયા કરતા છતાં નિર્વાણ પદની પ્રાપ્તિ થતી નથી. શમ યુક્ત સાધુ જેવી સ્વભાવિક શાંતિ આત્મામાં અનુભવી શકે છે તેવી શાંતિ શમગુણ વિનાના સાધુ જો કે સમકિત સહિત જ્ઞાન, ધ્યાન, તપ, શીલ આદિક ગુણના અભ્યાસી હોય તોપણ અનુભવી શકે નહિ. શમ ગુણની જે વ્યાખ્યા આ અષ્ટકની શરૂઆતમાં જ ગ્રંથકારે આપેલી છે, તે ઉપરથી સમજી શકાશે કે એવી અદ્‌ભૂત શાંતિ પ્રગટવી એ આત્મજ્ઞાનનું અપૂર્વ ફલ છે. અર્થાત્ આત્મજ્ઞાન એ કારણ છે અને શમ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

રૂપ તેનું ફળ છે. જ્ઞાનાષ્ટકમાં કહ્યા મુજબ " જેનાથી પોતા-નામાં ઉદ્‌ભવેલા રાગદ્વેષાદિક દુષ્ટ વિકારો દૂર થાય-નષ્ટ થાય એવા એક પણ પરમાર્થયુક્ત વચનનું વારંવાર રટણ કરવું એજ ઉત્કૃષ્ટ જ્ઞાન છે. પરમાર્થ શૂન્ય એવા ઘણા જ્ઞાનનો કંઇએ આ-ગ્રહ નથી." આવા થોડા પણ તત્ત્વજ્ઞાનના બળથી પૂર્વે 'મા-ષતુષ' મુનિનું કામ થયેલું આપણે સાંભળ્યું છે. તેમજ 'ઉ-પશમ, વિવેક અને સંવર' એવા ત્રણ પદની યથાર્થ રટનાથી ચિલાતીપુત્ર જેવા અઘોર પાપી જીવનું પણ કલ્યાણ થઇ શકયું, તો બીજા સુલભબોધી જીવનું તો કહેવું જ શું? આવા એક કે અનેક પરમાર્થયુક્ત વચનનું આલંબન લઇ જે ભ-વ્યાત્મા પોતાનું કલ્યાણ સાધવા માગે છે તે સુખેથી નિઃશંકપણે પોતાનું કલ્યાણ સાધી શકે છે. 'આત્મામાં ખરી શીતલતા પેદા કરે એવા તત્ત્વજ્ઞાનનો લેશ પણ પામવો દુર્લભ છે. તો જે પુ-ણ્યાત્મા તેવા તત્ત્વજ્ઞાનમાં સદા મગ્ન-ડુબાડુબ રહે છે, તેમનું તો કહેવુંજ શું?' મતલબ કે જે જ્ઞાનથી આત્મામાં ખરી શાં-તિ-શીતલતા પેદા થાય તેજ જ્ઞાન, તેજ ધ્યાન, તેજ તપ અને તેજ શીલ પ્રશંસવા યોગ્ય છે. જો કે સમકિતવંતમાં અનંતાનુબં-ધી કષાયના અભાવે કેટલાક અંશે ઉપશમ ભાવ તો હોય છેજ, તો પણ અત્ર જે શમગુણનું વર્ણન કરેલું છે તે આત્મજ્ઞાનના દૃઢ અભ્યા-સથી બહુધા કષાય માત્રના ક્ષયઉપશમથી ઉત્પન્ન થયેલા ગુણવિશેષ માટેજ સમજવાનું છે, અને તેની વ્યાખ્યા અષ્ટકના આરંભમાંજ આ-પેલી છે. આવા શમ ગુણના પ્રભાવથીજ પૂર્વે અનેક મુનિવરોએ શિવ સુખ સાધ્યું છે. જ્યારે ગજસુકુમાળ મુનિના શિર ઉપર તેના સસરા સોમિલે દુષ્ટ આશયથી ખેરના ધગધગતા અંગારા ભ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચાં ત્યારે તે મુનિએ આત્મામાં જે અપૂર્વ શાંતિ અનુભવી, તે આવા સમ પરિણામથીજ. શમનો બીજો અર્થ અપૂર્વ શાંતિ સમતા કે ક્ષમા કહી શકાય. અવંતિસુકુમાલ, દ્રઢપ્રહારી, મેતાર્યમુનિ તેમજ ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોએ જે પરમપદ સાધ્યું તે આ અપૂર્વ ગુણના પ્રભાવે જ. આ અનુપમગુણની પ્રાપ્તિથી જ ચારિત્ર ચરિતાર્થ એટલે સફલ થાય છે તે વિના ચારિત્ર ફોગટ કલેશરૂપ થાય છે. પૂર્વે મગ્નાષ્ટકમાં કહ્યું છે તેમ ‘ સાધુના ચિત્તની પ્રસન્નતારૂપી તેજોલેશ્યાની વૃદ્ધિ ચારિત્ર પર્યાયની વૃદ્ધિ સાથે વધતી જાય છે. તે આવા અપૂર્વ આત્મગુણના અભ્યાસી આશ્રી સમજવું. ’ ‘ ફક્ત ૧૨ માસના દીક્ષા પર્યાયવાળા સાધુ પોતાના ચિત્તની પ્રસન્નતાવડે અનુત્તર વિમાનવાસી દેવથી પણ અધિક સુખશાન્તિ મેળવી શકે છે. ’ આ સર્વ અનુક્રમે અભ્યાસ કરાતા પરમાર્થયુક્ત ચારિત્ર આશ્રી વ્યવહારનયની અપેક્ષાએ કહેલું જાણવું. નિશ્ચયનયથી તો આત્મ સ્વરૂપમાં રમણ કરનાર મહાશય અલ્પ સમયમાં મોક્ષનાં સુખ મેળવી શકે છે. એવાં અનેક દૃષ્ટાંત શાસ્ત્રમાં મળી શકે છે. તેવા મહા પુરૂષોના પવિત્ર ચરિત્રથી બોધ લહી આપણે પણ યથાશક્તિ તેમનાં પનોતે પગલે ચાલવા ચીવટ રાખવી યુક્ત છે. એવી શાંતિ–સમતા–ક્ષમાના ચિર પરિચયથી આપણે પણ અવશ્ય અક્ષય સુખના અધિકારી થઈ શકશું. અપૂર્વ શમ–શાંતિ ! તારી બલિહારી છે.

આવી રીતે શમયુક્ત ચારિત્ર પાળનાર મુનિજનોનો મહિમા અચિંત્ય છે, તેનું કોઇ રીતે વર્ણન થઇ શકે એમ નથી તે વાત શાસ્ત્રકાર પોતે જ જણાવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

स्वयंभूरमणस्पर्द्धि, वर्द्धिष्णु समतारसः
मुनिर्येनोपमीयेत, कोपि नासौ चराचरे. ६

ભાવાર્થ—સ્વયંભૂરમણ નામના વિશાળ સમુદ્રની સાથે સ્પર્ધા કરતો સમતા રસ જેમનામાં નિરંતર વૃદ્ધિ પામતો જાય છે, એવા મુનિવરને ઉપમા આપી શકાય એવી કોઇ પણ ચીજ આ ચરાચર જગતમાં જણાતી જ નથી.

વિવેચન—સ્વયંભૂરમણ નામનો સમુદ્ર સર્વ સમુદ્રોથી મ્હોટો છે, અસંખ્યાત યોજન પ્રમાણ વિશાળ છે, અગાધ જળથી ભરેલો છે, તો પણ તેની ઉપમા મુનિને ઘટતી નથી. કેમકે મુનિમાં તો અપરિમિત સમતા રસ છતાં તેમાં દિન પ્રતિદિન વધારોજ થતો જાય છે.

'જે સમસ્ત તત્વને જાણે-મુણે છે તે મુનિ કહેવાય છે' અર્થાત્ જે સદ્વિવેકવડે સમસ્ત દુઃખદાયી સંયોગ (વિભાવ)નો ત્યાગ કરીને સદા સુખદાયી સ્વભાવ રમણને સેવે છે, તેજ મુનિ ભાવ નિગ્રંથ ગણાય છે. તેવા મુનિજન આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મ રમણરૂપ પવિત્ર રત્નત્રયીના સેવનથી સદા સમતા-રસમાં ઝીલે છે. વળી અપૂર્વ જ્ઞાનધ્યાન તથા તપજપ સંયમના અભ્યાસથી નિરંતર ઉક્ત સમતારસની વૃદ્ધિ થયા કરે છે તેમાંજ રાજહંસની પેરે મુનિવરો સદા નિમગ્ન રહે છે. એવી રીતે આત્માના સ્વભાવિક સુખમાં લયલીન રહેનારા મુનિજનોને કઇ વસ્તુની ઉપમા દઇ શકાય ? સર્વાંશે સરખાવી શકાય એવી તો એકે ચીજ નથી. પરંતુ કોઇ અંશે સરખાવી શકાય એવી ઉત્તમ વસ્તુઓનીજ ઉપમા મુનિજનોને આપવામાં આવે છે. એથી એવી મતલબ સમજવાની છે કે એ બધી ઉપમાઓ સર્વદેશી નહિં

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પણ એક દેશી હોય છે. જેવી રીતે શક્રસ્તવ (નમુથ્થુણં) માં તીર્થંકર મહારાજને વિવિધ પ્રકારની ઉત્તમ ઉપમાઓ આપી છે. તેવી રીતે અત્રાપિ સમજી લેવું.

શ્રીમત્ ચિદાનંદજી મહારાજ શુદ્ધ નિગ્રંથ મુનિના ગુણગ્રામ કરતા થકા કહે છે કે—

ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયરજિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પેરે નિત્ય, સુરગિરી સમ શુચિ ધીરા.

અવધુ નિરપક્ષ વિરલા કોઇ

પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઐસા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા. અ૦

ચંદ્રમા અમૃતકિરણ કહેવાય છે, તેનાં શીતળ કિરણોને નિરખતાં જોનારની આંખને શીતળતા વળે છે તેથી અધિક શીતળતા સંત સુસાધુ જનોનાં દર્શન કરતાં પ્રગટે છે. ચંદ્રમાનાં કિરણનો સ્પર્શ થતાં ક્ષણિક એવું તાત્કાલિક સુખ થાય છે, ત્યારે સત્પુરૂષોનો સમાગમ થતાં ભવ્યાત્માને ચિરકાળ સ્થાયી એવું સ્વભાવિક સુખ પ્રગટે છે. સંત પુરૂષોના યોગમાં કોઇ અપૂર્વ અમૃત રહેલું છે, જેનો લાભ સ્વભાવિક રીતે જગતને મળે છે. કહ્યું છે કે–"મન વચન અને કાયામાં (વિચાર, ઉપદેશ અને આચારમાં) અભિનવ અમૃતથી ભરેલા એવા કેટલાક સન્ત પુરૂષોનું અસ્તિત્વ જગતમાં છે કે જે અનેક ઉપકારનાં કાર્યોવડે સર્વને સંતોષ ઉપજાવે છે અને અન્યમાં રહેલા અણુમાત્ર ગુણને પર્વત તુલ્ય લેખી પોતાના દીલમાં પ્રસન્ન થાય છે" જેમના આત્મામાં સર્વત્ર શાન્તિ વ્યાપી રહેલી છે એવા સંત પુરૂષોને ચંદ્રમાની ઉપમા આપવામાં આવી છે તે અન્ય ઉપમાના અભાવે સમજવી.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

બીજી ઉપમા સાયર–રત્નાગરની આપેલી છે. જેમ મહાસાગર અગાધ ઉંડો અને વિશાળ હોય છે તેમજ તે અમૂલ્ય રત્નોથી ભરેલો હોય છે, વળી તે રત્નોથી ભરેલો હોવા છતાં છલકાઇ જઈ પોતાનામાં રહેલાં અમૂલ્ય રત્નોને ફેંકી દેતો નથી પણ તેમને યત્નથી પોતાની અંદર સાચવી રાખે છે, તેમ નિગ્રંથ મુનિવરો પણ ઉંડા અર્થ–રહસ્યવાળા અગાધ અને વિશાળ જ્ઞાન-રૂપી અમૃતરસ યુકત નિર્મળ શ્રદ્ધાશીળ સંતોષાદિક અમૂલ્યગુણ રત્નોથી ભરપૂર હોય છે તેમ છતાં તે પવિત્ર મુનિવરો શાન્તમહા-સાગરની પેરે સદા સ્વમર્યાદામાં રહે છે. કદાપિ સ્વમર્યાદા મૂકીને સ્વગુણનો પણ ગર્વ કરતા નથી. પોતાને પ્રાપ્ત થયેલા સર્વ સદ્દગુ-ણોને યત્નથી સાચવી રાખે છે. વિષય, કષાય કે વિકથાદિક પ્રમાદ વડે પોતાના છતા સદ્દગુણોનો લોપ થવા દેતા નથી. વળી સમુ-દ્રમાં તો કેવળ જડ રત્નો હોય છે અને ભાવ મુનિમાં ખરાંભાવ રત્નો હોય છે. એમ સર્વ રીતે જોતાં મહાસાગર કરતાં મુનિમાં ઘણું મહત્ત્વ રહેલું છે. તોપણ અન્ય ઉપમાના અભાવે મુનિને મહાસાગરની ઉપમા આપવામાં આવેલી છે.

ત્રીજી ઉપમા મુનિને ભારંડપંખીની આપવામાં આવી છે, ભારંડપંખીનું જોડલું સદા સાથે લાગું રહે છે. મન વચન અને કાયાથી તે સદા સરખી ક્રિયા કરે છે. એટલું બધું સાવ-ધાનપણું તે સાચવી પોતાનાં કામ કરે છે કે તેમાં રંચમાત્ર ફારફેર પડતો નથી. તેમ છતાં જો કોઇ વખતે કોઇની કંઈ પણ ગફ્લત થઇ જાય છે તો તે બંનેના પ્રાણ જાય છે. તેમના સ્વ-પ્રાણની રક્ષા એક બીજાની ખરી કાળજી અને ઉદ્યમ ઉપર આ-

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ધાર રાખે છે. એકની ગફલતથી બંનેને મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય છે. આવી રીતે સર્વ પ્રમાદ તજી અપ્રમત્ત ભાવે રહી મુનિ આત્મસાધન કરે છે. ભવોદ્વેગાષ્ટકમાં ગ્રંથકારે જણાવ્યું છે કે "ભવ ભીરૂ (જેને જન્મ મરણાદિક દુઃખનો ત્રાસ લાગ્યો છે તેવા) મુનિને સંયમ ક્રિયામાં જેવું સાવધાનપણું સંપૂર્ણ તેલપાત્રધારીને અથવા રાધાવેધ સાધનારને રાખવું પડે છે તેવું રાખવું જોઇયે. અર્થાત્ સંયમ સાધનામાં લગારે ગફલત અનર્થકારી છે" "જેમ વિખનું ઔષધ વિખ છે અને અગ્નિનું ઔષધ અગ્નિ છે. અર્થાત્ વિષદષ્ટને જેમ લીમડો ચવરાવાય છે અને અગ્નિદગ્ધને જેમ અગ્નિવડે શેકાય છે તો તેનો દંશ અને દાહ ઉપશમી જાય છે, તેમ ભવભીરૂ જનો ઉપસર્ગથી ડરી જતા નથી પણ ગમે તેવા ઉપસર્ગ પરિસહોને અદીનપણે સમભાવથી સહી લે છે અને એમ દુઃખ સહન કરવાવડે દુઃખનો પ્રતિકાર કરે છે એટલે સદ્વિવેકવડે સર્વ દુઃખને સહી ભવ ભવનાં દુઃખ દૂર કરી શકે છે." આવી રીતે સત્ સાધનવડે આ ભયંકર ભવ-સમુદ્રને સંપૂર્ણ રીતે તરી પાર પામવા જ્ઞાની મુનિઓ સદા સાવધાન રહે છે તેથી તેમને શાસ્ત્રકારે ભારંડની ઉપમા આપી છે. ભારંડને કેવળ પોતાના દ્રવ્ય પ્રાણની રક્ષા કરવા સાવધાન રહેવું પડે છે, ત્યારે ભવભીરૂ મુનિ દ્રવ્ય પ્રાણની દરકાર તજી નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગરૂપ પોતાના ભાવ પ્રાણનીજ રક્ષા તથા પુષ્ટિ કરવા સદા સાવધાન રહે છે. અર્થાત્ મુનિવરની અપ્રમત્તતા બહુજ ઉંચા પ્રકા ની છે. આવા અપ્રમત્ત મુનિઓ શીઘ્ર મોક્ષના અધિકારી થઈ શકે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ચોથી ઉપમા મુનિને મેરૂપર્વતની આપી છે. સર્વ પર્વતોમાં મેરૂપર્વત દેવગિરિ કહેવાય છે. તેના ઉપર દેવતાના વાસ છે. તે પર્વતનાં મૂળ એટલા ઉંડા અને મજબૂત છે કે ગમે તેવા પ્રલય કાળના પવનથી પણ તે ચલાયમાન થઇ શકતો નથી. જે મુનિ પોતાના વ્રત નિયમમાં નિશ્ચળ રહે છે, જ્ઞાન ધ્યાન તપ જપ સંયમમાં સદા સાવધાન થઇ અડગ પ્રયત્ન સેવે છે, જે પ્રથમ પુખ્ત વિચારપૂર્વક સુખે નિર્વહી શકાય એવીજ પ્રતિજ્ઞા કરે છે અને કરેલી પ્રતિજ્ઞાને પ્રાણાન્ત સુધી અડોલ વૃત્તિથી પાળે છે તે મુનિવરો સુવર્ણગિરિ સમાન નિશ્ચળ પરિણામી ગણાય છે. એવા મુનિવરોને દેવ દાનવો પણ સ્વનિયમથી ડગાવવા સમર્થ થઇ શકતા નથી. એવા મુનિવરો અપ્રમત્ત યોગથી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ અનુક્રમે સઘળાં ઘાતિ[1] કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાનાદિક અનંત ચતુષ્ટય પામી આયુષ્ય સદ્ભાવે અનેક ભવ્યજનોનો ઉદ્ધાર કરે છે, અને અલ્પ આયુષ્ય હોય તો શૈલેશીકરણ[2] કરી બાકીના અઘાતિ[3] કર્મનો પણ અંત કરી અજરામર પદને પામે છે.

પાંચમી ઉપમા મુનિને કમળની આપી છે. પંકજ નામ કમળનું છે તે પંક એટલે કાદવમાંથી ઉત્પન્ન થાય છે અને જળથી વૃદ્ધિ પામે છે છતાં તે બંનેથી ન્યારૂં—નિરાળવું રહે છે; તેમ ભોગ પંકથી ઉત્પન્ન થઇ વિષય જળથી વૃદ્ધિ પામ્યા છતાં મુનિજનો તે બંનેથી કમળની જેમ ન્યારા નિરાળવા થઇ રહેછે. અર્થાત્ મુનિરાજ સર્વ કામ વિ-

---

૧ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય ગુણની ઘાત કરે એવા જ્ઞાનાવરણીયાદિ કર્મ. ૨ ચૌદમા ગુણઠાણે શૈલેશ (મેરૂપર્વત) પેરે સંપૂર્ણ નિશ્ચળતા સ્થિરતા યોગ નિરોધ. ૩ નામ, ગૌત્ર, આયુષ્ય અને વેદનીય કર્મ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કારને તજી નિષ્કામી થઈ આત્મ-સમાધિમાં મગ્ન રહે છે. જેમ કમળ પોતાની સ્વભાવસિદ્ધ વાસનાવડે અનેક જનોને આનંદ આપે છે, અનેક ભોગી ભમરા તેના મકરંદનું પાન કરીને પુષ્ટ બને છે, તેમ મુનિવર પણ પોતાની સહજ અધ્યાત્મ વાસનાથી અનેક ભવ્યાત્માઓને આનંદકારી થાય છે. સેવારસિક કઇક નિકટભવી જનો તેમના ઉપદેશામૃતનું અથવા તપ સંયમાદિ અપૂર્વ ગુણ મકરંદનું પાન કરી પુષ્ટ બને છે. એમ કમળની પેરે ન્યારા-નિર્લેપ રહિ ભવ્ય જનોનું હિત કરનાર અપ્રમાદિ મુનિવરોજ ખરેખર કલ્યાણ સાધી શકે છે. આવી આવી અનેક ઉત્તમ ઉપમાઓ મુનિજનોને આપી શકાય છે, તે અમુક ગુણના સાધર્મ્ય (સરખાપણા) ને લહીનેજ સમજવી. ખરૂં જોતાં તો શુદ્ધ ભાવ યુક્ત મુનિના સદ્‌ગુણોની સાથે હોડ કરી શકે એવી કોઇ ચીજ આ ચરાચર જગતમાં જણાતીજ નથી. તેથી અનુપમ[1] એવા અનગાર-મુનિવરો સર્વ શિરોમણિભૂત પરમેષ્ટિપદે[2] બિરાજે* છે. એવા પવિત્ર પદને શોભાવનાર નિગ્રંથ મુનિવરોના ચરણમાં અમારા કોટિશઃ[3] નમસ્કાર હો !!

હવે સમતામૃતથી જેમનું ચિત્ત સદા સિંચાતું હોવાથી સર્વદા સુપ્રસન્ન રહે છે, એવા સંત-સુસાધુ પુરૂષોને રાગદ્વેષાદિક દુષ્ટ વિકારો કદાપિ સંતાપી શકતા નથી, એ વાત સ્પષ્ટ જણાવતા થકા ગ્રંથકાર કહે છે—

शमसूक्त सुधासिक्तं । येषां नक्तं दिनं मनः ॥
कदापि ते न दह्यंते । रागोरग विषोर्मिभिः ॥ ७ ॥

---

૧ જેને કોઇ ઉપમા ઘટી શકતી નથી એવા ઉપમાતીત. ૨ પરમ પૂજ્ય પદે. *. શોભે છે. ૩ કોટિવાર. અનેકવાર.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ભાવાર્થ—જે (સંતપુરૂષો)નું મન સુંદર સમતામૃતથી સદા સિંચેલું રહેલું છે તેમને રાગદ્વેષાદિક દુષ્ટ વિષધરો દંશ દઇ શકતા નથી, રાગાદિક તાપથી રહિત થયેલા તે સંત પુરૂષો સદા શાન્ત રસમાં ઝીલ્યા કરે છે.

વિવેચન—જે રાગદ્વેષાદિક દુષ્ટ વિકારો જગત માત્રને સંતાપે છે; જેમની પાસે કોઇનું પણ જોર ચાલતું નથી; હરિહર બ્રહ્માદિકને પણ જે નવ નવ રૂપે નચાવે છે; ઇંદ્ર, ચંદ્ર, નાગેંદ્ર જેવા પણ જેની પાસે રાંક જેવા બની જાય છે; મ્હોટા મ્હોટા મહર્ષિ મહાત્માઓ પણ જેના પાસમાં સપડાઈ દુઃખી દુઃખી થઇ જાય છે; એવા રાગ અને દ્વેષરૂપ મહાવિકાર **મોહની પ્રબળતાથીજ થાય છે.**

શાસ્ત્રમાં રાગને કેસરી સિંહની અને દ્વેષને ગજેન્દ્રની ઉપમા આપવામાં આવેલ છે. ખરૂં જોતાં તો તેથી પણ રાગ દ્વેષ વધારે જોરાવર છે. વજ્રની સાંખલા કરતાં પણ રાગબંધ વધારે આકરો કહ્યો છે. વિકરાળ કાળા નાગ કરતાં પણ રાગદ્વેષનું વિષ આકરૂં છે. વિકરાળ નાગના દંશથી તો પ્રાણી એકજ વખત દ્રવ્યપ્રાણથી મુકત થાય છે ત્યારે રાગદ્વેષના દંશથી પોતાના ભાવ પ્રાણને પણ ખોવે છે, અને ભવોભવ જન્મ મરણનાં દુઃખ પામે છે. આવા રાગદ્વેષના વિકારોથી મુકત થવા સંત પુરૂષો જ સમર્થ થઇ શકે છે. જેમ અમૃત, વિષનું પ્રતિપક્ષી છે અને અમૃત સિંચનથી વિષવિકાર નાશ પામે છે તેમ સમતા એક એવું અદ્વિતીય અમૃત છે કે તેના સિંચનથી રાગદ્વેષાદિક પ્રબળ વિકારો સ્વતઃ શાન્ત થઇ જાય છે. **સદ્વિવેક યોગે સમતા અમૃતનું સેવન કરી** રાગદ્વેષાદિક વિકારો ઉપશમાવવા ગ્રંથકારે **સમતાશતકમાં** કહ્યું છે કે—

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

હો ભવ્ય જનો ! 'રાગદ્વેષરૂપી સર્પનું વિષ ઉતારવા તમે વિવેકરૂપી મંત્રનું સેવન કરો. વિવેકનું એવું સામર્થ્ય છે કે તે ભવ વનનો મૂળથી ઉચ્છેદ કરી નાંખે છે.'

'વિવેક બીજો સૂર્ય અને ત્રીજું લોચન છે, તે અંતરમાં પ્રકાશ કરે છે. માટે બીજી બધી વાત મૂકીને એક વિવેકનોજ અભ્યાસ કરો.'

ક્ષમા, મૃદુતા, સરલતા, અને સંતોષનું સેવન કરી ક્રોધાદિક કષાયનો પરિહાર કરો.

'જયાં સુધી રાગદ્વેષનું જોર છે ત્યાં સુધી સંસારનો અંત આવવાનો નથી અને રાગદ્વેષ ટળ્યા કે તરતજ પરમપદની પ્રાપ્તિરૂપ મોક્ષ સહજ છે'

'હે ભવ્યો ! કલ્પિત અમૃતમાં મુંઝાશો નહિ, મોક્ષ સુખમાં પ્રીતિ ધરી સમતા અમૃતનુંજ સેવન કરો.'

'મનરૂપી મેરૂનો રવૈયો કરી યોગ ગ્રંથરૂપી સમુદ્રને મથી સમતારૂપી અમૃત મેળવી અનુભવ રસનું પાન કરો.'

સમતા અમૃતનું પાન કરી સ્વભાવ રમણવડે આત્માનુભવ કરનાર ઉદાસીન પુરૂષને રાગદ્વેષાદિક વિકાર શું કરે ?

જેનાથી કષાય તાપ ઉપશમે અને આત્મામાં સહજ શાન્તિ પ્રસરે એવોજ અભ્યાસ સદા કર્તવ્ય છે.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજ આવાજ પવિત્ર લક્ષથી શ્રી શાંતિનાથ પ્રભુની સ્તવના કરતાં વિનંતિ રૂપે કહે છે કે—

શાંતિજિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવન રાયરે;
શાન્તિ સ્વરૂપ કિમ જાણીયે, કહો મન પરખાયરે. શાં૦ ૧
ધન્ય તું આત્મા જેહને, એહવો પ્રશ્ન અવકાશરે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ધીરજ મન ધરી સાંભળો, કહું શાન્તિ પ્રતિભાસરે. શાં૦ ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાન્તિ પદ સેવરે. શાં૦ ૩
આગમધર ગુરૂ સમકિતી, ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ[1] અનુભવ આધાર રે. શાં૦ ૪
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી[2] શાલરે.[3] ૫
ફલ વિસંવાદ[4] જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધીરે;
સકલ નય-વાદ વ્યાપી રહ્યો, એ શિવ સાધન સંધીરે. શાં૦ ૬
વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધરે
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમેં બોધરે. શાં૦૭
દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાન રે;
યોગ સામર્થ્ય ચિત ભાવજે, ધરે મુગતિ નિદાનરે. શાં૦ ૮
માન અપમાન ચિત્ત સમગણે, સમગણે કનક પાષાણરે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણેરે. શાં૦ ૯
સર્વ જગજંતુને સમગણે, સમગણે તૃણ મણિ ભાવરે;
મુગતિ સંસાર બેહુ સમગણે, મુણે ભવજલનિધિ નાવરે. શાં.૧૦
આપણો આતમ ભાવજે, એક ચેતના* ધારરે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સારરે. શાં૦૧૧
પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમ રામરે;
તાહરે દરિસણે હું તર્યા, મુજ સિધ્યાં સવિ કામરે. શાં૦ ૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજરે;
અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઇ તુજરે. શાં૦ ૧૩

૧ પવિત્ર, ૨ સાત્વિકી વૃત્તિ. ૩ વિશાલ. ૪ વિરોધ. * સત્યપણે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શાન્તિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપરે;
આગમ માંહિ વિસ્તર ઘણો, કહ્યો શાન્તિજિન ભૂપરે. શાં૦ ૧૪
શાન્તિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાનરે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માનરે. શાં૦ ૧૫

કેવો અદ્‌ભુત પરમાર્થવાળો બોધ આથી સહૃદયને પ્રાપ્ત થઈ શકે છે? આનો સારાંશ એ છે કે સહજ અધ્યાત્મિક શાન્તિનું સ્વરૂપ સદ્‌ગુરૂ સમીપે યથાર્થ સમજી નિર્ધારી તેવાજ પવિત્ર લક્ષથી તેવી અધ્યાત્મિક શાન્તિ મેળવવા પ્રયત્ન કરવો એ સર્વ કોઇ આત્માર્થી સજ્જનોનું મુખ્ય કર્તવ્ય છે. સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર ભગવાને આત્માર્થી જીવોના હિતને માટે જે સદુપદેશ આપ્યો છે તે શ્રી ગણધરોએ સૂત્રમાં ગુંફિત કરેલો છે. તદનુસારે ઉત્તમ ચારિત્રનું સેવન કરી સમતા રસમાં નિમગ્ન થયેલા મહાશયોએ આપણા કલ્યાણાર્થે નિઃસ્વાર્થપણે જે અથાગ પરિશ્રમ ઉઠાવી આપણને અપૂર્વ જ્ઞાનરૂપી અમૃતમય પ્રસાદી આપી છે, તે જો આપણે કૃતજ્ઞ બની પ્રસન્ન ચિત્તથી ચાખીએ તો આપણને પણ તેવાજ ઉત્તમ શમામૃતની ખુમારીથી રાગ દ્વેષાદિક દુષ્ટ વિકારો સંતાપી શકેજ નહિં.

રાગદ્વેષાદિક વિષ–વિકારોને ટાળવા સમર્થ એવા શમામૃતનું સદા સેવન કરવાથી જેમનામાં અપૂર્વ શાંતિ પ્રગટી રહી છે એવા મહાત્મા–મુનિવરોની હોડ કરવા કોઇ સમર્થ થઇ શકે તેમ નથી એ વાત આ અષ્ટકનો ઉપસંહાર કરતા છતા ગ્રંથકર્તા જણાવે છે.—

गर्जद् ज्ञानगजोत्तुंग, रंगद्ध्यान तुरंगमाः
जयंति मुनिराजस्य, शमसाम्राज्य संपदः

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ભાવાર્થ:—ગર્જારવ કરતા જ્ઞાનરૂપી હાથીઓ અને ઊંચા-લક્ષણવાળા નાચતા ધ્યાનરૂપી અશ્વો જેમાં વિદ્યમાન છે એવી મુનિરાજની શમ સામ્રાજ્ય સંપદા સદા જયવંત વર્તે છે.

વિવેચન:—આગળ જતાં સર્વ સમૃદ્ધિ અષ્ટકમાં જેમ જણાવ્યું છે તેમ બહિર વૃત્તિ માત્રના ત્યાગી અંતરદષ્ટિ અણુ-ગારોના ઘટમાં સર્વ પ્રકારની રૂદ્ધિ સમૃદ્ધિ સ્ફુટ માલમ પડે છે. ઇંદ્રની સાહેબી, ચક્રવર્તીની સાહેબી, નાગેન્દ્રની સાહેબી, હરિહર, બ્રહ્માની સાહેબી, તેમની પાસે કંઇ હીસાબમાં નથી. તીર્થંકર ભગવાનની રૂદ્ધિ પણ તેવા મુનિવરને સુલભ છે. એ સર્વ રિદ્ધિ સિદ્ધિ શી રીતે સાંપડે છે? તેનું સમાધાન ગ્રંથકારે સર્વ સમૃદ્ધિ અષ્ટકમાં સારી રીતે કરેલું છે. ઇંદ્રની રૂદ્ધિ મુનિની સા-હેબી આગળ પાણી ભરે છે એમ ગ્રંથકારે અન્ય સ્થળે પણ જણાવ્યું છે, તેમાં લખ્યું છે કે 'જ્ઞાન વિમાન ચારિત્ર પવિ. નંદન સહજ સમાધ; મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધ' (સમાધિ તંત્ર).

મુનિરાજને જ્ઞાનરૂપી વિશાળ વિમાન છે, ચારિત્ર રૂપી વજ્ર દંડ છે, સહજ સમાધિ રૂપી નંદન વન છે, અને સમતા રૂપી ઇંદ્રાણી છે, એવા અણગારને ઇંદ્ર કરતાં કંઇ ન્યુનતા નથી.

નિસ્પૃહતા અષ્ટકમાં કહ્યું છે કે પારકી સ્પૃહા જેવું દુઃખ નથી અને નિસ્પૃહતા જેવું સુખ નથી. 'આવી નિસ્પૃહ-તાથીજ મુનિવરને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે.' 'નિ-સ્પૃહીને કોઇની પરવા નથી' 'નિર્મળ ચારિત્રવંતને કશો ભય નથી' 'એવા જ્ઞાની અને નિસ્પૃહી મુનિને મોક્ષ છે.' આ સવ વચનો મુનિનો–મુનિના સદ્દગુણોનો અપાર મહિમા સૂચવે છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

જેમ ઉત્તમ લક્ષણવાળા હાથી ઘોડા સામ્રાજ્ય લક્ષ્મીનાં ચિન્હ છે તેમ નિર્મળ જ્ઞાન અને નિર્મળ ધ્યાન એ મુનિરાજની શમ સામ્રાજ્ય સંપદાનાં મુખ્ય ચિન્હ છે.

નિર્મળ જ્ઞાન (અનુભવ જ્ઞાન) અને નિર્મળ ધ્યાન (ધર્મ ધ્યાન તથા શુકલધ્યાન) ના સતત અભ્યાસથી મુનિવર એવું નિષ્કંટક શમ સામ્રાજ્ય પામે છે કે તેથી તેને ભ્રષ્ટ કરવા ત્રિભુ- વનમાં કોઈ પણ સમર્થ થઇ શકતું નથી. આવું શમ સામ્રાજ્ય અરિહંતાદિકપંચપરમેષ્ઠિને પ્રગટપણે પ્રાપ્ત થયેલું હોય છે. પ્ર- માદ માત્રને દૂર કરી પ્રબળ પુરૂષાર્થ ધારી પૂર્વ મહા પુરૂષ પ્ર- ણીત પંથે પળી સર્વ બાધક ભાવને વારી અપૂર્વ વીર્યોલ્લાસથી અક્ષય સુખની સાધના માટે જે આગળ ધકયા છે તે પરમ પ- વિત્ર પંચપરમેષ્ટિના નામથી પ્રસિદ્ધ છે.

રાગ દ્વેષ અને મોહાદિક દોષમાત્રનું દલન કરી પરમાત્મ- પદ્નિને પ્રાપ્ત થયેલા જિનેશ્વર (જિનનાયક, તીર્થંકર) અથવા જિન (સામાન્ય કેવળી) એ પ્રથમ અરિહંત પદથી ઓળખાય છે, તે કેવળજ્ઞાન દર્શનાદિક, અનંત ચતુષ્કના સ્વામી હોવાથી વિશ્વવંદ્ય જગદ્ગુરૂ એવા પ્રથમ પરમેષ્ટિપણે પ્રસિદ્ધ કહેવાય છે.

પૂર્વોક્ત અરિહંત પ્રણીત માર્ગને યથાર્થ અનુસરી સકળ ઘાતિ અને અઘાતિ કર્મમળનો સર્વથા નાશ કરી જે જન્મ મ- રણનાં બંધનથી મુક્ત થઈ, સ્ફટિક રત્ન સદૃશ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી નિરંજન નિરાકાર થઈ અક્ષય અવ્યાબાધ એવા શાશ્વત મોક્ષ સુખના ભોક્તા થયા તે બીજા સિદ્ધ પદના નામથી ઓળખાય છે. એ સિદ્ધના ૧૫ ભેદ છે તે અન્યત્ર 'જૈન

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તત્ત્વ પ્રવેશિકા'માં બતાવેલા છે, અને સહુ ભવ્યોને એજ પ્રાપ્તવ્ય છે.

૩ અરિહંત પ્રણીત પંચવિધ આચારમાં કુશળ હોઇ અન્ય યોગ્ય જનોને ઊક્ત આચારમાં દૃઢ કરનાર, જિતેન્દ્રિય, નવવિધ બ્રહ્મચર્યની રક્ષા કરનાર, નિષ્કષાય, પાંચ સંમિતિ, ત્રણ ગુપ્તિમાં સદા સાવધાન રહેનાર. આચાર્ય ભગવંત ત્રીજાપદે પ્રસિદ્ધ છે.

' ભાવાચાર્ય તીર્થંકર સમાન કહ્યા છે. '

૪ જેમના સમીપે સૂત્ર અભ્યાસ કરનાર શિષ્યો અમૂલ્ય રત્ન જેવા થાય છે, જે સદા પઠન પાઠનમાં તત્પર રહે છે, પ-થ્થર જેવા જડ શિષ્યને પણ સૂત્ર ધારાથી નવ પલ્લવ કરે છે, અને સાધુ સમુદાયને સદા સારણા વારણાદિક આપવા સાવધાંન રહે છે તે ઉપાધ્યાય મહારાજ ચતુર્થ પદને શોભાવે છે,

૫. સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપી ઊજવળ રત્નત્ર-યીની રૂડી રીતે આરાધના કરતા સદુપદેશામૃતનું ભવ્ય જનોને પાન કરાવતા વીતરાગ વચનાનુસારે સર્વ સદ્ગુણોનું અનુમોદન કરતા અને ઉત્તમ જ્ઞાન ધ્યાનનો સતત અભ્યાસ કરી શમ–સા-મ્રાજ્યને સ્વાધીન કરતા મુનિવરો પંચમ પરમેષ્ટિ પદે પ્રતિષ્ઠિતછે. આવું અનુપમ શમ–સામ્રાજ્ય પ્રાપ્ત કરવાની ઉચ્ચ અભિલાષા સર્વ કોઇ આત્માર્થી સજ્જનોને જાગૃત થાઓ! અને તદનુકુળ આચારણથી એવી ઉચ્ચ અભિલાષા સફળતાને પામો! એજ મહાકાંક્ષા. ઇતિશમ્.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ॐ अर्हं श्री सिद्धचक्राय नमः ॥

अथ श्री नवपदमाहात्म्य गर्भित प्राकृत प्रकरणम्.

अरिहाइ नवपयाइं, झाइत्ता[1] हियय कमल मज्झंमि ।
सिरि सिद्धचक्क माहप्पं[2], मुत्तमं किंपि जंपेमि ॥१॥
भो भो महाणुभावा, दुलहं लद्धुण माणुसं जम्मं ।
खित्त कुलाइ पहाणं, गुरु सामग्गि च पुन्नवसा[3] ॥२॥
पंचविहं पमायं, गुरुयावायं वज्जिउं झत्ति ।
सद्धम्मकम्मविसये, समुज्जमो होइ कायव्वो ॥३॥
सो धम्मो चउभेओ, उवइट्ठो सयलजिणवरेहिं ।
दाणं सीलं च तवो, भावोविय तस्सिमे भेया ॥४॥
तथ्थवि भावेण विणा, दाणं नहु सिद्धिसाहणं होइ ।
सीलंपि भाव वियलं, विहलं चिय होइ लोगंमि ॥५॥
भावं विणा तवो विहु, भवोहविथ्थारकारणं चेव ।

---

१ ध्यात्वा. २ माहात्म्य. ३ पुण्यवशात्.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

तम्हा नियभावुच्चिय, सुविसुद्धे। इ कायव्वो ॥ ६॥

भावोवि मणो विसओ, मणंच अइदुज्जयं निरालंबं।
तो तस्स नियमणथ्थं, कहियं सालंबणं झाणं ॥७॥

आलंबणाणि जइवि हु, बहुप्पयाराणि संति सथ्थेसु[1]।
तहवि हु नवपय झाणं, सुपहाणं बिंति जगगुरुणो।८।

अरिहं सिद्धायरिया, उवझाया साहुणो य सम्मत्तं।
नाणं चरणं च तवो, इय पय नवगं मुणेयव्वं ॥ ९ ॥

तथ्थरिहंतेऽठारस, दोस विमुक्के विसुद्ध नाणमए।
पयडियतत्ते नयसुर, राए झाएह निच्चंपि ॥ १० ॥

पनरसभेयपसिद्धे, सिद्धे घणकम्मबंधणविमुक्के।
सिद्धाणंत चउक्के, झाएह तम्मयमणा सययं ॥ ११ ॥

पंचायारपवित्ते, विसुद्ध सिद्धंत देसणुज्जुत्ते,।
पर उवयारिक्कपरे, निच्चं झाएह सूरिवरे ॥ १२ ॥

गणतित्तिसु[2] निउत्ते, सुत्तथ्थझावणंमि उज्जुत्ते।
सझाए लीणमणे, सम्मं झाएह उझाए ॥ १३ ॥

सव्वासु कम्मभूमिसु, विहरंते गुणगणेहिं संजुत्ते।

---

१ शास्त्रेषु. २ चिंता.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

गुत्ते मुत्ते झाएह, मुणिराए निट्ठियकसाए ॥ १४ ॥
सव्वन्नु पणियागम, पयडिय तत्तथ्थ सद्दहण रूवं ।
दंसणरयणपईवं, निच्चं धारेह मणभवणे ॥ १५ ॥
जीवा जीवाइ पयथ्थ, सथ्थ तत्तावबोह रुवं च ।
नाणं सव्व गुणाण, मूलं सिखेह विणएणं ॥ १६ ॥
असुह किरियाण चाओ,[1] सुहासु किरियासु
जोय अपमाओ ।
तं चारित्तं उत्तम गुण,—जुत्तं पालेह निरुत्तं[2] ॥ १७ ॥
घणकम्मतमोभरहरण,—भाणुभूयं दुवालसंगधरं ।
नवरमकसायतावं, चरेह सम्मं तवोकम्मं ॥ १८ ॥
एयाइं नवपयाइं, जिणवर धम्मंमि सारभूयाइं ।
कल्लाणकारणाइं, विहिणा आराहियव्वाइं ॥ १९ ॥
एहिं नवपएहिं, सिद्धं सिरि सिद्धचक्कमाउत्तो ।
आराहंतो संतो, सिरि सिरिपालुव्व लहइ सुहं ॥ २० ॥
सेस तिभवेहिं मणुएहिं, विहियारिहाइठाणेहिं ।
अज्जिज्जइ जिणगुत्तं, ते अरिहंते पणिवयामि ॥ २१ ॥

---

१ त्यागः २ निरुक्तं.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जे एग भवंतरिया, रायकुले उत्तमे अवयरंति ।
महसुमिणसूइयगुणा, ते अरिहंते पणिवयामि॥ २२ ॥
जेसिं जम्मंमि महिमं, दिसाकुमारीओ सुरवरिंदा य ।
कुव्वंति पहिट्ठमणा, ते अरिहंते पणिवयामि ॥ २३ ॥
आजम्मं पिहु जेसिं, देहे चत्तारि अइसया हुंति ।
लोगच्छेरयभूया, ते अरिहंते पणिवयामि ॥ २४ ॥
जे तिहुनाण समग्गा, खीणं नाऊण भोगफलकम्मं ।
पडिवज्जंति चरित्तं, ते अरिहंते० ॥ २५ ॥
उवउत्ता अपमत्ता, सियझाणा[1] खवगसेणि हयमोहा ।
पावंति केवलं जे, ते अरिहंते० ॥ २६ ॥
कम्मक्खयया तहसुर,-कयाय जेसिं च अइसया[2] हुंति
एगारस गुणवीसं, ते० ॥ २७ ॥
जे अट्ठ पाडिहारेहिं, सोहिया सेविया सुरिंदेहिं,
विहरंति सयाकालं, ते० ॥ २८ ॥
पणतीस गुणागिराए, जेयं विबोहं कुणंति भव्वाणं ।
महिवीढे[3] विहरंता, ते० ॥ २९ ॥

---

१ सित—शुक्ल. २ अतिशयाः. ३ महीपीठे.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अरिहंता वा सामन्न, केवली अकयकय समुग्घाया ।
[1]सेलेसिकरणेणं, होऊणमज्जोगी केवलिणो ॥ ३० ॥

जे दुचरमंमि समये, दुसयरि पयडिओ तेरसय चरमे ।
खविऊण सिवं पत्ता, ते सिद्धा दिंतु मे सिद्धिं ॥३१॥

चरमंग तिभागोणा,–वगाहणा जेय एग समयंमि ।
संपत्ता लोगग्गं, ते सिद्धा० ॥ ३२ ॥

पुव्व पओगं असगा, बंधणछेया सहावओ वावि ।
जेसिं उड्ढाहु गइ, ते० ॥ ३३ ॥

इसीपब्भाराए[2], उवरि खलु जोयणंमि लोगंते ।
जेसिं ठिइ पसिद्धा ते० ॥ ३४ ॥

जेय अणंता अपुण,–ब्भवाय[3] असरीरया अणाबाहा ।
दंसणनाणुवउत्ता, ते० ॥ ३५ ॥

जे णंतगुणा, विगुणा, इगतीसगुणा य अहव अट्ठगुणा
सिद्धाणंतचउक्का, ते० ॥ ३६ ॥

जह नगरगुणे मिच्छो,[4] जाणंतो विहु कहेउमसमत्थो

---

१ शैलेशी. २ ईषत् प्राग्भारा(सिद्धशीला)याः, ३ अपुनर्भवाः,
४ म्लेच्छः

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

तह जेसिं गुणे नाणी, ते० ॥ ३७ ॥
जेय अणंत मणुत्तर, मणोवम सासयं सयाणंदं ।
सिद्धि सुहं संपत्ता, ते० ॥ ३८ ॥
जे पंचविहायारं, आयरमाणा सया पयासंति ।
लोयाण मणुग्गहथ्थं, ते आयरिये नमंसामि ॥ ३९ ॥
देसकुलजाइरुवाइ,—एहिं बहुगुणगणेहिं संजुत्ता,
जे हुंति जुगे पवरा, ते आ० ॥ ४० ॥
जे निच्च मपमत्ता, विगहविरत्ता कसाय परिचत्ता ।
धम्मो वएससत्ता, ते आ० ॥ ४१ ॥
जे सारणवारणचोयणाहिं, पडिचोयणाहिं निच्चंपि ।
सारंति नियगच्छं, ते आ० ॥ ४२ ॥
जे मुणिय सुत्त सारा, परोवयारिक्कतप्परासदिंति ।
तत्तोवएसदाणं, ते आ० ॥ ४३ ॥
अथ्थमिए जिणसूरे, केवलि चंदेवि जे पइवुव्व ।
पयडंति इहपयथ्थे, ते आ० ॥ ४४ ॥
जे पावभरुक्कंते, निवडंते भवमहंधकूवंमि ।
निथ्थारयंति जीवे, ते आ० ॥ ४५ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जे माय ताय बंधव, पमुहेहिंतोवि इथ्थ जीवाणं।
साहंति हियं कज्जं, ते आ० ॥ ४६ ॥

जे बहुलद्धिसमिद्धा, साइसया सासणं पभावंति।
राय समा निच्चिंता, ते आ० ॥ ४७ ॥

जे बारसंग सज्झाय, पारगा धारगा तयथ्थाणं।
तदुभयविच्छाररया, ते हं झाएमि उज्झाए[1] ॥ ४८ ॥

पाहाणसमाणेवि हु, कुणंति जे सुत्तधारया सीसे।
सयलजणपूयणिज्जे, ते हं झाएमि उज्झाए ॥ ४९ ॥

मोहाहिदट्ठनट्ठप्पनाण, जीवाण चेयणं दिंति।
जे केवि नरिंदा इव, ते हं झाएमि उज्झाए ॥ ५० ॥

अन्नाणवाहिविहुराण,—पाणिणं सुय रसायण सारं।
जे दिंति महाविज्जा[2], ते हं झाएमि उ० ॥ ५१ ॥

गुणवणभंजणमयगय,—दमणंकुस सरिसनाण दाणं जे।
दिंति सया भवियाणं, ते हं० ॥ ५२ ॥

दिणमास जिवियंताइं, सेस दाणाइं मुणिय जं नाणं।
मुत्तिं तं दिंति सया, ते हं० ॥ ५३ ॥

---

१ उपाध्यायान्. २ विष वैद्याः

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अन्नाणंधे लोयाण, लोयणे जे पसथ्थ सथ्थं[1] मुहा।
उग्घाडयंति सम्मं, ते हं० ॥ ५४ ॥
बावन वन्न चंदण, रसेण जे लोयपावतावाइं।
उवसामयंति सहसा, ते हं० ॥ ५५ ॥
जे रायकुमर तुल्ला, गणतत्तिपराय सूरि पयजुग्गा।
वायंति सीस वग्गं, ते हं झाएमि उज्झाए ॥ ५६ ॥
जे दंसण नाण चरित्त, रूत्र रयणत्तएण इक्केण।
साहंति मुख्ख मग्गं, ते सव्वे साहुणो वंदे ॥ ५७ ॥
गय दुविह दुठ्ठझाणा, जे झाइअ धम्म सुक्क झाणाय।
सिख्खंति दुविह सिख्खं, ते सव्वे साहुणो वंदे ॥ ५८ ॥
गुत्तित्तएण गुत्ता, तिसल्ल रहिया तिगारव विमुक्का।
जे पालयंति तिपइं,[2] ते सव्वे सा० ॥ ५९ ॥
चउविह विगह विरत्ता, जे चउविह चउकसाय परिचत्ता
चउहा दिसंति धम्मं, ते सव्वे सा० ॥ ६० ॥
उज्झिय पंच पमाया, निज्जिय पंचिंदियाय पालंति।
पंचेवय समिइओ, ते सव्वे० ॥ ६१ ॥

---

१ शस्त्र. २ त्रिपदी,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

छज्जीव काय रक्खण, निउणा हासाइ छक्क मुक्का जे ।
धारंति य वयछक्कं, ते सव्वे० ॥ ६२ ॥
ज जिय सत्तभया, मय अट्ठमया नववि बंभगुत्तिओ ।
पालंति अप्पमत्ता, ते सव्वे० ॥ ६३ ॥
दसविह धम्मं तह, बारसेव पडिमाओ जे अ कुव्वंति ।
बारस विहं तवो विअ. ते सव्वे० ॥ ६४ ॥
जे सत्तर संजमंगा, उव्वूढा ढारस सहस सीलंगा ।
विहरंति कम्मभूमिसु, ते सव्वे० ॥ ६५ ॥
जं सुद्ध देवगुरु, धम्म तत्त संपत्ति सद्दहण रूवं ।
वन्निज्जइ सम्मत्तं, तं सम्म दंसणं नमिमो ॥ ६६ ॥
जावेग कोडा काडि सागरसेसा न होइ कम्माठिइ ।
ताव न जं पाविजइ, तं सम्म० ॥ ६७ ॥
भव्वाण मद्ध पुग्गल, परियट्टवसेसं भव निवासाणं ।
जं होइ गंठिभेए, तं स० ॥ ६८ ॥
जं च तिहा उवसमिअं, खउवसमिअं व खाइयं चेव ।
भणिअं जिणिंद समए, तं सम्मं दंसणं नमिमो० ।६९।

---

१ अर्ध पुद्गल परावर्तान्निशेष.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

पण वारा उवसमियं, खओवसमिअं असंखसो होइ ।
जं खाइअं च इक्कंसि, तं सम्मं० ॥ ७० ॥

जं धम्म दुममूलं, भाविज्जइ धम्मपुर पवेसं च ।
धम्म भवण पीढं वा, तं स० ॥ ७१ ॥

जं धम्म जयाहारं, उवसम रसभायणं च जं बिंति ।
मुणिणो गुणरयण निहिं, तं स० ॥ ७२ ॥

जेण विणा नाणं बिहु, अपमाणं निप्फलं च चारित्तं ।
सुरकोवि नेव लप्भइ, तं स० ॥ ७३ ॥

जं सद्दहण लक्खण, भूसण पमुहेहिं बहु अ भेएहिं ।
वन्निज्जइ समयंमि, तं स० ॥ ७४ ॥

सवन्नु पणीया गम, भणियाण जहट्ठियाणं तत्ताणं ।
जो सुद्धो अवबोहो, तं सन्नाणं मह पमाणं ॥ ७५ ॥

जेण भक्खा भक्खं[1], पिज्जापिज्जं[2] अगम्म अविगम्म ।
किच्चाकिच्चं[3] नज्जइ, तं सन्नाणं मह पमाणं ॥ ७६ ॥

सयल किरियाण मूलं, सद्धा लोयंमि तीइ सद्धाए ।
जं किर हवइ मूलं, तं सन्नाणं० ॥ ७७ ॥

---

१. भक्ष्याभक्ष्य. २ पेयापेय. ३ कृत्याकृत्य.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जं मइ सुय ओहि मयं, मणपज्जव रूवं केवल मयं च ।
पंचविहं सुपसिद्धं, तं सन्नाणं० ॥ ७८ ॥
केवल मणोहिणं पिहु, वयणं लोयाण कुणइ उवयारं ।
जं सुयमइ रूवेणं, तं सन्नाणं० ॥ ७९ ॥
सुयनाणं चेव दुवालसं, गरूवं परूवियं जथ्थ ।
लोयाणुवयार करं, तं सन्नाणं० ॥ ८० ॥
तत्तुच्चिय जं भव्वा, पढंति पाढंति दिंति निसुणंति ।
पूयंति लिहावंति य, तं सन्नाणं० ॥ ८१ ॥
जस्स बलेण अज्जवि, नज्जइ तियलोय गोयर वियारो।
कर गहियामलयं पिव, तं सन्नाणं० ॥ ८२ ॥
जस्स पसाएण जणा, हवंति लोयंमि पुच्छणिज्जा य।
पुज्जाय वन्नाणिज्जा, तं सन्नाणं० ॥ ८३ ॥
जं देसविरइरूवं, सव्वविरइ रूवयंच अणुक्कमसो ।
होइ गिहीण जईण, तं चारित्तं जए जयइ ॥ ८४ ॥
नाणंपि दंसणंपि य, संपुन्न फलं फलंति जीवाणं ।
जेण च्चिय परियरिया, तं चारित्तं० ॥ ८५ ॥
जं च जईण जहुत्तर, फलं सुसमाइयाइ पंचविहं ।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

सुपसिद्धं जिणसमए, तं चा० ॥ ८६ ॥
जं पडिवन्नं परि,-पालियं च सम्मं परूवियं दिन्नं।
अन्नेसिं च जिणेहिंवि, तं चारित्तं जए जयइ ॥ ८७ ॥
छ खंडाण मखंडं, रज्ज सिरिं चइय चक्कवट्टीहिं।
जं सम्मं पडिवन्नं, तं चारित्तं० ॥ ८८ ॥
जं पडिवन्ना दमगा, इणोवि जीवा हवंति तिय लोए।
सयलजण पूयणिज्जे, तं चा० ॥ ८९ ॥
जं पालंताण मुणीसराण, पाए नमंति साणंदा।
देविंद दाणविंदा, तं चारित्तं जए जयइ० ॥ ९० ॥
जं चाणंत गुणंपिहु, वन्निज्जइ सतरभेअ दसभेअं।
समयंमि मुणिवरेहिं, तं चारित्तं पवन्नोहं० ॥ ९१ ॥
समइओ गुत्तिओ, खंति पमुहाउ मित्ति आइओ।
साहंति जस्स सिद्धिं, तं चा० ॥ ९२ ॥
बाहिर मप्भितरयं, बारसभेयं जहुत्तर गुणं जं।
वन्निज्जइ जिणसमये, तं तवपय मेस वंदामि ॥ ९३ ॥
तप्भवसिद्धिं जाणं,-तएहिं सिरि रिसहनाह पमुहेहिं।
तित्थयरेहिं कयं जं, तं तवपय० ॥ ९४ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जेण खमासहिएणं, कएण कम्माण मवि निकायाणं।
जायइ खओ खणेणं, तं त० ॥ ९५ ॥

जेणच्चिय जलणेणव, जीव सुवन्नाओ कम्म किट्टाइ।
फिट्टंति तक्खणं चिय, तं त० ॥ ९६ ॥

आसंसाइ विरहिए, जंमि कए कम्म निज्जरट्ठाए।
हुंति महासिद्धिओ, तं तवपय० ॥ ९७ ॥

जस्स पसाएण धुवं, हवंति नाणाविहाओ लद्धीओ।
आमोसहि पमुहाओ, तं तव० ॥ ९८ ॥

कप्प तरुस्सव जस्से रिसाओ, सुरनरवराण रिद्धीओ।
कुसुमाइं फलं च सिवं, तं तव० ॥ ९९ ॥

अच्चंत मसज्झाइं, लिला इव सव्व लोअ कज्जाइं।
सिज्झंति झत्ति जेणं, तं तवपय० ॥ १०० ॥

दहि दुव्वयाइ मंगल, पयथ्थ सथ्थंमि मंगलं पढमं।
जं वन्निजइ लोए, तं तव० ॥ १०१ ॥

तंच इमेसि पयाणं, कित्तिय मित्तं तए नायं।
जं सव्वाण सुहाणं, मूलं आराहण मिमेसिं ॥ १०२ ॥

---

१ अत्यंतं असाध्यानि.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

एया राहण मूलं, पाणीणं केवलो सुहो भावो ।
सो होइ धुव जीवाणं, निम्मलप्पाणं नन्नेसिं।। १०३।।
जे विय संकप्प वियप्प, वज्जिया हुंति निम्मलप्पाणो
ते चेव नवपयाइं, नवसु पयेसु च ते चेव ।। १०४ ।।
जं झाया झायंतो, अरिहंत रूव सुपय पिंडत्थं।
अरिहतं पयमय चिय,अप्पं पिक्खेइ पच्चक्खं।।१०५।।
रूवाइय सहावो, केवल सन्नाण दंसणाणंदो ।
जो चेवय परमप्पा, सो सिद्धप्पा न संदेहो ।।१०६।।
पंच पत्थाण[1] मयायरिय, महामंत झाण लीणमणो ।
पंच विहायार मओ, आयच्चिय होइ आयरियो।।१०७।।
महा पाण झाय दुवाल,–संग सुत्तत्थ तदुभय रहस्सो।
सज्झाय तप्परप्पा,[2] एसप्पा चेव वज्झाओ ।। १०८।।
रयणत्तएण सिवपह, संसाहण सावहाण जोगतिगो ।
साहु हवइ एसो, अप्पुच्चिय निच्चमप्पमत्तो ।।१०९।।
मोहस्स खओवसमा, सम संवेगाइ लक्खणं परम ।
सुह परिणाम मयनिय, मप्पाणं दंसणं मुणह ।।११०।।

---

१ प्रस्थान. २ तत्परात्मा.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

नाणावरणस्स खओ, वसमेण जहट्ठियाण तत्ताणं।
सुद्धावबोह रूवो, अप्पुच्चिय वुच्चए नाणं ॥ १११ ॥
सोलस कसाय नव नो,–कसाय रहियं विसुद्ध लेसागं।
ससहावठिय मप्पा,–ण मेव जाणेह चारित्तं ॥ ११२ ॥
इच्छा निरोहओ सुद्ध, संवरो परिणओअ समयाए।
कम्माइ निज्झरंतो, तओ मओ चेव एसप्पा[1] ॥११३॥
एवं च ठिए अप्पा ण,–मेव नव पयमयं वियाणित्ता।
अप्पंमि चेव निच्चं, लीणमणा होह भो भविया॥११४॥

जहा जियंतरागारि जणे सुनाणे,
सुपाडिहेराइ सय प्पहाणे।
संदेह संदोहरयं हरंते,
झाएह निच्चंपि जिणारिहंते ॥ ११५ ॥

दुट्ठट्ठ कम्मावरणप्प मुक्के,
अणंत नाणाइ सिरि चउक्के।
समग्ग लोगग्ग पयप्पसिद्धे,
झाएह निच्चंपि मणंमि सिद्धे ॥ ११६ ॥

---

१ एष आत्मा।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

न तं सुहं देइ पिया न माया,
जं दिंति जीवाणिह सूरिपाया।
तम्हाते चेव सया महेह,
जं मुक्खसुक्खाइ लहु लहेह ॥ ११७ ॥

सुत्तथ्थ संवेग मयस्सुएण,
सं नीर खीरामय विस्सुएण।
पिणंति जे ते उवझाय राए,
झाएह निच्चंपि कय प्पसाए ॥ ११८ ॥

खंते य दंतेयं सुगुत्ति गुत्ते,
मुत्ते पसंते गुण जोग जुत्ते।
गय प्पमाए हय मोह माए,
झाएह निच्चं मुणिराय पाए ॥ ११९ ॥

जंदव्व छकाइ सु सद्दहाणं,
तं दंसणं सव्व गुण प्पहाणं।
कुग्गाह वाही उवयंति जेण,
जहा विसुद्धेण रसायणेण ॥ १२० ॥

नाणं पहाणं नय चक्क सिद्धं,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

तत्तावबोहिक्क मयं पसिद्धं ।
धरेह चित्ता रसहे[1] फुरंत,
माणिक्क दीवुव्व तमोहरंतं ॥ १२१ ॥

सु संवरं मोह निरोह सारं,
पंच प्पयारं विगयाइयारं ।
मूलोत्तराणेग गुणपवित्तं,
पालेह निच्चंपि हु सच्चरित्तं ॥ १२२ ॥

बज्झंतरा भिंतर भेय मेयं,
कयाइ दुज्झय कुकम्म भेयं ।
दुक्खक्खयथ्थं कय पावनासं,
तवं तवेहा गमियं निरासं ॥ १२३ ॥

एयाइं जे केवि नव पयाइं,
आराहयंतिठ्ठ फल प्पयाइं ।
लहंति ते सुक्ख परंपराणं,
सिरि सिरिपाल नरेसरुव्व ॥ १२४ ॥

(१) उप्पन्न सन्नाण महो मयाणं,

१ चित्तापवरके (मनमंदिरे.)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

सपाडिहेरासण सुठिआणं,
सद्देसणाणं दिअ सज्जणाणं,
नमो नमो होउ सया जिणाणं. (२)
सिद्धाण माणंद रमालयाणं,
नमो नमो नंत चउक्कयाणं; (३)
सूरीण दूरीकय कुग्गहाणं,
नमो नमो सूर समप्पभाणं; (४)
सुत्तथ्थ विथ्थारण तप्पराणं,
नमो नमो वायग कुंजराणं; (५)
साहूण संसाहिअ संजमाणं,
नमो नमो सुद्ध दया दमाणं; (६)
जिणुत्त तत्ते रुइ लक्खणस्स,
नमो नमो निम्मल दंसणस्स; (७)
अन्नाण संमोह तमोहरस्स,
नमो नमो नाण दिवायरस्स; (८)
आराहिआखंडिय सक्कियस्स,
नमो नमो संजम वीरिअस्स; (९)

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

कम्म दुमुम्मूलण कुंजरस्स,
नमो नमो तिव्व तवो भरस्स ॥
इय नव पय सिद्धं, लद्धि विज्जा समिद्धं,
पयडिअ सरवग्गं ह्रींतिरेहा समग्गं,
दिसिवइ सुरसारं खोणिपीढावयारं[1],
तिजय[2] विजय चक्कं सिद्ध चक्कं नमामि.

इति श्री नव पद माहात्म्य संपूर्णम्.

---

१ क्षोणीपीठावतार. २ त्रिजग.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શ્રી નવપદ પ્રકરણની સંક્ષિપ્ત વ્યાખ્યા.

(પીઠબંધઃ ૧–૯)

૧ શ્રી અરિહંતાદિક નવપદને હૃદયકમળમાં ધ્યાચી શ્રી સિદ્ધચક્રનું ઉત્તમ માહાત્મ્ય હું સંક્ષેપથી કહું છું.

૨–૩ ભો ભો મહાનુભાવો ! આ દુર્લભ મનુષ્યજન્મ, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુલાદિક તેમજ સદ્‌ગુરૂની સામગ્રી પુન્યયોગે પામી, મહાહાનિકારક પંચવિધ પ્રમાદને શીઘ્ર તજી સદ્ધર્મ-કમને વિશે તમે સમુદ્યમ કરો ?

૪ તે ધર્મ સર્વ જિનેશ્વરોએ દાન, શીલ, તપ અને ભાવભેદે કરી ચાર પ્રકારનો ઉપદિશેલો છે.

૫ તેમાં પણ ભાવવિના દાન સિદ્ધિદાયક થતુંજ નથી. તેમજ ભાવ વિનાનું શીલ પણ જગમાં જરૂર નિષ્ફળ થાય છે.

૬ ભાવ વિના તપ પણ સંસારની વૃદ્ધિજ કરે છે. તે માટે પોતાનો ભાવજ સુવિશુદ્ધ કરવો જરૂરનો છે.

૭ ભાવ પણ મનસંબદ્ધ છે, અને આલંબન વિના મન અતિ દુર્જય છે. તેથી તેને નિયમમાં રાખવા માટે સાલંબનઃ (આલંબન વાળું) ધ્યાન કહેલું છે.

૮ યદ્યપિ અનેક પ્રકારનાં આલંબન શાસ્ત્રમાં વખાણ્યાંજ છે, તથાપિ નવપદ ધ્યાનજ મુખ્ય છે એમ જિનેશ્વરો કહે છે.

૯ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યકત્વ, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ નવ પદ જાણવાં.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

(નવપદ સંક્ષિપ્ત સ્વરૂપમ્ ૧૦-૨૦.)

૧૦ એ નવ પદમાં પ્રથમ પદે અષ્ટાદશ દોષ વિમુક્ત થયેલા, વિશુદ્ધ જ્ઞાનથી ભરેલા, તત્ત્વ પ્રકાશક અને સુરરાજ વંદિત એવા શ્રી અરિહંત ભગવાનનું તમે નિરંતર ધ્યાન કરો.

૧૧ બીજે પદે સકળ કર્મ બંધનથી વિમુકત થયેલા અને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યરૂપ અનંત ચતુષ્ટય સંપ્રાપ્ત થયેલા એવા પંદર ભેદે પ્રસિદ્ધ સિદ્ધભગવાનનું સદા તન્મયપણે ધ્યાન ધરો.

૧૨ ત્રીજે પદે પંચાચારવડે પવિત્ર, સર્વજ્ઞદેશિત વિશુદ્ધ સિદ્ધાંત સંબંધી દેશના દેવામાં ઉજમાળ, અને પરોપકાર કરવા સદા તત્પર એવા સુરિવરનું નિરંતર ધ્યાન કરો.

૧૩ ચતુર્થપદે ગચ્છની સંભાળ કરવા સદા સાવધાન, સૂત્રાર્થનું અધ્યાપન કરાવવામાં ઉજમાળ અને સ્વાધ્યાય ધ્યાનમાં લીન મનવાળા શ્રી ઉપાધ્યાય મહારાજનું સમ્યગ્ ધ્યાન ધરો.

૧૪ સર્વ કર્મભૂમિઓમાં વિચરતા, અનેક ગુણ ગણે કરી સંયુક્ત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, અને નિષ્પરિગ્રહી એવા નિષ્કષાયી મુનિમહારાજનું પંચમપદે ધ્યાન કરો.

૧૫ છઠ્ઠે પદે સર્વજ્ઞપ્રણીત આગમમાં કહેલા જીવાદિક તત્ત્વાર્થને વિશે શ્રદ્ધાન લક્ષણ દર્શનરૂપી રત્નદીપકને નિરંતર મનમંદિરમાં સ્થાપો.

૧૬ સાતમે પદે જીવાજીવાદિક પદાર્થ સમૂહના યથાર્થ અવબોધરૂપ જ્ઞાનને સર્વ ગુણોના મૂળકારણભૂત જાણીને વિનય બહુમાનવડે ભણો.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૧૭ આઠમે પદે અશુભ ક્રિયાઓના ત્યાગરૂપ અને શુભ ક્રિયાઓમાં આદરરૂપ ઉત્તમ ગુણયુક્ત ચારિત્રને યથાર્થ પાળો. ૧૭.

૧૮ નવમે પદે આકરાં કર્મરૂપી અંધકારને હરી લેવા સૂર્યસમાન દ્વાદશવિધ તપનું કષાય તાપરહિત રૂડી રીતે સેવન કરો.

૧૯ આ પ્રમાણે ઉપર બતાવેલા નવે પદો જિનેશ્વર પ્રભુએ કથેલા ધર્મમાં સારભૂત છે, અને આરાધન કરનાર ભવ્ય જનોને કલ્યાણકારી છે તેથી તે યથાવિધ આરાધવા યોગ્ય છે.

૨૦ એ નવ પદોવડે નિષ્પન્ન એવા શ્રી સિદ્ધચક્રને ઉપયોગ યુકત આરાધનાર પ્રાણી શ્રી શ્રીપાળ કુમારની પેરે સુખ–સમાધિ પામે છે.

નવપદ વિશેષ વર્ણન તત્ર પ્રથમ શ્રી અરિહંત-પદ વર્ણનમ્. (૨૧--૨૯.)

૨૧ શેષ ત્રણ ભવ રહેતા મનુષ્ય ભવે અરિહંતાદિક વીશ સ્થાનક (તપ) નું આરાધન કરીને જેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું છે તે અરિહંતોને હું પ્રણમું છું.

૨૨ છેલ્લે ભવે ઉત્તમ રાજકુળમાં ચૌદ મહાસ્વપ્નો વડે સૂચિત ગુણવાળા જે અવતરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૩ જેઓના જન્મ સમયે ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ દેવનાયકો આવીને પ્રમુદિત મનથી જન્મ–ઉત્સવ કરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂંછું.

૨૪ જન્મથી માંડીને જેમના દેહમાં લોકને આશ્ચર્યકારી એવા ચાર અતિશયો હોય છે તે અરિહંતોને હું પ્રણમુંછું.

૨૫ જેઓ ત્રણ જ્ઞાને સહિત છતાં, ભોગાવળી કર્મને ક્ષીણ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

થયેલું જાણી ચારિત્રરૂપ નિવૃત્તિમાર્ગને આદરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૬ ચારિત્ર ધર્મમાં સદા ઉપયોગી અને અપ્રમત્ત છતા નિર્મળ ધ્યાનથી ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થઇ મોહને હણી જે કેવળ લક્ષ્મી વરે છે તે અરિહંતોને હું પ્રણમું છું.

૨૭ કર્મના ક્ષયથી ૧૧ અને દેવકૃત ૧૯ અતિશયો જેમને હોય છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છુ.

૨૮ અષ્ટ પ્રાતિહાર્યો વડે શોભિત અને સુરનાયકો વડે સેવિત જે સદાકાળ વિચરે છે તે અરિહંતોને હું પ્રણમું છું.

૨૯ પૃથ્વી પીઠ ઉપર વિચરતા સતા ૩૫ ગુણયુક્ત વાણી વડે જે ભવ્યજનોને વિબોધે છે તે અરિંહતોને હું પ્રણમું છું.

' દ્વિતીય શ્રી સિદ્ધપદ વર્ણનમ્ ' (૩૦-૩૮)

૩૦-૩૧ કેવળી સમુદ્ઘાત કરેલા કે નહિં કરેલા અરિહંતો કે સામાન્ય કેવળીઓ શૈલેશીકરણવડે અયોગી કેવળી થઇ આયુષ્યના છેલ્લા બે સમયમાંના પહેલે સમયે ૭૨ પ્રકૃતિઓને ખપાવી અને છેલ્લે સમયે ૧૩ પ્રકૃતિઓને ખપાવી જેઓ શિવ સુખ પામ્યા તે સિદ્ધ ભગવાનો મને શિવ સુખ આપો !

૩૨ ચરમ શરીરના ત્રીજા ભાગે ન્યૂન અવગાહના વાળા છતા જે એક સમયમાં લોકના અંતે જઇ પહોંચ્યા તે સિદ્ધ ભગવાનો મુજને શિવસુખ આપો !

૩૩ ધનુષમાંથી છૂટેલા બાણુની પેરે પૂર્વપ્રયોગથી, તુંબડાની પેરે અસંગપણાથી, એરંડાના ફળની પેરે બંધન-છેદથી, અને ધૂમાડાની પેરે ઉર્ધ્વ સ્વભાવથી જેમની ઊર્ધ્વગતિ કહી છે તે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

સિદ્ધ ભગવાનો મુજને શિવસુખ આપો !

૩૪ સિદ્ધ શિલ્લાની ઉપર એક યોજનના ૨૪ મા ભાગમાં લોકના અંતે નિશ્ચે જેમની સ્થિતિ પ્રસિદ્ધ છે તે સિદ્ધ ભગવાન મુજને શિવસુખ આપો !

૩૫ જે અનંત, અપુનર્ભવ, અશરીરી, અનાબાધ, તથા સામાન્ય વિશેષ ઉપયોગ સહિત છે તે સિદ્ધ ભગવંત મુજને શિવસુખ આપો !

૩૬ જે અનંતગુણી, નિર્ગુણી, ૩૧ અથવા ૮ ગુણવાળા અને અનંતચતુષ્ક સહિત છે તે સિદ્ધ ભગવંત મુજને શિવસુખ આપો !

૩૭ જેમ ભીલ નગરના ગુણ જાણતો છતો પણ કહી શકતો નથી તેમ જેમના ગુણ જાણતા છતા પણ જ્ઞાની કહી શકતા નથી તે સિદ્ધ ભગવંત મુજને શિવસુખ આપો !

૩૮ જે અનંત, અનુત્તર, અનુપમ, શાશ્વત અને સદાનંદ એવા સિદ્ધિ સુખને પામ્યા તે સિદ્ધ ભગવંત મુજને શિવસુખ આપો !

'તૃતીય આચાર્યપદ વર્ણનમ્' (૩૯–૪૭)

૩૯ જે પંચવિધ આચારને સદા આચરતા છતા ભવ્ય જનોના અનુગ્રહને માટે તેનો ઉપદેશ આપે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૦ દેશ, કુળ, જાતિ, અને રૂપાદિક બહુ ગુણ સમુદાયથી સંયુક્ત છતા જે યુગપ્રધાન છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૪૧ જે સદા અપ્રમત્ત, વિકથા વિરક્ત, કષાય ત્યાગી, અને ધર્મોપદેશ દેવામાં આસક્ત છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૨ જે સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાવડે નિરંતર સ્વગચ્છની સંભાળ રાખે છે તે આચાર્ય મહારાજને હું વંદુ છું.

૪૩ જે સૂત્રાર્થના જાણ છતા પરોપકારરસિક હોવાથી તત્ત્વોપદેશ આપે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂંછું.

૪૪ જિનેશ્વર રૂપી સૂર્ય અને સામાન્ય કેવળીરૂપી ચંદ્ર અસ્ત થયે છતે આ મનુષ્યક્ષેત્રમાં દીપકની પેરે જે તત્ત્વનો પ્રકાશ કરે છે તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરૂંછું.

૪૫ પાપના ભારથી આક્રાન્ત થયા છતા સંસારરૂપી ઊંડા અંધ કુવામાં પડતા પ્રાણીઓનો જે ઉદ્ધાર કરે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૬ માત, તાત અને બાંધવ પ્રમુખથી પણ અધિક હિતકાર્ય અત્ર જીવોનું સાધનાર આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરૂં છું.

૪૭ જે બહુલબ્ધિઓથી સમૃદ્ધ અને અતિશયવંત છતા શાસનને દીપાવે છે. તેમજ રાજાની પેરે નિશ્ચિંત રહે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

'ચતુર્થં શ્રી ઉપાધ્યાયપદ વર્ણનમ્, (૪૮–૫૬).'

૪૮ જે દ્વાદશાંગ સ્વાધ્યાયના પારગામી, તેનાં રહસ્યના ધારક, તેમજ તદ્ ઉભયનો વિસ્તાર કરવામાં રક્ત એવા ઉપાધ્યાય મહારાજને હું ધ્યાવું છું.

૪૯ સૂત્રધારાવડે કરીને પથ્થર જેવા જડ શિષ્યોને પણ જે સર્વપૂજનિક કરે છે તે ઉપાધ્યાયને ધ્યાવું છું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૫૦ મોહરૂપી સર્પ ડસ્યાથી જેમના જ્ઞાન-પ્રાણ નષ્ટ થઇ ગયા છે એવા જીવોને જે જાંગુલી મંત્રવાદી-ગારૂડીની પેરે નવું ચૈતન્ય આપે છે તે ઉપાધ્યાયજી મહારાજને હું ધ્યાવું છું.

૫૧ અજ્ઞાનરૂપ વ્યાધિથી પીડિત થયેલા પ્રાણીઓને ધન્વંતરી વૈદ્યની પેરે શ્રુતજ્ઞાનરૂપી શ્રેષ્ટ રસાયણ આપી જે સજ્જ કરે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૨ ગુણ-વનનો વિનાશ કરનાર મદ-ગજને દમવા અંકુશ સમાન જ્ઞાનદાન ભવ્યજનોને જે સદા આપે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૩ બાકીનાં દાન દિવસ, માસ કે જીવિત પર્યંતજ પહોંચનારા જાણીને જે મુક્તિપર્યંત પહોંચનારૂં શાશ્વત જ્ઞાનદાન સદા દે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૪ અજ્ઞાન-અંધ જનોનાં લોચન રૂડા શાસ્ત્રરૂપી શસ્ત્રના મુખવડે જે સારી રીતે ઉઘાડી નાંખે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૫ બાવન્ન અક્ષરરૂપ બાવનાચંદનના રસવડે લોકોના પાપ-તાપને એકદમ ઉપશમાવી દે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૬ યુવરાજ સમાન, ગચ્છ-ચિંતામાં સાવધાન અને આચાર્યપદને લાયક છતા જે શિષ્યવર્ગને વાચના આપે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

'પંચમ શ્રી સાધુપદ વર્ણનમ્ (૫૭-૬૫).'

૫૭ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અનુપમ રત્નત્રયીવડે જે મોક્ષમાર્ગનું સાધન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૫૮ આર્ત અને રૈદ્ર એ બંને પ્રકારના દુષ્ટ ધ્યાન તજી ધર્મ અને શુક્લ એ બે ધ્યાનનેજ ધ્યાવવાવાળા જે ગ્રહણશિક્ષા અને આસેવના[1]–શિક્ષાનો અભ્યાસ કરે છે તે સવ સાધુઓને હું વંદન કરૂં છું.

૫૯ ત્રણ ગુપ્તિવડે ગુપ્ત, ત્રિશલ્ય રહિત અને ગારવત્રય[2] વિ-મુક્ત છતા જેઓ જિનાજ્ઞાનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

૬૦ ચારે પ્રકારની વિકથાથી વિરક્ત, તેમજ સર્વ પ્રકારના કષા-યના ત્યાગી છતાં જેઓ દાનાદિક ચાર પ્રકારના ધર્મની દેશના દે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

૬૧ પાંચે પ્રમાદના પરિહારી, અને પાંચે ઇંદ્રિયોનું દમન ક-રતા છતા જેઓ પાંચે સમિતિઓનું પાલન કરે છે તે સર્વ સાધુ-જનોને હું વંદન કરૂં છું.

૬૨ છ જીવનિકાયનું રક્ષણ કરવામાં નિપુણ અને હાસ્યાદિક[3] ષટકથી મુક્ત છતા જેઓ છ વ્રતોને પ્રાણની પેરે ધારે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

૬૩ જેમણે સાત ભય જિત્યા છે, આઠ મદ ટાળ્યા છે અને અપ્રમત્ત થઈ જે નવ બ્રહ્મ ગુપ્તિઓનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

૬૪ દશવિધ યતિધર્મ, દ્વાદશવિધ–પડિમા અને દ્વાદશવિધ તપને જે આરાધે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

---

૧. ગુરૂગમથી સમજાયેલી આજ્ઞાનું પરિપાલન કરવું તે.

૨. રસગારવ, રિદ્ધિગારવ અને શાતાગારવ.

૩. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંછા.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૬૫ સત્તર પ્રકારના સંયમને પાળતા અને અઢાર હજાર શીલાંગને ધારણ કરતા છતા જેઓ કર્મભૂમિમાં વિચરે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

‘ષષ્ટમ શ્રી દર્શનપદ વર્ણનમ્ (૬૬–૭૪).’

૬૬ શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મરૂપ તત્ત્વ સંપત્તિની શ્રદ્ધારૂપ જે સમ્યકત્વ વખાણ્યું છે તે સમ્યગ દર્શનને અમે નમિયે છીએ. ૬૬

૬૭ જ્યાં સુધી કર્મની સ્થિતિ ઘટાડીને એક કોડાકોડી સાગરોપમ જેટલીજ બાકી રહે એવી થઈ ન હોય ત્યાં સુધી જેની પ્રાપ્તિ થઇ શકતી નથી તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

૬૮ અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધારે સંસાર સ્થિતિ જેમને રહી નથી એવા ભવ્ય જીવોને રાગદ્વેષમય ગ્રંથિનો છેદ થયે છતે જેની પ્રાપ્તિ થાય છે તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

૬૯ ઉપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારે જે જિનઆગમમાં ભાખ્યું છે તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

૭૦ જે ઉપશમિક પાંચવાર, ક્ષયોપશમિક અસંખ્યવાર અને ક્ષાયિક એકજવાર પ્રાપ્ત થાય છે તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

૭૧ જે ધર્મવૃક્ષનું મૂળ, ધર્મપુરનું દ્વાર, અને ધર્મ મહેલનો પાયો કહેવાય છે તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

૭૨ જે પૃથ્વીપેરે સમસ્ત ધર્મનો આધાર, ઉપશમ રસનું ભાજન અને ગુણરૂપી રત્નોનું નિધાન છે એમ મુનિજનો કહે છે તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૭૩ જેના વિના જ્ઞાન પણ અપ્રમાણ છે, ચારિત્ર ફળીભૂત થતું નથી અને મોક્ષપ્રાપ્તિ તો થતીજ નથી તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

૭૪ જે સદ્દહણા, લક્ષણ, અને ભૂષણ પ્રમુખ બહુ ભેદોવડે સિદ્ધાંતમાં વર્ણવેલું છે તે સમ્યગ્ દર્શનને અમે નમિયે છીએ.

'સપ્તમ શ્રી જ્ઞાનપદ વર્ણનમ્ (૭૫-૮૩).'

૭૫ સર્વજ્ઞ પ્રણીત આગમમાં ભાખેલા યથાસ્થિત તત્ત્વોનો જે શુદ્ધ અવબોધ તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૬ જેવડે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, અને કૃત્યાકૃત્ય જણાય છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૭ લોકમાં સકળ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, તે શ્રદ્ધાનું પણ જે મૂળ (કારણ) છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૮ જે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળ એમ પાંચ પ્રકારે સુપ્રસિદ્ધ છે, તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૯ કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે અવધિ જ્ઞાનીનાં પણ વચન જે મતિશ્રુતરૂપે લોકોનો ઉપગાર કરે છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૦ દ્વાદશાંગરૂપ શ્રુતજ્ઞાનજ જે જગ ઉપકારી કહેલું છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૧ તેટલા માટેજ ભવ્યજનો જે ભણે છે, ભણાવેછે, નિસુણેછે, પૂજે છે અને લખાવે છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૨ જેના બળથી આજ પણ ત્રણે લોકના ભાવ હાથમાં રહેલા આંબળાની પેરે જણાય છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૮૩ જેના પસાયથી ભવ્યજનો લોકમાં પૂછવા જોગ, માનવા જોગ અને વખાણવા જોગ થાય છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

અષ્ટમ શ્રીચારિત્ર પદ વર્ણનમ્ (૮૪-૯૨)

૮૪ જે દેશવિરતિરૂપ અને સર્વવિરતિરૂપ અનુક્રમે ગૃહીને અને મુનિને પ્રાપ્ત થાય છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૮૫ જ્ઞાન અને દર્શન પણ જેની સાથે રહ્યા છતાજ જીવોને સંપૂર્ણ ફળ આપે છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૮૬ જે સુસામાયિકાદિક પાંચ પ્રકારે મુનિજનોને અધિકાધિક ફળદાયી જિનાગમમાં સુપ્રસિદ્ધ છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૮૭ જિનેશ્વરોએ જે પોતે સ્વીકાર્યું, આરાધ્યું, સમ્યક્ પ્રરૂપ્યું, અને અન્યજનોને આપ્યું તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૮૮ છ ખંડની અખંડ રાજરિદ્ધિને તજી ચક્રવર્તીઓએ જે સદ્ભાવથી આદર્યું તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૮૯ જેની પ્રાપ્તિથી રંક જીવો પણ ત્રિભુવનમાં સર્વ પૂજનિક થાય છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૯૦ જેનું પાલન કરતા મુનીશ્વરોના ચરણમાં દેવ દાનવના નાયકો ઉલ્લાસથી નમસ્કાર કરે છે, તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૯૧ અનંત ગુણવાળું છતાં શાસ્ત્રમાં મુનિવરોએ જે સત્તર પ્રકારનું અથવા દશ પ્રકારનું વર્ણવ્યું છે તે ચારિત્રનું મને શરણ છે.

૯૨ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, ક્ષમાદિક ગુણનું સેવન,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

અને મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયવડે જેની સિદ્ધિ–પૂર્ણતા પ્રાપ્ત થાય છે તે ચારિત્રનું મુજને શરણુ છે.

નવમ શ્રી તપપદ વર્ણનમ્ (૯૩–૧૦૧)

૯૩ યથોત્તર ગુણુકારી બાહ્ય અને અભ્યંતર ભેદે કરી જે બાર પ્રકારે જિનાગમમાં વર્ણવેલ છે તે તપ પદને હું આદરથી વંદન કરૂંછું.

૯૪ તદ્ભવ સિદ્ધિ જાણુતાં છતાં શ્રી રિષભદેવ પ્રમુખ તીર્થંકરોએ જેનું સેવન કરેલું છે તે તપપદને હું વંદુંછું.

૯૫ સમતા સહિત જેનું સેવન કરવાથી નિકાચિત કર્મનો પણ ક્ષણુમાત્રમાં ક્ષય થાય છે તે તપપદને હું નમસ્કાર કરૂંછું.

૯૬ જેમ અગ્નિ વડે સુવર્ણથકી કિટ્ટી વિગેરે તત્ક્ષણુ ફિટ્ટીને જૂદાં પડે છે તેમ જેનાવડે જીવથકી કર્મમળ ફિટ્ટી જૂદો પડી જાય છે તે તપપદને હું પ્રણમું છું.

૯૭ આશંસા રહિત કર્મ–નિર્જરા અર્થે જેનું સેવન કર્યે છતે મહાસિદ્ધિઓ સંપજે છે તે તપપદને હું પ્રણામ કરૂંછું.

૯૮ જેના પસાયથી 'આમોસહી' પ્રમુખ અનેક લબ્ધિઓ અવશ્ય પ્રગટે છે તે તપપદને હું પ્રણામ કરૂંછું.

૯૯ કલ્પવૃક્ષની જેમ સુરવર અને નરવર સંબંધિ સંપદારૂપ જેનાં ફુલ છે અને મોક્ષરૂપ ફલ છે તે તપપદને હું પ્રણામ કરૂંછું.

૧૦૦ અત્યંત અસાધ્ય એવાં પણ સર્વ લોકનાં કાર્યો જેના વડે લિલા માત્રમાં શીઘ્ર સીજે છે તે તપપદને હું પ્રણામ કરૂંછું.

૧૦૧ દધિ, દુર્વાદિક માંગલિક પદાર્થોમાં જે પ્રથમ મંગળરૂપ જગતમાં ગવાય છે તે તપપદને હું પ્રણામ કરૂંછું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નવપદ સંબંધી નિશ્ચય સ્વરૂપમ્ (૧૦૨–૧૧૪)

૧૦૨ આ નવપદનું આરાધન સર્વસુખનું મૂળ છે તે આ પ્રમાણે નવપદોનું વર્ણન કર્યાથી તમારાથી સમજાયું.

૧૦૩ નવપદની આરાધનાનું મુળ પ્રાણીઓનો કેવળ શુભ ભાવજ છે. તે શુભભાવ નિશ્ચે નિર્મળ આત્માઓને હોય છે પણ બીજા મલીન પરિણામી જીવોને હોતો નથી.

૧૦૪ જે સંકલ્પ વિકલ્પ વર્જિત નિર્મલ પરિણામી આત્મા છે તેજ નવપદ છે અને નવપદમાં પણ તેજ છે.

૧૦૫ કારણકે ધ્યાતા પુરૂષ, પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ એવા અરિહંત ભગવાનને ધ્યાતો છતો, નિશ્ચે અરિહંત પદમય પોતાના આત્માને પ્રત્યક્ષ દેખે છે. અરિહંત દેવની આકૃતિનું ધ્યાન તે ' પિંડસ્થ ધ્યાન. ' અરિહંતાદિક પદોનું ધ્યાન તે ' પદસ્થ ધ્યાન. ' અને સમવસરણસ્થ ભાવ–અરિહંતનું ધ્યાન તે ' રૂપસ્થ ધ્યાન ' છે.

૧૦૬ કેવળજ્ઞાન અને દર્શનાનંદરૂપ, રૂપાતીત સ્વભાવવાળા જે પરમાત્મા તેજ નિશ્ચે સિદ્ધાત્મા જાણવા.

૧૦૭ પંચ પ્રસ્થાનમય, મહામંત્ર–ધ્યાનમાં લીન મનવાળા, અને પંચવિધ આચારમય જે આત્મા તેજ આચાર્ય સમજવા.

૧૦૮ મહાપ્રાણ (ધ્યાન) વડે સૂત્રાર્થ તદુભય રહસ્ય યુક્ત દ્વાદશાંગને જેણે ધ્યાયાં છે અને સ્વાધ્યાયમાં સદા તત્પર રહેનાર એવો આત્મા એજ ઉપાધ્યાય છે.

૧૦૯ રત્નત્રયીવડે મોક્ષમાર્ગનું સમ્યગ્ રીતે સાધન કરવા જેના તનમન વચન સાવધાન છે એવો નિત્ય અપ્રમત્ત આ

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ત્માજ ખરેખર સાધુ છે.

૧૧૦ મોહના ક્ષયોપશમ વડે શમ સંવેગાદિક લક્ષણવાળો પરમ શુભ પરિણામમય પોતાનો આત્મા એજ **દર્શન** છે.

૧૧૧ જ્ઞાનાવરણના ક્ષયોપશમવડે યથાસ્થિત તત્ત્વોના શુદ્ધ અવબોધરૂપ આત્માજ **જ્ઞાન** કહેવાય છે.

૧૧૨ સોળ કષાય અને નવ નોકષાય રહિત અને વિશુદ્ધ લેશ્યાવંત એવા સ્વસ્વભાવમાં રહેલા પોતાના આત્માનેજ **ચારિત્ર** સમજો.

૧૧૩ ઇચ્છાના નિરોધથી શુદ્ધ સંવરવાળો અને સમતા ગુણે પરિણમ્યો છતો કર્મની નિર્જરા કરતો આ આત્માજ તપરૂપ છે.

૧૧૪ નવપદનું નિશ્ચય સ્વરૂપ આવું હોવાથી હે ભવ્યો ! પોતાના આત્માનેજ નવપદમય જાણીને પોતાના આત્મ-સ્વરૂપમાંજ સદા લીનમનવાળા થાઓ !

નવપદ ધ્યાનોપદેશ (૧૧૫–૧૨૪)

૧૧૫ જેમણે કામ ક્રોધાદિક અંતરંગ શત્રુ વર્ગને જીતી લીધો છે તથા ઉત્તમ જ્ઞાનવંત, સત્પ્રાતિહાર્યાદિક અતિશયો વડે પ્રધાન અને સંશયસમૂહરૂપ રજને ઝાટકી કાઢતા એવા શ્રી અરિહંત ભગવાનને તમે નિરંતર ધ્યાવો !

૧૧૬ દુષ્ટાષ્ટ કર્માવરણથી મુક્ત થયેલા, અનંત જ્ઞાનાદિક ચતુષ્ટયસંપદા વરેલા, અને સમગ્ર લોકમાં અગ્ર પદને પામી પ્રસિદ્ધ થયેલા એવા સિદ્ધ ભગવાનને નિરંતર મનમાં ધ્યાવો !

૧૧૭ આ સંસારમાં સૂરિચરણ જે સુખ આપે છે તેવું સુખ માતા પિતા પણ આપી શકતા નથી. તેથી તેમનુંજ સદા સેવન

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

કરો કે જેથી તમે મોક્ષનાં સુખ શીઘ્ર મેળવી શકો !

૧૧૮ ઉત્તમ નીર, ક્ષીર અને અમૃત સમાન સ્વાદિષ્ટ સૂત્રઅર્થ અને સંવેગમય શ્રુતજ્ઞાનવડે જેઓ ભવ્ય જનોને સંતોષ પમાડે છે તે અનુગ્રહકારી ઉપાધ્યાય મહારાજને નિરંતર ધ્યાવો !

૧૧૯ ક્ષમાવંત, જિતેન્દ્રિય, સુગુપ્તિ ગુપ્ત, સંતોષી, પ્રશાન્ત, ઉત્તમયોગયુક્ત, અપ્રમાદી, અને મોહમાયા રહિત એવા મુનિવરોના ચરણોનું સદાય ધ્યાન કરો !

૧૨૦ ષડ્દ્રવ્યાદિકમાં શ્રદ્ધાનરૂપ સર્વ ગુણમાં પ્રધાન એવું જે દર્શન તે કુગ્રહ વ્યાધિને ઉત્તમ રસાયણની જેમ હઠાવી કાઢે છે.

૧૨૧ નૈગમાદિક નયસમૂહથી નિષ્પન્ન અને પ્રસિદ્ધ એવા તત્વાવબોધરૂપ પ્રધાન જ્ઞાનને, તમોહારી માણિક્ય દીપકની પેરે તમારા મનમંદિરમાં સ્થાપો !

૧૨૨ મોહનો નિરોધ કરવા સમર્થ અને અતિચાર રહિત મૂળોત્તર અનેક ગુણવડે પવિત્ર એવા પંચવિધ સુસંવરરૂપ નિર્મળ ચારિત્રને તમે નિશ્ચે સેવો !

૧૨૩ અતિ દુર્જય કુકર્મનો ભેદ કરનાર અને પાપ માત્રનો નાશ કરનાર એવા બાહ્ય અભ્યંતર ભેદવાળા તપને તમે આગમ નીતિયુક્ત, દુઃખક્ષયાર્થે નિરાશીભાવે સેવો !

૧૨૪ ઇષ્ટફળને દેનાર એ નવપદને જે ભવ્યજનો આરાધે છે તેઓ શ્રી શ્રીપાળ નરેશ્વરની પેરે સુખની પરંપરાને પામે છે.

એમ સમજી આ પંચમ કાળમાં પણ પ્રગટ રીતે કલ્પવૃક્ષની પેરે અનુપમ એવાં અમૃતફળ ચખાડી સર્વ વ્યાધિને અપહરનાર શ્રી સિદ્ધચક્ર (નવપદ)મહારાજને સર્વપ્રમાદ તજી તમે પૂર્ણભક્તિભાવથી ભજો !

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રાસંગિક પદ્યવડે નવપદને નમસ્કાર.

(૧) ઉત્પન્ન થયેલા નિર્મળજ્ઞાન જ્યોતિથી ભરેલા, સત્પ્રતિહાર્ય યુક્ત સિંહાસન ઉપર સંસ્થિત થયેલા, અને સદ્ દેશના વડે જેમણે સજ્જનોને આનંદિત કરેલા છે તે જિનેશ્વરોને સદા સહસ્રશઃ નમસ્કાર હો !

(૨) પરમાનંદ લક્ષ્મીના સ્થાનરૂપ અને અનંત ચતુષ્કના સ્વામી એવા સિદ્ધ ભગવંતને વારંવાર નમસ્કાર !

(૩) કુમતિ–કદાગ્રહને હઠાવી કાઢનાર અને સૂર્ય સમાન પ્રતાપી એવા આચાર્ય મહારાજને વારંવાર નમસ્કાર !

(૪) સૂત્ર અર્થ અને તદુભયનો વિસ્તાર કરવા તત્પર એવા વાચકવરોને વારંવાર વંદન !

(૫) જેમણે સમ્યગ્ રીતે સંયમને સેવેલું છે એવા દયાળુ અને દમનશીલ સાધુ જનોને વારંવાર નમસ્કાર !

(૬) જિનોક્ત તત્ત્વને વિશે રૂચિ–પ્રીતિ થવી એ છે લક્ષણ જેનું એવા નિર્મળ દર્શન ગુણને વારંવાર નમસ્કાર !

(૭) અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્યસમાન સમર્થ જ્ઞાન ગુણને વારંવાર નમસ્કાર !

(૮) આત્માની સંપૂર્ણ શક્તિ જેનાવડે પ્રાપ્ત થયેલી છે તે સંયમ વીર્યને વારંવાર નમસ્કાર !

(૯) અષ્ટવિધ કર્મરૂપી વનને ઉખેડી નાંખવા કુંજર સમાન તીવ્ર તપ સમુદાયને વારંવાર નમસ્કાર !

એવી રીતે નવ પદોથી નિષ્પન્ન શ્રી સિદ્ધચક્ર મહારાજને હે ભવ્યજનો તમે ભક્તિભરથી ભજો.

ઇતિશમ્.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

શ્રી સિદ્ધચક્ર-આરાધન વિધિ.

ઉપર કહ્યા મુજબ નવપદના ગુણ સમજી શાશ્વત સુખના અર્થી જનોએ તેનું સદા સદ્ભાવથી સેવન કરવું. ત્રિકાળ પૂજા સેવા ભક્તિ બહુમાનપૂર્વક મનમાં નિરંતર નવપદનું સ્મરણ કરવું. દૃઢ અભ્યાસથી નવપદનું ધ્યાન ધરનાર પોતેજ નવપદરૂપ થઇ શકે છે. તેથી અહોનિશ હૃદયકમળમાં નવપદનું સ્થાપન કરી રાખવું જરૂરનું છે. આસો અને ચૈત્ર માસમાં વિશેષે કરીને શુદ ૭ થી શુદ ૧૫ સુધી નિરંતર 'આયંબિલ' તપનું સેવન કરવું, અને એકેક દિવસે અનુક્રમે ૐ હ્રીઁ પૂર્વક ૧ નમો અરિહંતાણં, ૨ નમો સિદ્ધાણં, ૩ નમો આયરિયાણં, ૪ નમો ઉવઝાયાણં, ૫ નમો લોએ સવ્વસાહૂણં, ૬ નમો દંસણસ્સ, ૭ નમો નાણસ્સ, ૮ નમો ચરિત્તસ્સ, ૯ નમોતવસ્સ. એ નવપદનું ગણણું ગણવું. દરેક પદનો ૨૦૦૦ જાપ કરવો અથવા એકેક પદથી ૨૦ નવકારવાળી ગણવી. ગણણું ગણતાં અરિહંતાદિક પદમાંજ ઉપયોગ સ્થિર કરવો. સ્થિર આસન કરી મન તથા ઇંદ્રિયોને કાબુમાં રાખી, એકાંત અને પવિત્ર સ્થળમાં અડગ ધ્યાન ધરવું. ઉભયકાળ પ્રતિક્રમણ અને પડિલેહણ તથા ત્રિકાલ દેવવંદન સંબંધી ક્રિયા યથાવિધ પ્રમાદ રહિત કરવી. પ્રતિક્રમણ એટલે કરેલાં પાપનું પશ્ચાત્તાપ પૂર્વક સદ્દગુરૂ સમીપે આલોચન કરી નિઃશલ્ય થઇ પુનઃ તેવાં પાપથી ડરતા રહેવું અને સર્વ જીવઉપર સમાન બુદ્ધિ રાખવી. રાગ, દ્વેષ, ક્રોધાદિક, કષાય, નિંદા, ચુગલી, મિથ્યા આળ તથા કલહ આદિક નિંદ્ય કામથી સદંતર દૂર રહેવું. યથાશક્તિ દાન દેવું.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

નિર્મળ મન રાખી શુદ્ધશીલ પાળવું. નવ દિવસ સુધી યથાવર્ણ એકજ ધાન્યથી, રસ કસ વિના, લુખાશવૃત્તિથી, એકજ વખત, સ્થિર આસને ભોજન કરવું. પહેલે દિવસે શ્વેત અન્ન ચોખા પ્રમુખ, બીજે દિવસે લાલ અન્ન–ઘઉં પ્રમુખ, ત્રીજે દિવસે પીત અન્ન–ચણા પ્રમુખ, ચોથે દિવસે નીલવર્ણ- મગ પ્રમુખ, પાંચમે દિવસે કૃષ્ણવર્ણ–અડદ પ્રમુખ અને છેલ્લા ચાર દિવસે શ્વેતવર્ણ શાલિ પ્રમુખ રાંધેલું ધાન્ય વાપરી દેહને આધાર આપવો. મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયનું સદાય સેવન કરવું. સર્વ જીવોનું સદાય હિત ઇચ્છવું, સદ્‌ગુણીને દેખી પ્રમુદિત થવું. દીન–દુઃખીનું દુઃખ ટાળવા બનતું કરવું અને કઠોર દીલના નિર્દય પ્રાણીઉપર પણ દ્વેષ લાવવો નહિ. દેહાદિક પુદ્‌ગલિક વસ્તુઓનું અનિત્યપણું અને અસારપણું વિચારી સદા શાશ્વત અને સારભૂત ધર્મનુંજ દૃઢ આલંબન લેવું. સર્વજ્ઞ પ્રણીત ધર્મજ આ દુઃખોદધિમાં ડુબતા જીવોને સહાયભૂત છે. નવપદમાં દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે. તેથીજ તેનું દૃઢતર અવલંબન કરવું ઉચિત છે. એ નવપદનું સવિશેષ સ્વરૂપ સદ્‌ગુરૂ સમીપે સમજી આશંસા રહિત નિષ્કામીપણે તેનું સેવન કરવામાં આવે તો અલ્પકાળમાં અક્ષયસુખ પ્રાપ્ત થઇ શકે છે. ઉક્ત નવપદ અનંતગુણનિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રમાં વર્ણવેલાં છે. તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલાંજ ખમાસમણાં અને તેટલી જપ્રદક્ષિણા વિગેરે કરણી સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવી કહી છે. વળી દિન દિન વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન,

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

પ્રમુખ ધર્મવ્યાપાર, શુદ્ધ મન વચન કાયાના યોગથી કરતાં આત્મા અવશ્ય મોક્ષનો અધિકારી થાય છે. આ પ્રમાણે નવ પદનું આરાધન ૪ા વર્ષ સુધી અને બની શકે તો જીવિત પર્યંત કરવાનું છે. ૪ા વર્ષમાં સર્વ મલીને ૮૧ આયંબિલ ઉપર મુજબ કરવાના છે, અને સાથે સાથે બીજી ધર્મકરણી યથાવિધ સમજપૂર્વક સેવવાની છે. દરેક ધર્મકરણી કરવાનો પરમાર્થ સદ્ગુરૂ સમીપે સમજી તેનું સેવન કરનારને યથાર્થ લાભ મેળવવા એટલું અવશ્ય લક્ષમાં રાખવાની જરૂર છે કે તે કરણી નિષ્કપટપણે કરવી. ભય-પરિણામની ચંચળતા, દ્વેષ-અરૂચિ, અને ખેદ રહિત ચઢતે પરિણામે બની શકે તેવી અને તેટલી ધર્મ કરણી-કરવી. દોષ રહિત કરેલી કરણી ઉત્તમ ફળ આપે છે. એમ સમજી સુજ્ઞ સજ્જનોએ સર્વ મત કદાગ્રહ મૂકી દઇ ઉક્ત નવપદજીનું સ્વરૂપ યથાર્થ રીતે નિષ્પક્ષપાતપણે નિર્ધારી તેનું સેવન-આરાધન નિર્મળ શ્રદ્ધાથી ઉલ્લસિત ભાવે પ્રમાદરહિત કરવું. એવી રીતે શુદ્ધ ભાવથી સિદ્ધચક્રજીની આરાધના કરનાર શ્રી શ્રીપાળ અને મયણા સુંદરીની પેરે અત્ર મનુષ્યભવમાં અદ્દ્ભૂત સુખ અનુભવી અનુક્રમે સ્વર્ગનાં અને મોક્ષનાં અક્ષય અનંત સુખ પ્રાપ્ત કરે છે.

ઇતિ શમ.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

॥ ॐ अर्हं ॥

अथ श्री शत्रुंजय महातीर्थ कल्पः

(सानुवादः)

सुअ धम्म कित्तिअं तं, तित्थं देविंदवंदिअं थुणिमो।
पाहुडए विज्जाणं, देसिअ मिगवीस नामं जं ॥ १ ॥
विमलगिरि मुत्तिनिलओ, सत्तुंज सिद्धखित्त पुंडरिओ।
सिरि सिद्धसेहरो सिद्ध,–पव्वओ सिद्धराओअ ॥२॥
बाहुबली मरुदेवो, भगीरहो सहसपत्त सयवत्तो।
कूडसय अट्ठुत्तरो, नगाहिराओ सहसकमलो ॥ ३ ॥
ढंको कोडिनिवासो, लोहिच्चो तालझओ कयंबुत्ति।
सुरनर मुणिकयनामो,सो विमलगिरि जयउ तित्थं ॥४॥
रयणायर विवरोसहि, रसकूविज्जुआ सदेविआ जत्थ।
ढंकाइ पंचकूडा, सो विमल० ॥ ५ ॥

શ્રુત સિદ્ધાંતમાં વર્ણવેલા અને દેવેંદ્રોએ વંદેલા એવા જે તીર્થરાજનાં વિદ્યાપ્રાભૃત નામના પૂર્વમાં ૨૧ ઉત્તમ નામ કહ્યાં છે તે (પવિત્ર) તીર્થરાજની અમે સ્તવના કરીયે છીએ. ૧

૧ વિમલગિરિ ૨ મુક્તિનિલય ૩ શત્રુંજય ૪ સિદ્ધક્ષેત્ર ૫ પુંડરિકગિરિ ૬ શ્રી સિદ્ધશેખર ૭ શ્રી સિદ્ધગિરિ ૮ શ્રી સિદ્ધરાજ. ૨

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

૯ બાહુબલી ૧૦ મરૂદેવ ૧૧ ભગીરથ ૧૨ સહસ્રપત્ર ૧૩ શતપત્ર ૧૪ અષ્ટોત્તર શતકુટ ૧૫ નગાધિરાજ ૧૬ સહસ્રકમલ. ૩

૧૭ ઢંક ૧૮ કોડિનિવાસ ૧૯ લૌહિત્ય ૨૦ તાલધ્વજ અને ૨૧ કદંબગિરિ એ જેના ઉત્તમ ૨૧ નામો સુરનર મુનિઓએ મળીને સ્થાપ્યા છે તે વિમલગિરીરાજ જયવંત વર્તો. ૪

જેમાંના ઢંકાદિક પાંચ શિખરોમાં દેવતાધિષ્ઠિત રત્નની ખાણો, ગુફાઓ, ઔષધિઓ અને રસ કુપિકાઓ વિદ્યમાન છે તે વિમલ ગિરિરાજ જયવંત વર્તો ! ૫

जो अरयछगंमि असी,सत्तरी सट्ठीअ पन्नबार जोअणए
सग रयणि विथ्थिन्नो, सो विमल० ॥ ६ ॥
जो अट्ठजोयणुच्चो, पन्नादस जोयणे अ मूलुवरिं।
विथ्थिन्नो रिसहजिणे, सो विमल० ॥ ७ ॥
जहिं रिसहसेणपमुहा, असंख तिथ्थंकरा समोसरिआ।
सिद्धाअ सिद्धसेले, सो विमल० ॥ ८ ॥
तह पउमनाहपमुहा, समोसरिस्संति जथ्थ भाविजिणा
तं सिद्धखित्त नामं, सो विमल० ॥ ९ ॥
सिरि नेमिनाहवज्जा,जथ्थ जिणा रिसहपमुह वीरंता
तिविस समोसरिआ, सो विमल० ॥ १० ॥

જે પહેલા આરાથી માંડી છઠ્ઠા આરા સુધીમાં અનુક્રમે

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

ઘટતો ૮૦, ૭૦, ૬૦, ૫૦, ૧૨ યોજન અને ૭ હાથના વિસ્તાર વાળો કહ્યો છે તે વિમલ૦ ૬

જે ઋષભનાથ ભગવાનના વારે આઠ યોજન ઉંચો, ૫૦ યોજન મૂળમાં અને ૧૦ યોજન ઉપર ભાગે વિસ્તીર્ણ હતો તે વિમલગિરિ૦ ૭

જ્યાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો સમવસર્યા છે અને શ્રી સિદ્ધશૈલ ઉપર સિદ્ધ થયેલ છે તે વિમલગિરિરાજ૦ ૮

તેમજ પદ્મનાભ પ્રમુખ ભાવિ તીર્થંકરો જ્યાં આવી સમવસરશે જેથી તેનું સિદ્ધ ક્ષેત્ર નામ મશહુર છે એવા શ્રી વિમલ ગિરિરાજ૦ ૯

વળી જ્યાં શ્રી નેમિનાથ ભગવાન વિના ઋષભદેવથી માંડી વર્દ્ધમાન પ્રભુ પર્યંત ૨૩ તીર્થંકરો વર્તમાન કાળમાં સમવસર્યા છે તે શ્રી વિમલ ગિરિરાજ૦ ૧૦

मणिरुप्प कणय पडिमं, जथ्थ रिसह चेइअं भरहविहिअं।
सदुवीस जिणाययणं, सो विमल० ॥ ११ ॥
बाहुबलिणा उ रम्मं, सिरि मरुदेवाइ कारिअं भवणं।
जथ्थ समोसरणजुअं, सो विमल० ॥ १२ ॥
ओसप्पिणीइ पढमं, सिद्धो इह पढमचक्की पढमसुओ।
पढमजिणस्स य पढम,—गणहारी जथ्थ पुंडरीओ ॥ १३ ॥
चित्तस्स पुन्निमाए, समणाणं पंचकोडी परियरिओ।
निम्मल जस पुंडरिअं, सो विमलगिरि जयउ तिथ्थं ॥ १४ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

नमि विनमि खयरिंदा, सहमुणि कोडिहिं दोहिं संजाया।
जहिं सिद्धसेहरा सइ, सो विमल० ॥ १५ ॥

જ્યાં ભરત ચક્રવર્તીએ કરાવેલું ૨૨ જિનાલય સહિત શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્ય મણિમય, સુવર્ણમય, અને રૂપામય પ્રતિમાઓથી અલંકૃત છે એવો શ્રી વિમલ૦ ૧૧

વળી જ્યાં બાહુબલીજીએ શ્રી મરૂદેવી માતાનું મંદિર રમણિક અને સમવસરણ યુક્ત કરાવેલું છે તે શ્રી વિમલ ગિરિરાજ જયવંત વર્તો! ૧૨

આ અવસર્પિણી કાળમાં જ્યાં સહુથી પ્રથમ ભરત ચક્રવર્તીના પહેલા પુત્ર અને પ્રથમ તીર્થંકર ભગવાનના પ્રથમ ગણધર મહારાજ શ્રી પુંડરીક સ્વામી સિદ્ધિપદને પામ્યા. ૧૩

ચૈત્રી પુણિમાએ પાંચ ક્રોડ મુનિથી પરવર્યા પુંડરીક સ્વામી જ્યાં નિર્મળ મોક્ષ પદને પામ્યા તે શ્રી વિમલગિરિ૦ ૧૪

નમિ અને વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિ સંઘાતે જ્યાં સિદ્ધિપદને વર્યા તે વિમલ ગિરિરાજ૦ ૧૫

सव्वट्ठसिद्ध पथ्थड, अंतरिआ पन्नकोडि लख्खुदही।
सेढीहिं असंखाहिं, चउदस लख्खाइं संखाहिं ॥ १६ ॥
जथ्थाइच्चजसाइ, सगरंता रिसहवंसज्ज नरिंदा ॥
सिद्धिं गया असंखा, सो विमल० ॥ १७ ॥
वासासु चउम्मासं, जथ्थठिआ अजिअसंति जिणनाहा।
बिअ सोल धम्मचक्की, सो विमल० ॥ १८ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

दसकोडीसाहुसहिआ,जथ्थ दाविडवालिखिल्लपमुहनिवा
सिद्धा नगाहिराए, जयउ तयं पुंडरियं तिथ्थं ॥१९॥
जहिं रामाइ तिकोडि, इग नवइ नारयाइ मुणि लक्खा
जायाओ सिद्ध राया, सो विमल० ॥ २० ॥

૧૪ લાખ મોક્ષે જાય ત્યારે એકાદ સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જાય એવી રીતે ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી સૂર્યયશાથી માંડીને સગર ચક્રવર્તી પર્યંત ઋષભદેવના વંશના અસંખ્ય પટ્ટ પરંપરા અસંખ્ય રાજાઓ જ્યાં સિદ્ધિ પદને વર્યા તે શ્રી વિમલ ગિરિરાજ૦ ૧૬–૧૭

જ્યાં બીજા અને સોળમા ધર્મ ચક્રવર્તી શ્રી અજિતનાથ અને શાંતિનાથ વર્ષા ચાતુર્માસ રહ્યા તે વિમલગિરિ૦ ૧૮

દ્રાવિડ અને વાલિખિલ્લ પ્રમુખ રાજાઓ દશક્રોડ સાધુ સંઘાતે જે ગિરિરાજ ઉપર સિદ્ધ પદવીને પામ્યા તે શ્રી પુંડરીક તીર્થ જયવંત વર્તો ! ૧૯

જ્યાં રામચંદ્રાદિક ત્રણક્રોડ સાધુઓ અને નારદ આદિ ૯૧ લાખ સાધુઓ સિદ્ધ થયા તે શ્રી વિમલ ગિરિરાજ૦ ૨૦

नेमि वयणेण जत्ता,-गएण जहिं नंदिसेण गणिवइणा
विहिओ अजियसंति थओ, सो विमल० ॥ २१ ॥
पज्जुन्न संब पमुहा, कुमरवरा सड्ढ अट्ठकोडिजुआ।
जथ्थ सिवं संपत्ता, सो विमल० ॥ २२ ॥
अन्नेवि भरह सेलग, थावच्चासुअ सुआइ असंखा।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जहिं कोडि कोडि सिद्धा, सो विमल० ॥ २३ ॥
असंखा उद्धारा, असंख पडिमाओ चेइअ असंखा ।
जहिं जाया जयउ तयं, सिरि संत्तुजय महातित्थं ॥२४॥
कयजिणपडिमुद्धारा, पंडवा जत्थ वीसकोडिजुआ ।
मुत्ति निलयंमि पत्ता, सो विमल० ॥ २५ ॥

શ્રી નેમિનાથ પ્રભુની આજ્ઞાથી યાત્રાએ આવેલા નંદિષેણુ નામના ગણુધરે જ્યાં અજિત શાંતિ સ્તવ કર્યો તે વિમલ૦ ૨૧

જ્યાં શાંબ અને પદ્યુમ્ન પ્રમુખ શ્રેષ્ઠ કુમારો ૮ાા ક્રોડ મુનિઓ સંગાતે શિવ સંપદાને વર્યા તે શ્રી વિમલગિરિ૦ ૨૨

વળી ભરત, સેલગ સૂરિ, થાવચ્ચા પુત્ર, અને શુકાચાર્ય પ્રમુખ અસંખ્ય ક્રોડાક્રોડ સાધુઓ સિદ્ધિ પદને વર્યા તે વિમલગિરિ૦ ૨૩

અસંખ્ય ઉદ્ધારો, અસંખ્ય પ્રતિમાઓ અને અસંખ્ય ચૈત્યો જ્યાં થયા તે શ્રી શત્રુંજય મહા તીર્થ જયવંત વર્તો! ૨૪

જેમણે જીન પ્રતિમાનો ઉદ્ધાર કર્યો એવા પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિ સંઘાતે જ્યાં મુકિત પદને પામ્યા તે વિમલગિરિરાજ૦ ૨૫

भरह कराविअ बिंबे, चिल्लतलाइ गुहाठिइ नमंतो ।
जहिं होइ इगवयारी, सो विमल० ॥ २६ ॥
दहिफल फलय समीवे, अलक्ख देउली परीसर पएसे

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

सिवबारं पिव बारं, जीइ गुहाए विहाडेउं ॥ २७ ॥
अठ्ठम तवेण तुठ्ठो, कवडि जक्खो जहिं भरह पडिमा
वंदावइ जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥२८॥
संपइ विक्कम बाहड, हाल पलित्ताम दत्तरायाइ ।
जं उद्धरिहिंति तयं, सिरि सत्तुंजय महातित्थं ॥२९॥
जं कालयसुरि पुरो, सराहिं सुदिठ्ठी सया विदेहेवि ।
इण भिअ सक्केणुत्तं, तं सत्तुंजय महातित्थं ॥ ३० ॥

જ્યાં ચેલણુ તલાવડીની નજદિકમાં રહેલી દેવતાધિષ્ઠિત ગુફામાં બિરાજમાન કરેલી ભરત ચક્રવર્તીએ કરાવેલી પ્રભુ પ્રતિમાને નમસ્કાર કરનાર એકાવતારી થાય છે એવા શ્રી વિમલ ગિરિરાજ૦ ૨૬

દધિફલ (કોઠાનાં) વૃક્ષ સમીપે અને અલખ્ખ દેવડીની નજદીકમાં રહેલી તે દેવતાધિષ્ઠિત ગુફાનું મોક્ષદ્વારના જેવું દ્વાર ઉઘાડીને અઠ્ઠમ તપથી તુષ્ટમાન થયેલો કપર્દી યક્ષ જ્યાં ભરત મહારાજે કરાવેલી પ્રભુ પ્રતિમાને વંદાવે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો ! ૨૭–૨૮

સંપ્રતિ, વિક્રમ, બાહડ, હાલ, પાદલિપ્ત, આમ, અને દત્તરાજાદિક જેનો ઉદ્ધાર કરનાર થાશે એવો શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો ! ૨૯

મહા વિદેહ ક્ષેત્રમાં પણુ સમ્યગ્ દૃષ્ટિજનો જેનું સદા સ્મરણુ કરે છે એવી હકીકત શક્ર ઇંદ્રે કાલક સૂરિ સમીપે જણાવી તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ! ૩૦

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

जावडि बिंबुद्धारे, अणुपमसरमजिअ चेइअ ठाणे ।
जहिं होइ जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥३१॥
मरुदेवी संतिभवणं, उद्धरिही जत्थ मेहघोस निवो ।
कक्कि पपुत्तो तं इह, सिरि सत्तुंजय महातित्थं ॥३२॥
पच्छिम उद्धारकरो, जस्स विमलवाहणो निवो होही ।
दुप्पसह गुरुवएसा, तं सत्तुंजय० ॥ ३३ ॥
वुच्छिन्ने विअ तित्थे, होही पूअजूअ मुसह कूडं जं ।
जा पउमनाह तित्थं, तं सत्तुंजय० ॥ ३४ ॥
पायं पावविमुक्का, जत्थ निवासीअ जंति तिरिआवि ।
सुगइए जयउ तयं, सिरि सत्तुंजय० ॥ ३५ ॥

જાવડશાએ કરાવેલા ચૈત્ય ઉદ્ધાર સમયે અજિતનાથ સ્વામીના ચૈત્ય સમીપે જ્યાં અનુપમ સરોવર નિર્માણ કરવામાં આવેલું છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૧

જ્યાં કલ્કીરાજાના પુત્રનો પુત્ર મેઘઘોષરાજા મરૂદેવી માતાના તથા શ્રીશાંતિનાથના મંદિરનો ઉદ્ધાર કરશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ! ૩૨

સૂરિ દુપ્પસહના ઉપદેશથી વિમલવાહન રાજા જેનો છેલ્લો ઉદ્ધાર કરાવશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૩

જ્યારે તીર્થનું માન બીલકુલ ઘટી જશે અર્થાત્ પ્રમાણમાં

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

તે બહુજ અલ્પ રહેશે અને વર્તમાન વીરશાસનનો પણ વિચ્છેદ થશે ત્યારે પણ ભાવિ પદ્મનાભ પ્રભુના શાસન સુધી જેનું રિષભ કૂટ તો (દેવાદિકથી) પૂજાતુંજ રહેશે તે શ્રીશત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૪

જેમાં નિવાસ કરતા તિર્યંચો પણ પ્રાયઃ પાપરહિત છતાં સદ્‌ગતિ પામેછે એવો શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૫

जस्स सयाइ कप्पे, वक्खाए झाइए सुए सरिए ।
होइ सिवं तइअभवे, तं सत्तुंजय० ॥ ३६ ॥
जल जलण जलहि रणवण, हरि करि विसविसहराइदुट्ठभयं
नासइ जंनाम सुइ, तं सत्तुंजय० ॥ ३७ ॥
इयभद्दबाहु रइआ, कप्पा सत्तुंज तित्थ माहप्पं ।
सिरि वयरपहुद्धरिअं, जं पालित्तेण संखविअं ॥ ३८ ॥
तं जह सुअं थुअं मे, पढंत निसुणंत संभरंताणं ।
सत्तुंजय कप्प थुत्तं, देउ लहु सत्तुंजय सिद्धिं ॥ ३९ ॥

જે તીર્થના કલ્પનું નિરંતર વ્યાખ્યાન, ધ્યાન, શ્રવણ કે સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૬

જેનું નામ સાંભળતાં (યા સંભારતાં) જળ, અગ્નિ, સમુદ્ર, રણ, વન, સિંહ, હાથી, વિષ, અને વિષધર આદિના દુષ્ટભય દૂર થઈ જાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૭

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

આ, શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચેલા કલ્પથકી, શ્રી શત્રુંજય તીર્થનું માહાત્મ્ય શ્રી વજ્રસ્વામી મહારાજે ઉદ્ધર્યું અને શ્રીપાદલિપ્ત સૂરિએ તેને સંક્ષેપ્યું ! ૩૮

તે શ્રી શત્રુંજય (મહા) કલ્પ–સ્તવ ગુરૂપરંપરાથી જેમ સાંભળ્યો તેમ જ મેં કહ્યો છે. ઉક્ત સ્તવને ભાવથી ભણનાર સાંભળનાર અને સંભારનાર ભવ્યોને તેના પ્રભાવે દ્રવ્ય ભાવ શત્રુનો જય કરવાનું સામર્થ્ય શીઘ્ર સંપ્રાપ્ત થાઓ! ૩૯

ઈતિશમ્.

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अथाऽष्टापदकल्पः

(आर्यावृत्तैः)

वरधर्मकीर्त्तिऋषभो, विद्यानंदाश्रितः पवित्रितवान् ।
देवेन्द्रवंदितोऽयं, सजयत्यष्टापदगिरीशः ॥ १ ॥

यस्मिन्नष्टापदे भूद ष्टापदमुख्य दोषलक्षहरः ।
अष्टापदाभऋषभः । सजयत्यष्टा० ॥ २ ॥

ऋषभ सुता नवनवाति । बाहुबालिप्रभृतयः प्रवर यतयः ।
यस्मिन्नभजन्नमृतं । सज० ॥ ३ ॥

अयुजुर्निर्वृत्तियोगं । वियोगभिरवइवप्रभोः समकं ।
यत्रार्षि दशसहस्राः । सज० ॥ ४ ॥

यत्राष्ट पुत्रपुत्रा । युगपद्वृषभेण नवनवाति पुत्राः ।
समयैकेन शिव मगुः । सज० ॥ ५ ॥

रत्नत्रयमिवमूर्त्तं स्तूपात्रितयं चितित्रयस्थाने ।
यत्राऽस्थापयदिंद्रः । सज० ॥ ६ ॥

सिद्धायतनप्रतिभं । सिंहनिषद्येति यत्रसुचतुद्वाः
भरतोऽरचयच्चैत्यं । सज० ॥ ७ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

यत्र विराजति चैत्यं योजनदीर्घं तदर्धं पृथुमानं ।
क्रोशत्रयोच्चमुच्चैः सज० ॥ ८ ॥
यत्र भ्रातृप्रतिमा व्यधाच्चतुर्विंशति जिनप्रतिमाः ।
भरतः सात्मप्रतिमाः । सज० ॥ ९ ॥
स्वस्वाकृतिमिति वर्णांकवर्णितान् वर्तमान जिनबिंबान् ।
भरतोवर्णितवानिह । सज० ॥ १० ॥
सप्रतिमान्नवनवतिं । बंधुस्तूपांस्तथार्हत स्तूपं ।
यत्रारचयच्चक्री । सज० ॥ ११ ॥
भरतेन मोहसिंहं । हंतुमिवाष्टापदः कृताष्टपदः ।
शुशुभेऽष्टयोजनोयः । सज० ॥ १२ ॥
यस्मिन्ननेककोटयो । महर्षयो भरतचक्रवर्त्याद्याः ।
सिद्धिं साधितवंतः । सज० ॥ १३ ॥
सगर सुताग्रे सर्वार्थ शिवगतान् भरतवंश राजर्षीन् ।
यत्र सुबुद्धि रकथयत् । सज० ॥ १४ ॥
परिखा सागरमकरं । सागाराः सागराशया यत्र ।
परितो रक्षति कृतये । सज० ॥ १५ ॥
क्षालयतुमिवस्वैनों । जैनो यो गंगयाश्रितः परितः ।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

संततमुल्लोलकरैः सजः ॥ १६ ॥
यत्र जिनतिलकदाना द्दमंयत्याप कृतानुरूपफलं ।
भाल स्वभाव तिलकं । सज० ॥ १७ ॥
यमकूपारे कोपात् । क्षिपन्नलंवालिनांह्रिणाक्रम्य ।
आरावि रावणोऽरं । सज० ॥ १८ ॥
भुजतंत्र्या जिनमहक्कृ ल्लंकेंद्रो ऽवाप यत्र धरणेंद्रान् ।
विजयाऽमोघां शक्तिं । सज० ॥ १९ ॥
यत्रारिमपि वसंतं । तीर्थे प्रहरन् सुखेचरोपि स्यात् ।
वसुदेव मिवाऽविद्यः । सज० ॥ २० ॥
अचलेऽत्रोदयमचलं । स्वशक्ति वंदितजिनो जनो लभते । वीरो वर्णयदितियं । सज० ॥ २१ ॥
चतुरश्चतुरोऽष्टादश द्वौचाऽपाच्यादि दिक्षु जिनबिंबान् ।
यत्राऽवंदतगणभृत् । सज० ॥ २२ ॥
प्रभुभणित पुंडरीकाध्ययनाध्ययनात्सुरोऽत्रदशमोऽभूत् । दशपूर्वि पुंडरीकः । सज० ॥ २३ ॥
यत्र स्तुत जिननाथो ।
दीक्षित तापस शतानि पंचदश ।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

श्री गौतम गणनाथः । सज० ॥ २४ ॥

इत्यष्टापद पर्वत

इव योऽष्टापदमय श्चिरस्थायी ।

व्यावर्णि महातीर्थं ।

सजयत्यष्टापद गिरिशः ॥ २५ ॥

इति श्री अष्टापद कल्पः

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अथश्री गिरिनार गिरीश्वर कल्पः

वरधर्मकीर्तिविद्या—नंदमयो यत्र विनत देवेंद्रः ।
स्वस्तिश्री नेमिरसौ, गिरिनार गिरीश्वरो जयति. ॥ १ ॥
नेमिजिनो यदुराजी,—मतीत्यराजीमती त्यजनतोयं ।
शिश्राय शिवायासौ. गिरि० ॥ २ ॥
स्वामी छत्रशिलांते प्रव्रज्य यदुच्च शिरसि चक्राणः
ब्रह्माऽवलोकनमसौ. गि० ॥ ३ ॥
यत्र सहस्राम्रवणे केवलमाप्यादिशद्विभुर्धर्मं ।
लक्षारामे सोयं. गिरि० ॥ ४ ॥
निर्वृत्ति नितंबिनीवर नितंब सुखमाप यन्नितंबस्थः ।
श्री यदुकुलतिलकोऽयं. गिरि० ॥ ५ ॥
बुध्ध्वा कल्याण त्रय मिह कृष्णो रूप्यरुक्ममणिबिंबं ।
चैत्यत्रय मकृतायं. गिरि० ॥ ६ ॥
पविना हरि र्यदंत विंधाय विवरंव्यधाद्रजत चैत्यं ।
कांचन बलानकमयं. गि० ॥ ७ ॥
तन्मध्ये रत्नमयी प्रमाणवर्णान्वितां चकार हरिः ।
श्रीनेमे मूर्ति मसौ. गि० ॥ ८ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

स्वकृतैताद्बिंबयुतं । हरित्रिबिंबं सुरा समवसरणे ।
ऽन्यदधत यदंतरसौ. गि० ॥ ९ ॥
शिखरोपरि यत्रांबा ऽवलोकन शिरस्तुरंग मंडपके ।
शंबो बलानके सौ. गि० ॥ १० ॥
यत्र प्रद्युम्न पुरःसिद्धि विनायक सुरःप्रतीहारः ।
चिंतित सिद्धि करो सौ. गिरि० ॥ ११ ॥
तत्प्रतिरूपं चैत्यं । पूर्वाभिमुखं तु निर्वृति स्थाने ।
यत्र हरि श्चक्रेऽसौ. गि० ॥ १२ ॥
तीर्थेति स्मरणाद् यत्र याद्दवाःसप्त कालमेघाद्याः ।
क्षेत्रपतामापुरसौ. गि० ॥ १३ ॥
विभुमर्चंति मेघरवो बलानकं गिरिविदारण श्चक्रे ।
यत्र चतुर्द्वार मसौ. गि० ॥ १४ ॥
यत्र सहस्राम्र वणांतर स्तिरम्या सुवर्ण चैत्यानां ।
चतुरधिकविंशतिरयं. गि० ॥ १५ ॥
द्वासप्ततिर्जिनानां लक्षारामेस्ति यत्र तु गुहायां ।
सचतुर्विंशतिका सौ. गि० ॥ १६ ॥
वर्ष सहस्राद्धितयं प्रावर्त्तत यत्र किल शिवासूनोः ।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

लेप्यमयी प्रतिमासौ. गि० ॥ १७ ॥
लेपगमें बादेशात्प्रभु चैत्यंयत्र पश्चिमाभिमुखं ।
रतनोऽस्थापयतासौ. गि० ॥ १८ ॥
कांचन बलानकांतः समव सृते स्तंतुनेहाबिंबमिदं ।
रतनेनानीतमसौ. गि० ॥ १९ ॥
बौद्ध निषिद्धः संघो नेमिनतौ यत्र मंत्र गगनगतिं ।
जयचंद्र मादिशदसौ. गि० ॥ २० ॥
तारां विजित्य बौद्धा न्निहत्य देवानवंदयत् संघं ।
जयचंद्रोयत्रायं. गिरि० ॥ २१ ॥
नृपपुरतः क्षपणेभ्यः कुमार्युदित गाथयां बयार्पितयाः ।
श्री संघाय सदायं. गि० ॥ २२ ॥
नित्यानुष्ठानांत स्ततोनुसमयं समस्तसंघेन ।
यः पठ्यतेऽनिशमऽसौ. गि० ॥ २३ ॥
दीक्षा ज्ञान ध्यान व्याख्यान शिवाऽवलोकन स्थाने ।
प्रभु चैत्य पावितोऽसौ. गि० ॥ २४ ॥
राजीमति चंद्रदरी गजेन्द्रपदकुंड नागझर्यादौ ।
यःप्रभु मर्त्तियुतोऽयं. गि० ॥ २५ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

छत्राक्षर घंटां जन बिंदु शिवशिलादि यत्र हार्यस्ति ।
कल्याण कारणमयं. गि० ॥ २६ ॥
याकुडयमात्यसज्जन दंडेशाद्याआपि व्यधु र्यत्र ।
नेमि भवनोद्धृतिमसौ. गि० ॥ २७ ॥

कल्याणत्रय चैत्यं तेजःपालो न्यवीविशन्मंत्री ।
यन्मेखलागत मसौ. गि० ॥ २८ ॥
शत्रुंजय संमेताष्टापदतीर्थानि वस्तुपालस्तु ।
यत्र न्यवेशयद सौ. गि० ॥ २९ ॥
यःषड्विंशति विंशति षोडश दशक द्वियोजनाऽत्रशतं ।
अरषट्क उच्छ्रितोयं. गि० ॥ ३० ॥

अद्यापि सावधाना । विदधाना यत्र गीतनृत्यादि ।
देवाः श्रूयंतेऽसौ. गि० ॥ ३१ ॥

विद्या प्राभृतको द्धृत ।
पादलिप्तकृतो ज्जयंत कल्पादेः ।
इति वर्णितो मयाऽसौ ।
गिरिनार गिरीश्वरो जयति । ॥ ३२ ॥

इति श्री गिरिनार कल्पः । श्री रस्तु ।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

अथ श्री सम्मेतशिखर कल्पः

यद्भरता वनि वनिता विशाल भालस्थलस्य तिलकाभं ।
तद्भव समुद्रतीर्थं स्तवीमि संमेतगिरितीर्थं ॥ १ ॥
यो जिन मुनिचरणांबुज लभ्नरजो राजि राजित सुदेशः
किन्नर गणगीतयशाः सजयति संमेत गिरिराजः ॥२॥
यत्र बहु यति समेताः समेत्य शिवमगु रपेत कर्ममलाः
विंशति रजितादि जिनाः स ज० ॥ ३ ॥
तीर्थमिति यत्र कृत्वाऽनशनेन मुनींद्र शीलसन्नाहः ।
शिव माप विगतकर्मा स ज० ॥ ४ ॥
अपरै रपि बहुमुनिभिः सुखेन लोकाग्रमापि यत्रगतैः
चिरम प्रमेय महिमा स० ॥ ५ ॥
यत्र बहु जिन मुनीनां शिव महिमाऽकारि हारिणी हरिभिः ।
आनंदित भुवन जनः स० ॥ ६ ॥
सध्ध्यानमकंपतया तन्मित्रं साधवो मृगयमाणाः ।
श्रितवंतो यमनेके स० ॥ ७ ॥

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

कीर्त्तिस्तंभ सरूपः स्तूपगणः सुरकृतः सुमाणिरूपः

यत्र जिन शिवस्थाने स० ॥ ८ ॥

स्तूपगतचैत्यराजिषु रम्या अजितादि जिनपति प्रतिमा

यत्र सुरासुर पूज्याः स० ॥ ९ ॥

आसी दासीनादिम जिन मुनि पावितशिराः पुरा-

प्यजितात्। यः प्रथितस्तीर्थतया स० ॥ १० ॥

त्रिदिवादिपदारोहण सोपान समानतां भुवि दधाति।

अद्यापियो जनानां स० ॥ ११ ॥

कुंडजल प्रतिबिंबित चैत्यततिं यत्र कुसुम मोचनतः।

पूजयति संघलोकः स० ॥ १२॥

इह समवसरण मिह देशनेह मुक्ति रिति जिनपद-

पवित्राः। रमयंति यत्र देशाः स० ॥ १३ ॥

रंगदभंगुर संवेग रंगिणो यत्र किल कुरंगाद्याः।

मुनिसंगा द्दिवमापुः स० ॥ १४ ॥

यत्र तपो जिनपूजा नशनादिकृतं विशाल फलमल्पं।

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

तीर्थानुभावतः स्यात् स० ॥ १५ ॥

सम्मेततीर्थ मिति यो ।
देवेंद्र मुनींद्र वंदितं विदितं ॥
भक्त्या स्तवीति वीता-
पदमच्युत पदमसौ लभते ॥ १६ ॥

इति श्री संमेतशिखर कल्पः

कषायतापार्दित जंतु निर्वृतिं
करोति यो जैन मुखां बुदोद्गतः
सशुक्रमासोद् भववृष्टिसंनिभो
दधातु तुष्टिं मयि विस्तरो गिरां

———

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi

CC0.In Public Domain. Digitized by Sarayu Trust/eGangotri

Ganesh Varni Digambar Jain Institute, Naria, Varanasi